અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : ૧૫ એપ્રિલ ૨૦૨૫, મંગળવાર
વિક્રમ સંવત ૨૦૮૧, ચૈત્ર વદ ૨
વર્ષ : ૧૬
અંક : ૨૮૨
તંત્રી : પટેલ સુરેશ રમણલાલ
અમદાવાદ
કિંમત : રૂા. ૨.૦૦
પાના : ૮

ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. મો. : ૯૯૯૮૮ ૫૦૯૯૨ e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886

### વક્ફ બિલના બહાને વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કોંગ્રેસને આડેહાથ લીધી

## સહાનુભૂતિ હોય તો કોંગ્રેસ કોઈ મુસ્લિમને અધ્યક્ષ બનાવે : પીએમ મોદી

### વક્ફના નામે લાખો હેક્ટર જમીન છે, જો વક્ફ મિલકતોનો લાભ જરૂરિયાતમંદોને આપવામાં આવ્યો હોત તો તેમને ફાયદો થયો હોત : મોદી








। (એજન્સી) ચંદીગઢ, તા.૧૪ ।

ભીમરાવ આંબેડકરની જન્મજયંતિ પર, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે હરિયાણાના હિસાર સ્થિત પ્રથમ એરપોર્ટથી હિસાર-અયોધ્યા ફલાઈટને લીલી ઝંડી બતાવી અને ટર્મિનલનો શિલાન્યાસ પણ કર્યો. આ દરમિયાન, એક જાહેર સભાને સંબોધિત કરતી વખતે, પીએમ મોદીએ કોંગ્રેસ પર જોરદાર પ્રહારો કર્યા. તેમણે કહ્યું કે કોંગ્રેસે સત્તા મેળવવા માટે બંધારણને હથિયાર બનાવ્યું. જ્યારે પણ તેમને લાગ્યું કે સત્તા તેમના હાથમાંથી સરકી રહી છે, ત્યારે તેમણે બંધારણને કચડી નાખ્યું, જેમ તેમણે કટોકટી દરમિયાન કર્યું હતું. બંધારણની ભાવના સ્પષ્ટપણે જણાવે છે કે બધા નાગરિકો માટે એક સમાન નાગરિક સંહિતા હોવી જોઈએ, જેને હું ધર્મનિરપેક્ષ નાગરિક સંહિતા કહું છું. પરંતુ કોંગ્રેસે ક્યારેય તેનો અમલ કર્યો નહીં.

પ્રધાનમંત્રીએ કહ્યું કે કોંગ્રેસે બાબા સાહેબ આંબેડકર સાથે જે કર્યું તે આપણે ક્યારેય ન ભૂલવું જોઈએ. જ્યારે તેઓ જીવતા હતા, ત્યારે કોંગ્રેસ દ્વારા તેમનું વારંવાર અપમાન કરવામાં આવ્યું હતું. તેમણે તેમને બે વાર ચૂંટણીમાં હરાવ્યા. કોંગ્રેસ તેમને હાંકી કાઢવા માંગતી હતી, તેમણે તેમને સિસ્ટમથી દૂર રાખવાનું કાવતરું ઘડ્યું. તેમના મૃત્યુ પછી, તેઓએ તેમની યાદોને પણ ભૂંસી નાખવાનો પ્રયાસ કર્યો. બાબા સાહેબ સમાનતાના પક્ષમાં હતા, પરંતુ કોંગ્રેસે દેશભરમાં વોટ બેંકની રાજનીતિનો વાયરસ ફેલાવ્યો. પીએમ મોદીએ એવો પણ પ્રશ્ન કર્યો કે કોંગ્રેસ શા માટે મુસ્લિમને




પોતાના પ્રમુખ તરીકે નિયુક્ત કરતી નથી અને શા માટે તે મુસ્લિમ ઉમેદવારો માટે ૫૦ ટકા ચૂંટણી ટિકિટ અનામત રાખતી નથી. પીએમ મોદીએ કહ્યું કે કોંગ્રેસે ફક્ત કેટલાક કટ્ટરપંથીઓને ખુશ કર્યા છે. સમાજનો બાકીનો ભાગ દુઃખી, અશિક્ષિત અને ગરીબ રહ્યો. કોંગ્રેસની આ દુષ્ટ નીતિનો સૌથી મોટો પુરાવો વકફ એક્ટ છે. પ્રધાનમંત્રીએ વધુમાં કહ્યું કે હવે નવા વકફ કાયદા હેઠળ, આ વકફ બોર્ડ ભારતના કોઈપણ ખૂણામાં કોઈપણ આદિવાસીની જમીન કે મિલકતને સ્પર્શ કરી શકશે નહીં. નવી જોગવાઈઓ વકફની પવિત્ર ભાવનાનું સન્માન કરશે.

મોદીએ કહ્યું કે દેશભરમાં વકફના નામે લાખો હેક્ટર જમીન છે. આ ભૂમિ ગરીબ, લાચાર મહિલાઓ અને બાળકોને લાભ આપતી હોવી જોઈતી હતી. જો આજે તેનો પ્રામાણિકપણે ઉપયોગ થયો હોત, તો મુસ્લિમોને પંચર થયેલી સાયકલ રિપેર કરવાની જરૂર ન પડી હોત. આનો ફાયદો ફક્ત જમીન માફિયાઓને જ થયો. આ માફિયાઓ આ કાયદા દ્વારા ગરીબોની જમીન લૂંટી રહ્યા હતા. સેંકડો વિધવા મુસ્લિમ મહિલાઓએ ભારત સરકારને પત્રો લખ્યા, ત્યારે જ સરકારે આ ફેરફાર કર્યો. અમે ખૂબ સારું કામ કર્યું છે, અમે આ વકફ કાયદામાં બીજી જોગવાઈ કરી છે.

પીએમ મોદીએ કહ્યું કે કોંગ્રેસે આ દેશમાં SC, ST અને પછાત જાતિઓને બીજા વર્ગના નાગરિક ગણાવ્યા છે. કોંગ્રેસના નેતાઓ સ્વિમિંગ પુલ જેવી સુવિધાઓનો આનંદ માણતા હતા, પરંતુ ગામડાઓમાં દર ૧૦૦ ઘરોમાંથી ફક્ત ૧૬ ઘરોમાં જ પાઈપલાઈન દ્વારા પાણીની સુવિધા હતી અને સૌથી વધુ અસરગ્રસ્ત લોકો SC, ST અને પછાત જાતિના લોકો હતા. ફક્ત ૬-૭ વર્ષમાં, અમારી સરકારે ૧૨ કરોડથી વધુ ગ્રામીણ પરિવારોને પાણીના કનેક્શન પૂરા પાડ્યા છે. હવે, દર ૧૦૦ ગ્રામીણ ઘરોમાંથી ૮૦ ઘરોને સ્વચ્છ પાણીની સુવિધા મળે છે, અને અમે આ સંખ્યા ૧૦૦ ટકા સુધી લઈ જવા માટે પ્રતિબદ્ધ છીએ.

પ્રધાનમંત્રી મોદીએ જાહેર સભામાં કહ્યું કે કર્ણાટક સરકારે SC, ST અને પછાત વર્ગોના અધિકારો છીનવી લીધા અને ધર્મના આધારે અનામત આપી. પરંતુ બાબા સાહેબ આંબેડકરે સ્પષ્ટ કહ્યું હતું કે ધર્મના આધારે અનામત આપવામાં આવશે નહીં. કોંગ્રેસની તુષ્ટિકરણની રાજનીતિએ મુસ્લિમ સમુદાયનું કોઈ ભલું કર્યું નથી, પરંતુ તેમને ફક્ત નુકસાન જ પહોંચાડ્યું છે. કોંગ્રેસ ફક્ત કેટલાક કટ્ટરપંથીઓને ખુશ કરવા માટે કામ કરતી હતી.

### ૨૬/૧૧ના એટેકમાં દાઉદની પણ ભૂમિકા વિશે તહવ્વુર રાણાની પૂછપરછ




। નવી દિલ્હી, તા.૧૪ ।

૨૬/૧૧ના મુંબઈ હુમલાના મુખ્ય કાવતરા ખોરોમાંના એક તહવ્વુર રાણાની દિલ્હીમાં એનઆઈએ દ્વારા પૂછપરછ કરવામાં આવી રહી છે. પૂછપરછના ત્રીજા દિવસ દરમ્યાન દાઉદ ઈબ્રાહિમ સાથેના તેના સંપર્કો, ડેવિડ હેડલી સાથેના તેના ફોન કોલ્સ અને ૨૦૦૫ માં શરૂ થયેલા હુમલાના કાવતરા વિશે પ્રશ્નો પૂછવામાં આવ્યા હતા. તપાસમાં દુબઈના એક વ્યક્તિનું નામ પણ બહાર આવ્યું છે, જેના પર દાઉદ ઈબ્રાહિમ સાથે સંબંધો હોવાની શંકા છે. એનઆઈએ રાણાના લશ્કર-એ-તૈયબા સાથેના સંબંધોની પણ તપાસ કરી રહી છે. એનઆઈએ તહવ્વુર રાણાની ફોન વાતચીતના રેકોર્ડની તપાસ કરી રહી છે. આમાંના મોટાભાગના કોલ્સ અન્ય આરોપી ડેવિડ હેડલી સાથેના છે. કેન્દ્રીય તપાસકર્તાઓને શંકા છે કે આ ફોન વાતચીતમાં દાઉદની સંડોવણીના સંકેતો હોઈ શકે છે. એનઆઈએના અનુમાન મુજબ મુંબઈ હુમલાનું આયોજન ૨૦૦૫થી કરવામાં આવી રહ્યું હતું. રાણા પણ તે યોજનાનો એક ભાગ હતો. હેડલીની તેની સાથેની ફોન વાતચીતની પણ તપાસ કરવામાં આવી રહી છે. આ માહિતી એક જ સ્ત્રોતમાંથી એકત્રિત કરવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે. એનઆઈએ એ સ્પષ્ટપણે શોધવાનો પ્રયાસ કરી રહી છે કે મુંબઈ હુમલાનું આયોજન કોણ કરી રહ્યું હતું અને પડદા પાછળ કોણ કામ કરી રહ્યું હતું.

## ગુજરાતના દરિયાકાંઠે ૧૮૦૦ કરોડના ડ્રગ્સ સાથે બોટ ઝડપાઈ

### ગુજરાત અને મહારાષ્ટ્ર વચ્ચેના દરિયાઈ વિસ્તારમાં આંતરરાષ્ટ્રીય દરિયાઈ સીમા રેખા નજીક ૧૩મી એપ્રિલની રાત્રે બોટને અટકાવવામાં આવી હતી



। (એજન્સી) ગાંધીનગર, તા.૧૪ ।

ગુજરાત પણ ડ્રગ્સની હેરફેર માટેનો અડ્ડો બની ગયો હોય તેવું લાગે છે. હવે દરિયાકાંઠેથી આશરે ૧૮૦૦ કરોડ રૂપિયાનું ડ્રગ્સ ભરેલી એક બોટ પકડી પાડવામાં આવી છે.

ઈન્ડિયન કોસ્ટ ગાર્ડ (ICG) અને ગુજરાતના એટીએસની સંયુક્ત કાર્યવાહીમાં આ ઓપરેશન પાર પડાયું છે. માહિતી મુજબ લગભગ ૩૦૦ કિલોગ્રામ જેટલો ડ્રગ્સ બોટમાંથી મળી આવ્યો હતો.અહેવાલો અનુસાર, ભારતીય કોસ્ટ ગાર્ડ અને એન્ટી ટેરરિસ્ટ સ્ક્વોડએ ગુજરાત અને મહારાષ્ટ્ર વચ્ચે અરબી સમુદ્રમાં ૧૮૦૦ કરોડ રૂપિયાના ડ્રગ્સ ભરેલી બોટ જપ્ત કરવામાં આવી છે. આ કાર્યવાહી દરમિયાન ૩૦૦ કિલો મેફેડ્રોન (MD) ડ્રગ્સ જપ્ત કરવામાં આવ્યું હતું. ગુપ્ત માહિતીના આધારે શરૂ કરાયેલા આ ઓપરેશનમાં ICG એ પોતાના જહાજો અને વિમાનોને તૈનાત કર્યા હતા.કોસ્ટગાર્ડ અને એટીએસનું ઓપરેશન મોડી રાત સુધી ચાલુ રહ્યું. કોસ્ટ ગાર્ડની સ્પીડ બોટ અને જહાજોએ શંકાસ્પદ બોટને ઘેરી લીધી અને પકડી લીધી. ગુજરાત અને મહારાષ્ટ્ર વચ્ચેના દરિયાઈ વિસ્તારમાં આંતરરાષ્ટ્રીય દરિયાઈ સીમા રેખા (IMBL) નજીક ૧૩મી એપ્રિલની રાત્રે બોટને અટકાવવામાં આવી હતી.

### રાહુલ ગાંધીએ બાબા સાહેબને અર્પિત કરી શ્રદ્ધાંજલિ

## રાષ્ટ્રપતિ, પીએમ મોદીએ બાબા સાહેબને અર્પિત કરી શ્રદ્ધાંજલિ

### બાબા સાહેબ આંબેડકર જીવનભરના સંઘર્ષ અને બંધારણના મુસદ્દામાં મહત્વપૂર્ણ ભૂમિકા માટે જાણીતા છે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૪ ।

બાબા સાહેબ આંબેડકરને તેમની જન્મજયંતિ પર દરેક વ્યક્તિ યાદ કરી રહ્યા છે. આ પ્રસંગે રાષ્ટ્રપતિ મુર્મુ, પીએમ મોદીથી લઈને રાહુલ ગાંધી સુધીના તમામ નેતાઓએ બાબા સાહેબને શ્રદ્ધાંજલિ આપી હતી. આંબેડકર જયંતિ નિમિત્તે, દેશના રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ સંસદ સંકુલમાં પ્રેરણા સ્થળ ખાતે ડૉ. બીઆર આંબેડકરને શ્રદ્ધાંજલિ આપી. ભીમ રાવ આંબેડકરને તેમની જન્મજયંતિ પર શ્રદ્ધાંજલિ આપતા વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સોમવારે કહ્યું કે બાબા સાહેબની પ્રેરણાને કારણે જ દેશ આજે સામાજિક ન્યાયના સ્વપ્નને સાકાર કરવા માટે સમર્પિત છે. પીએમ મોદીએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ 'X' પર કહ્યું કે આંબેડકરના સિદ્ધાંતો અને



વિચારો 'આત્મનિર્ભર' અને વિકસિત ભારતના નિર્માણને મજબૂત અને વેગ આપશે. પીએમ મોદીએ કહ્યું, "તમામ દેશવાસીઓ વતી, ભારત રત્ન પૂજ્ય બાબાસાહેબને તેમની જન્મજયંતિ પર કરોડો વંદન. તેમની પ્રેરણાને કારણે જ આજે દેશ સામાજિક ન્યાયના સ્વપ્નને સાકાર કરવામાં સમર્પિત છે. તેમના સિદ્ધાંતો અને આદર્શો આત્મનિર્ભર અને વિકસિત ભારતના નિર્માણને શક્તિ અને ગતિ આપશે." કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જૂન ખડગેએ જણાવ્યું હતુ કે બાબા સાહેબ ડૉ. આંબેડકરે આપણને ભારતનું બંધારણ આપ્યું - જે ન્યાય, સ્વતંત્રતા, સમાનતા અને બંધુત્વના લોકશાહી મૂલ્યો પર આધારિત છે - જે સામાજિક ન્યાય અને સમાવેશી વિકાસ માટે સૌથી શક્તિશાળી સાધન છે. તેમણે દેશની પ્રગતિ અને એકતા માટે સમાવેશકતાને પોતાનું અંતિમ કર્તવ્ય ગણાવ્યું અને બધાના અધિકારોનું રક્ષણ કરવા પર ભાર મૂક્યો. તેમની ૧૩૫ મી જન્મજયંતિ પર, અમે સામાજિક પરિવર્તન અને સામાજિક ન્યાયના તેમના વિચારો પ્રત્યેની અમારી અતૂટ પ્રતિબદ્ધતાનો પુનરોચ્ચાર કરીએ છીએ.

### વક્ફ કાયદા અંગે કોંગ્રેસ સાંસદ ઈમરાન મસૂદનું નિવેદન

। (એજન્સી) લખનૌ, તા.૧૪ ।

ઉત્તર પ્રદેશના સહારનપુરથી કોંગ્રેસ સાંસદ ઈમરાન મસૂદનો એક વીડિયો વાયરલ થયો હતો. આ વીડિયોમાં ઈમરાન મસૂદ વક્ફ બિલ અંગે કહી રહ્યા છે કે, જો મસ્જિદો નહીં હશે તો નમાઝ ક્યાં અદા કરવામાં આવશે? જો કબ્રસ્તાન નહીં હશે તો મૃતદેહોને ક્યાં દફનાવવામાં આવશે? ઈદગાહની વાત તો બાજુ પર જ રાખો, જો અમે સત્તામાં આવીશું તો વક્ફ બિલને એક જ કલાકમાં ઉખાડી ફેંકીશું. આ વીડિયો વાયરલ થતાં જ રાજકીય વિવાદ ઊભો થઈ ગયો છે. હવે આ નિવેદન અને વિવાદ પર ઈમરાન મસૂદે સ્પષ્ટતા આપી છે. ઈમરાન મસૂદે કહ્યું કે, મેં કોઈને ચેતવણી નથી આપી.

### રૂપિયા ૧૩,૫૦૦ કરોડની PNB બેન્ક લોન

## કૌભાંડના આરોપી ભાગેડું મેહુલ ચોક્સીની બેલ્જિયમમાં ધરપકડ

### લોન ફ્રોડ કેસ પ્રકાશમાં આવે તે પહેલા જ મેહુલ ચોક્સી જાન્યુઆરી ૨૦૧૮માં તેના ભત્રીજા નીરવ મોદી સાથે ભારત છોડી ભાગી ગયો હતા

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૪ ।

૧૩૫૦૦ કરોડ રૂપિયા PNB બેન્ક લોન કૌભાંડના આરોપી મેહુલ ચોકસીની બેલ્જિયમમાં ધરપકડ કરવામાં આવી છે. ભારતીય એજન્સીઓ દ્વારા મેહુલ ચોકસીને બેલ્જિયમમાં ટ્રેસ કરાયો હતો. તે છેલ્લે વર્ષ ૨૦૨૧ના અંતે એન્ટીગુઆથી ભાગીને બેલ્જિયમ નાસી ગયો હતો. અહેવાલ અનુસાર, હીરાના વેપારી રહી ચૂકેલા ૬૫ વર્ષીય ચોક્સીની સેન્ટ્રલ બ્યુરો ઓફ ઈન્વેસ્ટિગેશન (CBI)ની અપીલ બાદ શનિવારે (૧૨મી એપ્રિલ, ૨૦૨૫)ના રોજ



ધરપકડ કરવામાં આવી હતી અને તે હજુ પણ જેલમાં છે. હવે તેના પ્રત્યાર્પણની તૈયારીઓ કરવામાં આવશે. જો કે, તેનો વકીલ તબીયત અને અન્ય બહાનાઓ થકી કોર્ટમાં જામીન મેળવવા વલખાં મારી રહ્યો છે.મેહુલ ચોક્સીએ પંજાબ નેશનલ બેંક સાથે ૧૩,૫૦૦ કરોડ રૂપિયાની લોન છેતરપિંડી કરી હતી. છેતરપિંડી કર્યા પછી ચોક્સી ધરપકડથી બચવા માટે ભારતથી બેલ્જિયમ ભાગી ગયો હતો. અહીં તે તેની પત્ની પ્રીતિ ચોક્સી સાથે એન્ટવર્પમાં રહેતો હતો કારણ કે પ્રીતિ ચોક્સી પાસે બેલ્જિયમની નાગરિકતા છે. એવું કહેવામાં આવી રહ્યું હતું કે તેની પાસે બેલ્જિયમમાં 'એફ રેસિડેન્સી કાર્ડ' હતું અને તે સારવાર માટે એન્ટિગુઆથી બેલ્જિયમ આવ્યો હતો. પંજાબ નેશનલ બેંક લોન ફ્રોડ કેસ પ્રકાશમાં આવે તે પહેલા જ મેહુલ ચોક્સી જાન્યુઆરી ૨૦૧૮માં તેના ભત્રીજા નીરવ મોદી સાથે ભારત છોડી ભાગી ગયો હતો.

### RBI એ નાણાકીય જાગૃત્તિ લાવવા વોટ્સએપ ચેનલ લોન્ચ કરી

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૪ ।

રિઝર્વ બેન્ક ઓફ ઈન્ડિયાએ હાલમાં જ નાણાકીય માહિતી લોકો સુધી સરળતાથી પહોંચાડવા માટે સત્તાવાર ધોરણે વોટ્સએપ ચેનલ લોન્ચ કરી છે. આરબીઆઈ મારફત મહત્ત્વપૂર્ણ બેકિંગ અપડેટ તથા નાણાકીય સમાચારોને સરળતાથી લોકો સુધી પહોંચાડવા આ પહેલ હાથ ધરાઈ છે. જેથી અંતરિયાળ ગામોમાં લોકોને નાણાકીય બાબતોમાં સક્ષમ બનાવી શકાય. દેશભરના લોકો આરબીઆઈ દ્વારા રજૂ કરવામાં આવેલા ક્યુઆર કોડ સ્કેન કરી ચેનલમાં જોડાઈ શકે છે. રિઝર્વ બેન્ક ઓફ ઈન્ડિયાએ વોટ્સએપ પર પોતાના વેરિફાઈડ એકાઉન્ટ પરથી મહત્ત્વપૂર્ણ નાણાકીય બાબતો અને માહિતી પ્રત્યેક વ્યક્તિ સુધી પહોંચાડવાની ખાતરી કરી છે.

### સૌથી વધુ ખેતીની જમીન

## વક્ફ વિરુદ્ધની હિંસાથી ગ્રસ્ત મુર્શિદાબાદ જિલ્લામાં ૪૫૦૦ જેટલી વર્ક્સ પ્રોપર્ટી

। (એજન્સી) કોલકત્તા, તા. ૧૪ ।

પશ્ચિમ બંગાળનો મુર્શિદાબાદ જિલ્લો વક્ફ એમેન્ડમેન્ટ એક્ટ વિરુદ્ધ હિંસાથી સૌથી વધુ પ્રભાવિત છે. ખાસ વાત એ છે કે અહીં લગભગ ૪,૫૦૦ વક્ફ પ્રોપર્ટી છે. જેમાં મોટાભાગની ખેતીની જમીન હોવાનું વહીવટી સૂત્રોએ જણાવ્યું હતું. આ અંદાજે એક લાખ એકર જમીન હશે. એવો આક્ષેપ છે કે સ્થાનિક રીતે પ્રભાવશાળી લોકોએ તેમાંથી ૫૫૦ મિલકતો પર કબજો કરી લીધો છે. મહત્વનું છે કે સુધારેલા વક્ફ કાયદાને લઈને મુર્શિદાબાદમાં ભારે હિંસા પ્રવર્તી રહી છે. રાજ્ય વક્ફ બોર્ડના સભ્ય અને જિલ્લાના જંગીપુરના તૃણમૂલ સાંસદ ખલીલુર રહેમાને જણાવ્યું હતું કે વક્ફ મિલકત પર અતિક્રમણ કરવામાં આવી રહ્યું છે. તેમણે એ પણ સ્વીકાર્યું કે તૃણમૂલ કોંગ્રેસના કેટલાક લોકોની પણ અતિક્રમણમાં ભૂમિકા છે. તેમણે એમ પણ કહ્યું કે રાજ્ય સરકાર અને વક્ફ બોર્ડ અતિક્રમણને દૂર કરવાનો પ્રયાસ કરી રહી છે. હિંસા વચ્ચે તૃણમૂલ કોંગ્રેસ (TMC) સાંસદ પોતાનો ગુસ્સો ગુમાવી બેઠા હતા. દક્ષિણ ૨૪ પરગણા જિલ્લાના મથુરાપુરના ટીએમસી સાંસદ બાપી હલદરે કહ્યું કે જો કોઈ વક્ફ પ્રોપર્ટી પર નજર નાખે તો તેની આંખો કાઢી લેવી જોઈએ. તેણે હાથ-પગ તોડી નાખવાની ધમકી આપી હતી.

### વહીવટી તંત્ર પર ફુટ્યો રોષ

# નિકોલમાં રસ્તા પર ગટરના પાણી ભરાવાની સમસ્યા

**લોકોએ કોર્પોરેશનની ઓફિસમાં જઈને રજૂઆત કરી અને એડિશનલ કમિશનર સ્થળ પર પણ મુલાકાત લીધી હતી**

। (એજન્સી) અમદાવાદ, તા.૧૪ ।
અમદાવાદના નિકોલ વિસ્તારમાં ગોપાલ ચોક ખાતે પાણી ભરાવાની સમસ્યાનો હજુ સુધી કોઈ નિકાલ નથી આવ્યો. દ્રશ્યો જોઈને લાગતું હશે કે, આ તો વરસાદનું પાણી ભરાયું હશે પણ ના આ જે પાણી ભરાયું છે તે ગટરના પાણી છે. અહીંયા ડ્રેનેજના પાણી એવા ફરી વળ્યા છે કે, લોકોને ચાલવામાં હેરાનગતિ થઈ રહી છે. હવે જો આ સમસ્યાની વાત કરીએ તો, આ સમસ્યા સતત ચાર દિવસથી ચાલતી આવી રહી છે. ગોપ ાલ ચોક ખાતેના રહેવાસીઓએ આ સમસ્યા અંગે ઘણી રજૂઆત કરી અને ઉગ્ર પ્રદર્શન પણ કર્યું તેમ છતાંય આ સમસ્યાનો કોઈ નિવેડો આવ્યો નથી. લોકોએ કોર્પોરેશનની ઓફિસમાં જઈને રજૂઆત કરી અને એડિશનલ કમિશનર સ્થળ પર પણ મુલાકાત લીધી હતી. આ તમામ પ્રયાસો બાદ પણ તંત્ર દ્વારા કોઈ જ સમાધાન લાવવામાં આવ્યું નથી.

### પાટણ અને ડીસામાં ગમખ્વાર અકસ્માત

# બાઈક-ટ્રેલર વચ્ચે થયેલા અકસ્માતમાં દંપતીનું મોત

। (એજન્સી) પાટણ, તા.૧૪ ।
ગુજરાતના પાટણ જિલ્લાના ચાણસ્મામાં બાઈક અને ટ્રેલર વચ્ચે ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. બાઈક પર સવાર દંપતી અને તેમની બાળકી બહુચરાજી દર્શન કરીને પરત ફરી રહ્યા હતા, ત્યારે ટ્રેલરે અડફેટે લીધા હતા. જેમાં દંપતીનું ઘટનાસ્થળે જ મોત નીપજ્યું હતું. જ્યારે બાળકીને ગંભીર પહોંચી હતી. ઘટનાને પગલે પોલીસ ઘટનાસ્થળે પહોંચીને આગળની કાર્યવાહી હાથ ધરી છે. જ્યારે બનાસકાંઠાના ડીસામાં એક્ટિવા ચાલક મહિલાએ કાબૂ ગુમાવતા બ્રિજ પરથી નીચે પટકાતા મોત નીપજ્યું હતું. મળતી માહિતી મુજબ, ચાણસ્મા તાલુકાના કારોડા ગામ નજીક બાઈક અને ટ્રેલર વચ્ચે અકસ્માત સર્જાયો હતો. ટ્રેલરે સ્ટેરિંગપર પર કાબૂ ગુમાવતા સામે આવી રહેલા બાઈક ચાલકને અડફેટે લીધા હતા. ઘટનામાં પાટણના ચારિયાના રહેવાસી અર્જુન મોદી અને ચંદાબહેનનું ઘટનાસ્થળે જ મોત નીપજ્યું હતું.

# અમદાવાદમાં છરીના ઘા ઝીંકી યુવકને મોતને ઘાટ ઉતાર્યો

। (એજન્સી) અમદાવાદ, તા.૧૪ ।
અમદાવાદના વધુ એક યુવકની હત્યાની ઘટના સામે આવી છે. વાસ્તવમાં અમદાવાદના વટવા વિસ્તારમાં એક યુવકની છરીના ઘા ઝીંકી હત્યા કરી દેવાતાં ખળભળાટ મચી ગયો છે. ઘટના ને લઈ મૃતકના પરિવારજનો ઘેરા શોકમાં ગરકાવ થઈ ગયા છે. આ તરફ ઘટનાની જાણ થતાં જ વટવા પોલીસ દ્વારા આરોપીને ઝડપી પાડવા કવાયત શરૂ કરી છે. નોંધનીય છે કે, આ પહેલા પણ અમદાવાદમાં હત્યાના બનાવો સામે આવી ચૂક્યા છે. મેટ્રોસિટી અમદાવાદના વટવા વિસ્તારમાં એક યુવકની હત્યાની ઘટના સામે આવતા ચકચાર મચી ગઈ છે. વટવા વિસ્તારમાં સદભાવના ચાર માળિયા પાસે એક યુવકની છરીના ઘા ઝીંકી હત્યા કરી દેવાઈ છે.

### કંપની બળીને ખાખ થઈ ગઈ

# અંકલેશ્વરની પાનોલી GIDCની જલ એકવા કંપનીમાં લાગી ભીષણ આગ

। (એજન્સી) અંકલેશ્વર, તા. ૧૪ ।
હાલ ઉનાળાની શરૂઆત થઈ ચૂકી છે. અને કાળઝાળ ગરમી પડી રહી છે. ત્યારે અવાર નવાર જગ્યાએ આગના બનાવો સામે આવતા હોય છે. ત્યારે આવો જ એક બનાવ સામે આવ્યો છે. અંકલેશ્વરની પાનોલી ઔદ્યોગિક વસાહતમાં એક મોટી દુર્ઘટના સર્જાઈ હતી. અંકલેશ્વરની પાનોલી જીઆઈડીસીમાં આવેલી જલ એકવા કંપનીમાં અચાનક આગ લાગતા દૂર દૂર સુધી આગના ગોટા જોવા મળ્યા હતા,આગે એટલું વિકરાળ સ્વરૂપ ધારણ કર્યુ કે,ફેકટરી બળીને ખાખ થઈ ગઈ છે, ઘટનાની જાણ થતાં જ અંકલેશ્વર અને પાનોલી ડીપીએમસીના કુલ ૮ ફાયરના વાહનો તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચ્યા હતા. અંકલેશ્વરની પાનોલી


GIDCમાં આવેલ જલ એકવા કંપનીમાં અચાનક આગ લાગતા દૂર દૂર સુધી આગના ગોટા જોવા મળ્યા હતા, આગે એટલું વિકરાળ સ્વરૂપ ધારણ કર્યુ કે, કંપની બળીને ખાખ થઈ ગઈ છે, સુરક્ષાની

દૃષ્ટિએ કંપની તરફ જતા માર્ગને કોર્ડન કરી દેવામાં આવ્યો છે. ફાયર બ્રિગેડની ટીમ આગ પર કાબૂ મેળવવાના પ્રયાસો હાથ ધર્યા હતા. રાહતની વાત એ છે કે, આગ લાગતાની સાથે જ કંપનીના તમામ કર્મચારીઓ સુરક્ષિત રીતે બહાર નીકળી ગયા હતા. પોલીસે પણ ઘટના સ્થળે જઈને વધુ તપાસ હાથ ધરી છે.

ફાયર વિભાગની ૧૦થી વધુ ગાડીઓ આગને કાબુમાં લેવાનો પ્રયત્ન કરી રહી છે. આગને લઈ મેજર કોલ જાહેર કરાયો છે, આગ હજી પણ બેકાબુ છે. આ ઘટનામાં કોઈ દુર્ઘટના સર્જાઈ નથી અને કોઈ ઈજાગ્રસ્ત પણ થયું નથી,ફાયર વિભાગના ઉચ્ચ અધિકારીઓ પણ ઘટના સ્થળે છે, આગ કેમ લાગી તેનું કારણ અકબંધ છે.

# વડોદરાના જેતલપુરમાં એક સપ્તાહથી પાણી માટે વલખાં

। (એજન્સી) વડોદરા, તા.૧૪ ।
સ્માર્ટ સિટી વડોદરામાં ઉનાળાના પ્રારંભ સાથે પાણીની સમસ્યાથી ત્રસ્ત લોકો વિરોધ પ્રદર્શન યોજવા સાથે કોર્પોરેશનની કચેરીઓએ મોરચો લઈ પહોંચી રહ્યા છે. તેવામાં વધુ એક વિસ્તારમાં પાણીનો કકળાટ જોવા મળ્યો છે. શહેરના જેતલપુર રોડ પર આવેલી અંબિકા મીલની ચાલીના રહેવાસીઓ પાછલા એક સપ્તાહથી પીવાના પાણી માટે વલખા મારી રહ્યા છે. જેથી લોકોને રૂપિયા ખર્ચીને પાણીના ટેક્રો મંગાવવાની ફરજ પડી રહી છે. ગુસ્સે ભરાયેલા સ્થાનિકોએ ચીમકી ઉચ્ચારી છે કે, જો પીવાના પાણીની સમસ્યાનો ઉકેલ વહેલીતકે નહીં આવે તો સ્થાનિક સ્વરાજની ચૂંટણીનો બહિષ્કારની કરવામાં આવશે.

અંબિકા મીલની ચાલીમાં પુરતા પ્રમાણામાં પાણી આવતું નથી, અને જે આવે છે તે પીળાશ પડતું અને દુર્ગંધ મારતું આવતું હોવાનો આક્ષેપ છે. અનેક રજૂઆતો કરવા છતાં સમસ્યાનો ઉકેલ ન આવતા સ્થાનિક લોકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. જેથી આગામી સમયમાં યોજાનાર સ્થાનિક સ્વરાજની ચૂંટણીમાં આ વિસ્તારના મતદારોએ પાણીની સમસ્યાનો ઉકેલ ન આવે તો મતદાન નહીં કરવાનો નિર્ણય લીધો છે. રહીશોનું કહેવું છે કે તેમને નિયમિત અને પૂરતા પ્રમાણમાં પીવાનું શુદ્ધ પાણી મળતું નથી.જેના કારણે ભારે મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે.

પાણીની તંગીના કારણે મહિલાઓ અને વૃદ્ધોને દૂરથી પાણી ભરી લાવવાની ફરજ પડે છે, તો બાળકો પણ નાની ડોલમાં પાણી ભરતીને ઘરે લઈ જતા જોવા મળે છે. પાણીની અછતના કારણે સ્થાનિક લોકોના રોજિંદા કામકાજ પર પણ અસર પડી રહી છે.

### ૧ મે ગુજરાત દિને કંઈક મોટું કરશે, જાહેર કર્યો પ્લાન

# કોંગ્રેસ બાદ AAPનો ગુજરાતમાં માસ્ટરસ્ટ્રોક

**વિસાવદરની ચૂંટણી બેટલ ગ્રાઉન્ડ બની છે, ત્યારે રાજકારણની પ્રયોગશાળા ગણાતી ગુજરાતની લેબોરેટરીમાં કેવા કેવા પ્રયોગો થશે તે જોવુ રહ્યું**

। (એજન્સી) વિસાવદર, તા.૧૪ ।
ગુજરાત મોડલનું બ્રાન્ડિંગ ભાજપે કર્યું હતું. હવે સ્થિતિ એવી છે કે, દેશની મોટાભાગની રાજકીય પાર્ટીઓ ગુજરાતમાં સક્રિય બની ગઈ છે. એક તરફ કોંગ્રેસે પરિવર્તનનું બ્યૂગલ ફૂંકી દીધું છે. તો બીજી તરફ, આમ આદમી પાર્ટી પણ ગુજરાતમાં સક્રિય બની ગઈ છે. તેમાં પણ વિસાવદરની પ ેટાચૂંટણી માટે માર્ગ મોકળો થતાં રાજકીય પ ક્ષો ગુજરાતમાં કૂદાકૂદ કરી રહ્યાં છે. આ વચ્ચે આમ આદમી પાર્ટીએ વિસાવદર ખાતે કાર્યકર્તા મહાસંમેલન યોજ્યું હતું. વિસાવદર ખાતે આમ આદમી પાર્ટીએ પ્રદેશ કાર્યકર્તા મહાસંમેલન યોજ્યું હતું. જેમાં ગુજરાતના પ્રભારી ગોપાલ રાય, સહ પ્રભારી ગુલાબસિંહ યાદવ, સહ પ્રભારી દુર્ગેશ પાઠક, પ્રદેશ પ્રમુખ ઈશુદાન ગઢવી, પ્રદેશ મહામંત્રી મનોજ સોરઠીયા અને વિસાવદરના ઉમેદવાર ગોપાલ ઈટાલીયા સહિતના નેતાઓ તથા મોટી સંખ્યામાં આપના કાર્યકર્તાઓ મહાસંમેલનમાં ઉપસ્થિત રહેશે. વિસાવદરમાં ભાજપના મુખ્યમંત્રીના કાર્યક્રમ બાદ બે જ દિવસમાં આમ આદમી પાર્ટીનો કાર્યક્રમ યોજાયો છે. વિસાવદરની પેટાચૂંટણી માટે માર્ગ મોકળો થતાં રાજકીય પક્ષો સક્રિય થયા છે. ત્યારે આમ આદમી પાર્ટીના પૂર્વ કેબિનેટ મંત્રી અને ગુજર-ાતના પ્રભારી ગોપાલ રાયે કહ્યું કે, આજે કાર્યકર્તા મહાસંમેલનમાં સંકલ્પ લેવાયો છે. ગુજરાતમાં ભાજપ સરકારના અત્યાચારને બદલવાનો છે, પરિવર્તનની લડાઈની આજથી શરૂઆત થઈ છે. આગામી દિવસોમાં ૨૬ લોકસભા અને ૧૮૨ વિધાનસભા બેઠક પર પ્રભારીની નિયુક્તિ કરવામાં આવશે, જે સંગઠન નિર્માણનું કામ કરશે. આવનાર સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓમાં ગુજરાતની તમામ બેઠકો પર આમ આદમી પાર્ટી ચૂંટણી લડશે. ભાજપના ડરના સામ્રાજ્યને બદલવા પરિવર્તન અભિયાન કરશે.

# અમરેલીમાં પુલની રેલિંગ કારની આરપાર ઘૂસી ગઈ

। (એજન્સી) અમરેલી, તા.૧૪ ।
રામ રાખે તેને કોણ ચાખે, આ વાક્યને સાર્થક કરતી ઘટના સામે આવી છે. અમરેલી જિલ્લાના સાવરકુંડલા તાલુકાના વીજપડી ગામના પુલ પર કારને ગમખ્વાર અકસ્માત નડ્યો હતો. જેમાં પુલની રેલિંગ કારની આરપાર ઘૂસી ગઈ હતી. આ ઘટનામાં કારમાં સવાર એક મહિલા સહિત ૫ લોકોનો ચમત્કારિક બચાવ થયો હતો. ઘટનાને પગલે વીજપડી રોડ ઉપર ટ્રાફિકજામના દ્રશ્યો સર્જાયા હતા. સતાધારથી મહુવા તરફ જતા કારચાલકે સ્ટેરીંગ પર કાબુ ગુમાવતા અકસ્માત સર્જાયો હતો. જેમાં પુલની રેલિંગ કારની આરપાર નીકળી ગઈ હતી. અકસ્માત જોતા ગામ લોકો માં ફફડાટ ફેલાયો હતો. લોકોના ટોળાં જોવા ઉમટી પડ્યા હતા. અકસ્માતની ઘટના વખતે કારમાં ૫ લોકો સવાર હતા. ઘટનાને પગલે સ્થાનિક લોકોએ કારમાં સવારે લોકોને બહાર કાઢીને નજીકના ખાનગી હોસ્પિટલમાં સારવાર માટે લઈ ગયા હતા.

# સાબરકાંઠામાં સામૂહિક આપઘાતનો પ્રયાસ કરાયો

। (એજન્સી) વડાલી, તા.૧૪ ।
સાબરકાંઠાના વડાલીમાં સામૂહિક આપઘાતના પ્રયાસનો બનાવ સામે આવતા ચકચાર મચી ગઈ. અહીં એક જ પરિવારના પાંચ સભ્યોએ અગમ્ય કારણોસર ઝેરી દવા પી લીધી..આ તમામ લોકોને તાત્કાલીક હોસ્પિટલ ખસેડાયા હતા, જો કે સારવાર દરમ્યાન પતિ-પત્નીનું મોત થયું. ૨ દિકરા અને ૧ દિકરીની હાલત ગંભીર હોવાથી હાલ સારવાર હેઠળ છે.

આ પરિવારે આર્થિક સંક્રમણને કારણે આ પગલું ભર્યુ હોવાનું પ્રાથમિક અનુમાન છે. ઘટનાને લઈ સગર સમાજ પરિવારના સભ્યોની વ્હારે આવ્યો છે. સમાજે સોશિયલ મીડિયાની મદદથી દાન એકઠું કરવા પહેલ કરી છે.

પોલીસે આ સમગ્ર મામલામાં વિગતવાર તપાસ હાથ ધરી છે. એક જ પરિવારના પાંચ સભ્યોએ સામૂહિક આપઘાતના પ્રયાસને લઈ સમગ્ર વડાલી શહેર સહિત જિલ્લામાં ભારે ખળભળાટ મચી ગયો છે. આ ઘટનાના સમાજમાં પણ ઘેરા પ્રત્યાઘાત પડ્યા છે. સમાજના આગેવાનો સહિત યુવાનોએ પરિવારના સામુહિક આપઘાત પાછળ વ્યાજખોરો જવાબદાર હોવાનું પ્રાથમિક તારણ જણાવ્યું છે ત્યારે પોલીસ તંત્ર દ્વારા અલગ અલગ દિશામાં તપાસ શરૂ કરી સામુહિક આપધાત પાછળ જવાબદારને જેલના સળિયા પાછળ ધકેલવાની તજવીજ પણ હાથ ધરવામાં આવી છે.

**વિશેષ** | નવોદય વિદ્યાલયો ભારતીય શિક્ષણ, સંસ્કૃતિ, કલા અને વારસા સાથે જોડીને 'વિકસિત ભારત' માટે શ્રેષ્ઠ નાગરિકોનું કરી રહ્યા છે નિર્માણ : પોસ્ટમાસ્ટર જનરલ કૃષ્ણ કુમાર યાદવ

# નવોદય વિદ્યાલય સ્થાપના દિનનું પીએમ શ્રી શાળા જવાહર નવોદય વિદ્યાલય, અમદાવાદમાં આયોજન, પોસ્ટમાસ્ટર જનરલ કૃષ્ણ કુમાર યાદવે કર્યું શુભારંભ

**'વસુધૈવ કુટુમ્બકમ' અને 'શિક્ષણ માટે આવો, સેવા માટે જાઓ'ની ભાવનાથી પ્રેરિત, નવોદય વિદ્યાલય દરરોજ નવા પરિમાણો બનાવી રહ્યા છે : પોસ્ટમાસ્ટર જનરલ કૃષ્ણ કુમાર યાદવ**






। અમદાવાદ ।
અમદાવાદના હાથીજણ સ્થિત પીએમ શ્રી શાળા જવાહર નવોદય વિદ્યાલય ખાતે 'નવોદય વિદ્યાલય સ્થાપના દિવસ' ની ઉજવણીનું આયોજન કરવામાં આવ્યું. કાર્યક્રમના મુખ્ય અતિથિ ઉત્તર ગુજરાત પરિક્ષેત્રના પોસ્ટમાસ્ટર જનરલ શ્રી કૃષ્ણ કુમાર યાદવે પ્રિન્સિપલ શ્રી આર. કે. દીક્ષિત સાથે દીપ પ્રજ્વલન કરીને કાર્યક્રમનો શુભારંભ કર્યો. સ્વાગત ગીત પછી, વિદ્યાર્થીઓએ ગરબા જેવા સાંસ્કૃતિક કાર્યક્રમોની સુંદર રજૂઆત કરી, જેમાં આસામી, મણિપુરી અને છત્તીસગઢી લોકનૃત્ય, એરોબિક્સ, સંગીત વાદ્ય પ્રદર્શન અને નાટકનો સમાવેશ થાય છે. નવોદય વિદ્યાલયની પ્રગતિના વિવિધ પાસાઓ પર ચર્ચા કરવામાં આવી, જ્યારે ઘણા વિદ્યાર્થીઓ અને શિક્ષકોએ તેમના અનુભવો વર્ણવ્યા. તેમાં નવોદયના ૩૫૦ થી વધુ વિદ્યાર્થીઓએ ભાગ લીધો. પોસ્ટમાસ્ટર જનરલ શ્રી કૃષ્ણ કુમાર યાદવે પણ વિદ્યાર્થીઓને વાર્ષિક રમતગમત પુરસ્કારોથી સન્માનિત કર્યા.

મુખ્ય અતિથિ પોસ્ટમાસ્ટર જનરલ શ્રી કૃષ્ણ કુમાર યાદવે પોતાના સંબોધનમાં જણાવ્યું કે ૧૩ એપ્રિલ, ૧૯૮૬ના રોજ બે નવોદય વિદ્યાલયોથી શરૂ થયેલી આ યાત્રા આજે ૬૬૧ પર પહોંચી ગઈ છે. સરકારી સંસ્થા હોવા છતાં, નવોદય વિદ્યાલય આજે ઉત્તમ શિક્ષણ અને સારા પરીક્ષા પરિણામોને કારણે ટોચ પર છે. 'વસુધૈવ કુટુમ્બકમ' અને 'શિક્ષણ માટે આવો, સેવા માટે જાઓ' ની ભાવનાથી પ્રેરિત, નવોદયમાં જાતિ, સંપ્રદાય અને પ્રદેશથી આગળ ફક્ત રાષ્ટ્રવાદની ભાવના છે. દેશભરમાં નવોદય વિદ્યાલયના ૧૯ લાખથી વધુ ભૂતપૂર્વ વિદ્યાર્થીઓનું નેટવર્ક સમાજને નવી દિશા આપવા માટે તૈયાર છે. રાજકારણ, વહીવટ, દવા, એન્જિનિયરિંગ, લશ્કરી સેવાઓથી લઈને વિવિધ વ્યાવસાયિક સેવાઓ, વ્યવસાય અને સામાજિક સેવાઓ સુધી, નવોદય માત્ર ભારતમાં જ નહીં, પરંતુ સમગ્ર વિશ્વમાં પોતાની ઓળખ બનાવી રહ્યા છે. 'ચાલો આપણે નવોદય બનીએ' ની ભાવના સાથે, આજે નવોદય એક બ્રાન્ડ બની ગયું છે.

નવોદયના વિદ્યાર્થીઓ સાથે વાતચીત કરતી વખતે, પોસ્ટમાસ્ટર જનરલ શ્રી કૃષ્ણ કુમાર યાદવે જણાવ્યું કે અભ્યાસની સાથે સાથે રમતગમતમાં રસ અને સર્જનાત્મક કુશળતા પણ ખૂબ જ મહત્વપૂર્ણ છે. નવોદય શિક્ષકો, સેવાની ભાવના સાથે કામ કરવાની સાથે, ભારતના સુવર્ણ ભવિષ્યને આકાર આપવાનું કામ કરી રહ્યા છે. યુવાનો આવતીકાલનું ભવિષ્ય છે. શરૂઆતથી જ તેમનામાં તેમની સંસ્કૃતિ, કલા, વારસો અને નૈતિક મૂલ્યો પ્રત્યે રસ પેદા કરીને એક સારા નાગરિકનું નિર્માણ કરી શકાય છે. સોશિયલ મીડિયાના આ અનિયંત્રિત યુગમાં, અભ્યાસ, ચિંતન, સર્જનાત્મક લેખન અને કલાત્મક વૃત્તિની આદત તેમને નકારાત્મકતાથી દૂર રાખશે એટલું જ નહીં પરંતુ તેમના મનમાં સકારાત્મક વિચારો પણ ઉત્પન્ન કરશે. યોગ્ય દિશા અને સારા પ્રયાસો સાથે જેટલી મજબૂત ઈચ્છાશક્તિ હશે, તેટલી જ ઝડપથી સફળતા તમારા માર્ગે આવશે. પોસ્ટમાસ્ટર જનરલ શ્રી કૃષ્ણ કુમાર યાદવે જણાવ્યું કે નવોદયે આપણા વ્યક્તિત્વ અને કારકિર્દીને ઘડવામાં મોટી ભૂમિકા ભજવી છે. જો હું નવોદય વિદ્યાલયમાં ન હોત, તો હું ભાગ્યે જ અહીં સુધી પહોંચી શક્યો હોત. નવોદયે આપણને શીખવ્યું કે સપના ફક્ત જોવામાં આવતા નથી, તેમને જીવવામાં પણ આવે છે સંઘર્ષ, શિસ્ત અને સમર્પણ સાથે. નવોદય વિદ્યાલય છોડ્યાને લગભગ ૩૧ વર્ષ થઈ ગયા છે, પરંતુ એ જ લગાવ અને નિકટતા હજુ પણ અકબંધ છે. નવોદયે આપણા બધાને ઘણું આપ્યું છે, હવે 'સમાજને પાછું ચૂકવવાની' જરૂર છે. ભારતના ઉજ્જવળ ભવિષ્યના નિર્માણમાં નવોદયની મહત્વપૂર્ણ ભૂમિકા છે. નવોદય પરિવાર હજુ પણ ખૂબ જ સંયુક્ત છે અને લોકો એકબીજા સાથે હૃદયથી જોડાયેલા છે. સુખ અને દુઃખમાં તેઓ જે રીતે એકબીજાની સાથે ઉભા રહે છે તે માત્ર આશ્ચર્યચકિત જ નથી કરતું પણ મનમાં ગર્વ પણ પેદા કરે છે. પીએમ શ્રી શાળા જવાહર નવોદય વિદ્યાલય, હાથીજણ, અમદાવાદના આચાર્ય શ્રી આર. ના. દીક્ષિતે જણાવ્યું કે નવોદય વિદ્યાલયનું વિઝન મુખ્યત્વે ગ્રામીણ વિસ્તારોના પ્રતિભાશાળી બાળકોને તેમના પરિવારની સામાજિક-આર્થિક સ્થિતિને ધ્યાનમાં લીધા વિના ગુણાત્મક આધુનિક શિક્ષણ પૂરું પાડવાનું છે, જેમાં સામાજિક મૂલ્યો, પર્યાવરણીય જાગૃતિ, સાહસિક પ્રવૃત્તિઓ અને શારીરિક શિક્ષણ જેવા મહત્વપૂર્ણ ઘટકોનો સમાવેશ થાય છે. તેમણે ખુશી વ્યક્ત કરી કે આઝમગઢના જીયનપુરમાં આવેલ જવાહર નવોદય વિદ્યાલયના વિદ્યાર્થી શ્રી કૃષ્ણ કુમાર યાદવ દેશના પ્રથમ નવોદય વિદ્યાર્થીઓમાંના એક હતા જેમને યુનિયન પબ્લિક સર્વિસ કમિશન દ્વારા આયોજિત પ્રતિષ્ઠિત સિવિલ સર્વિસીસ પરીક્ષામાં પ્રથમ પ્રયાસમાં જ પસંદગી મળી, જેનાથી નવોદયના વિદ્યાર્થીઓ આઈ.એ.એસ. અને અન્ય સિવિલ સેવાઓ તરફ પ્રેરિત થયા.

કાર્યક્રમનું સંચાલન ધોરણ ૧૨ની વિદ્યાર્થીનીઓ સૌમ્યા ઠાકુર અને શ્રેયા ધંધુકિયાએ, સ્વાગત ભાષણ પ્રિન્સિપાલ શ્રી આર. કે. દીક્ષિતે અને આભાર વિધાન વરિષ્ઠ શિક્ષક શ્રી એ. એન. ચૌધરીએ કર્યું. આ પ્રસંગે તમામ વિદ્યાર્થીગણ અને શિક્ષકમંડળ હાજર રહ્યા.

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા. લિ. ૭ થી ૧૦ શ્રી લક્ષ્મી કોમ. કો-ઓપ એસ્ટેટ, અજોદ ડેરી રોડ, સુખરામનગર, રખિયાલ, અમદાવાદ ૩૮૦૦૨૩. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨

# કેબિનમાં ઘૂસી મહિલાએ ટોલ કર્મચારીને માર્યો ઢોર માર

## મહિલા એ વાતે ગુસ્સે થઈ ગઈ કે ફાસ્ટેગને બ્લેકલિસ્ટ કેમ કરવામાં આવ્યું અને દંડ કેમ માંગવામાં આવી રહ્યો છે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૪ ।

હાપુડના છિજારસી ટોલ પ્લાઝા પર એક હાઈ-વોલ્ટેજ ડ્રામા જોવા મળ્યો જ્યારે એક કારમાં સવાર મહિલા અને ટોલ કર્મચારીઓ વચ્ચે નાની તકરાર બાદ મારપીટ થઈ ગઈ. ફાસ્ટેગને લઈને શરૂ થયેલો વિવાદ એટલો વધી ગયો કે મહિલા ટોલ બૂથમાં ઘૂસી ગઈ અને ટોલ કર્મચારીને જોરદાર થપ્પડ મારી દીધા. આ પછી, ટોલ કર્મચારીઓએ પણ મહિલા સાથે કારમાં બેઠેલા બે યુવાનો સાથે મારપીટ કરી દીધી. આ સમગ્ર ઘટના ટોલ પ્લાઝા પર લગાવેલા સીસીટીવી કેમેરામાં કેદ થઈ ગઈ. આ ઘટના રવિવારે મોડી સાંજે બની હોવાનું જણાવાઈ રહ્યું છે. મુરાદાબાદથી નોઈડા જઈ રહેલી એક કાર દિલ્હી-લખનૌ હાઈવે (NH-9) પર પિલખુવા ખાતે છિજારસી ટોલ પ્લાઝા પર પહોંચી. કહેવામાં આવી રહ્યું છે કે કારમાં બે મહિલાઓ અને બે પુરુષો હતા. ટોલ પ્લાઝાના સ્કેનિંગ મશીનમાં ફાસ્ટેગને બ્લેકલિસ્ટેડ બતાવવામાં આવ્યું, જેના પર ટોલ કર્મચારીઓએ ટોલ ફી સાથે દંડ ભરવા કહ્યું. આ બાબતે બંને પક્ષો વચ્ચે દલીલ શરૂ થઈ ગઈ. પ્રત્યક્ષદર્શીઓના જણાવ્યા અનુસાર, કારમાં બેઠેલી મહિલા એ વાતે ગુસ્સે થઈ ગઈ કે ફાસ્ટેગને બ્લેકલિસ્ટ કેમ કરવામાં આવ્યું અને તેની પાસેથી દંડ કેમ માંગવામાં આવી રહ્યો છે.



ગુસ્સે ભરાયેલી મહિલા ટોલ બૂથ કેબિનમાં ઘૂસી ગઈ અને ત્યાં હાજર ટોલ કર્મચારી પર હાથ ઉપાડી દીધો. વાયરલ વીડિયોમાં જોઈ શકાય છે કે મહિલા ટોલ કર્મચારીને સતત થપ્પડ મારી રહી છે. ત્યારે નજીકમાં ઉભેલ અન્ય એક ટોલ કર્મચારી હાથ જોડીને મહિલાને શાંત કરવાનો પ્રયાસ કરતો દેખાયો, પરંતુ મહિલાનો ગુસ્સો શાંત ન થયો. મહિલાએ ટોલ કર્મચારી પર હુમલો કર્યા બાદ ટોલ પ્લાઝા પર હાજર અન્ય કર્મચારીઓ પણ ઘટનાસ્થળે પહોંચી ગયા. મામલો વધુ વકર્યો અને ટોલ કામદારો પણ હિંસક થઈ ગયા. માહિતી અનુસાર, ટોલ કર્મચારીઓએ પણ કારમાં બેઠેલા બે યુવકો સાથે મારપીટ કરી. નવાઈની વાત એ હતી કે આ સમગ્ર ઘટના દરમિયાન ત્યાં ઉભેલી પોલીસ મૂક પ્રેક્ષક બની રહી અને ઝઘડો શાંત કરવાનો કોઈ પ્રયાસ કર્યો નહીં. આ ઘટના બાદ ટોલ મેનેજમેન્ટે પિલખુવા પોલીસ સ્ટેશનમાં સમગ્ર મામલાની ફરિયાદ નોંધાવી છે. ટોલ મેનેજરે જણાવ્યું કે ટોલ કર્મચારીને મારામારીમાં ઈજા થઈ છે અને કારમાં બેઠેલી મહિલા સહિત યુવકો સામે કાર્યવાહીની માંગ કરવામાં આવી છે. પોલીસે વીડિયો ફૂટેજ કબજે લીધા છે અને કેસની તપાસ શરૂ કરી છે. પોલીસનું કહેવું છે કે બંને પક્ષોના નિવેદનો નોંધવામાં આવશે અને જે પણ દોષિત સાબિત થશે તેની સામે કડક કાર્યવાહી કરવામાં આવશે.

### ન્યૂઝ બ્રિફ

## અક્ષરને BCCIએ રૂ.૧૨ લાખનો દંડ ફટકાર્યો



। (એજન્સી) મુંબઈ, તા.૧૪ ।

રોમાંચક મેચમાં ગઈકાલે દિલ્હી કેપિટલ્સનો હોમ ગ્રાઉન્ડ અરુણ જેટલી સ્ટેડિયમમાં મુંબઈ ઈન્ડિયન્સ સામે ૧૨ રનથી પરાજય થયો. આ વર્તમાન સિઝનમાં દિલ્હીનો પહેલો પરાજય હતો અને દુઃખની વાત એ છે કે આ હારનો સ્વાદ પણ તેણે હોમ ગ્રાઉન્ડમાં ચાખવો પડ્યો. દરમિયાન આ મેચમાં હાર બાદ કેપ્ટન અક્ષર પટેલને વધુ એક મોટો ઝટકો લાગ્યો. બીસીસીઆઈએ આરસીબીના કેપ્ટન રજત પાટિદાર અને સંજુ સેમસન જેવી ભૂલનું પુનરાવર્તન કરવા બદલ હવે દિલ્હીના કેપ્ટન અક્ષર પટેલને દંડ ફટકાર્યો છે. અક્ષર પટેલની ભૂલ એ હતી કે દિલ્હીની ટીમે ૨૦ ઓવર નાખવા માટે નિર્ધારિત સમય કરતાં વધુ સમય લીધો. આ જ કારણે સ્લો ઓવર રેટના કારણે BCCIએ તેમના પર ૧૨ લાખ રૂપિયાનો દંડ ફટકાર્યો છે.BCCI ની પ્રેસ રિલીઝ અનુસાર, દિલ્હી કેપિટલ્સના કેપ્ટન અક્ષર પટેલ એ કલમ ૨.૨ હેઠળ IPL ના નિયમોનું ઉલ્લંઘન કરવાનો દોષિત ઠેરવવામાં આવ્યો હતો. અરુણ જેટલી સ્ટેડિયમમાં મુંબઈ સામેની મેચ નંબર ૨૯ દરમિયાન દિલ્હીએ ધીમો ઓવર રેટ જાળવી રાખ્યો હતો. અગાઉ મુંબઈ ઈન્ડિયન્સ સામેની એક મેચમાં રોયલ ચેલેન્જર્સ બેંગ્લુરુના કેપ્ટન રજત પાટીદારને સજા મળી હતી.

## ચેન્નઈનો કેપ્ટન રુતુરાજ પણ સિઝનની વચ્ચે ઈજાગ્રસ્ત



। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૪ ।

પાંચ વખતની IPL ચેમ્પિયન ચેન્નાઈ સુપર કિંગ્સે આ સિઝનમાં અત્યાર સુધી કંઈ ખાસ કર્યું નથી. ટીમને સતત પાંચ મેચમાં હારનો સામનો કરવો પડ્યો છે. IPLમાં આવું પહેલીવાર બન્યું છે. CSKની બેટિંગ આ સિઝનમાં ટીમ માટે સૌથી મોટી સમસ્યા રહી છે. એટલું જ નહીં પરંતુ ચેન્નાઈનો કેપ્ટન રુતુરાજ ગાયકવાડ પણ સિઝનની વચ્ચે ઈજાગ્રસ્ત થતાં આખી ટૂર્નામેન્ટમાંથી બહાર થઈ ગયો છે. ગાયકવાડને કોણીમાં ઈજા થઈ હતી. તેથી હવે બાકીની સિઝન માટે CSKએ અનુભવી વિકેટકીપર બેટ્સમેન એમએસ ધોનીને તેના કેપ્ટન તરીકે નિયુક્ત કર્યા છે. ગાયકવાડના રિપ્લેસમેન્ટના સમાચાર પણ સામે આવી રહ્યા છે. તેની જગ્યાએ ૧૭ વર્ષના વિસ્ફોટક બેટ્સમેન ટીમમાં સામેલ કરવાનો નિર્ણય કર્યો છે. મીડિયા અહેવાલ મુજબ, પાંચ વખતની IPL ચેમ્પિયન્સે ઈજાગ્રસ્ત રુતુરાજ ગાયકવાડના સ્થાને મુંબઈના આયુષ મ્હાત્રેને સાઈન કર્યો છે. અહેવાલમાં જણાવાયું છે કે મ્હાત્રેને તરત જ ફ્રેન્ચાઈઝીમાં જોડાવા માટે કહેવામાં આવ્યું છે.

### સંરક્ષણ ક્ષેત્રે ડીઆરડીઓની વધુ એક કમાલ

# ભારતે 'સ્ટાર વોર્સ' જેવા શક્તિશાળી લેસર હથિયારનું સફળ પરીક્ષણ કર્યું

## ભારત દુનિયામાં ચોથો અથવા પાંચમો દેશ છે, જેણે લેસર ટેક્નોલોજીથી સજ્જ હથિયાર સિસ્ટમ દર્શાવી છે

। (એજન્સી) મુંબઈ, તા.૧૪ ।

ભારતે સંરક્ષણ ક્ષેત્રમાં ફરી એક વખત કમાલ કરી છે. ભારતે વિમાન, મિસાઈલ અને ડ્રોનને તોડી પાડવા સક્ષમ લેસર આધારિત હથિયાર વિકસાવ્યું છે. આ સાથે ભારત હાઈ-પાવર લેસર હથિયારો ધરાવતા પસંદગીના દેશોની યાદીમાં સામેલ થઈ ગયું છે. ભારતે કર્નૂલની નેશનલ ઓપન એર રેન્જમાં એમકે-૨(એ) લેસર-ડાયરેક્ટેડ એનર્જી વેપન સિસ્ટમની ટ્રાયલ સાથે આ સિદ્ધિ મેળવી છે. ડિફેન્સ રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ ઓર્ગેનાઈઝેશન



(ડીઆરડીઓ) ના અધિકારીઓએ આપીલે માહિતી અનુસાર, કર્નૂલની નેશનલ ઓપન રેન્જમાં રવિવારે (૧૩મી એપ્રિલ) એમકે-૨(એ) લેસર ડાયરેક્ટેડ એનર્જી વેપન સિસ્ટમની ટ્રાયલ કરાઈ હતી. જેણે મિસાઈલ, ડ્રોન અને નાના પ્રોજેક્ટાઈલ્સને તોડી પાડ્યા હતા. એમકે-૨(એ) ડીઈડબલ્યુ સિસ્ટમે અનેક ડ્રોન હુમલાને નિષ્ફળ બનાવ્યા અને દુશ્મનના સર્વેલન્સ સેન્સર અને એન્ટેનાને તોડી પાડ્યા, તેમાં વીજળી જેવી ઝડપ, ચોકસાઈ અને કેટલીક સેકન્ડમાં ટાર્ગેટને તોડી પાડવાની તાકાત છે. આ સફળતાએ ભારતને અમેરિકા, ચીન અને રશિયા જેવા દેશોની વિશેષ ક્લબમાં મૂકી દીધું છે. આ દેશો હાઈ-પાવર લેસર ડીઈડબલ્યુ ટેક્નોલોજી ધરાવે છે.ડીઆરડીઓના ચેરમેન સમીર વી. કામતે કહ્યું કે, 'અમેરિકા, રશિયા અને ચીન પાસે જ આવી ક્ષમતા છે.

### ઈલેક્ટ્રોનિક વસ્તુઓ પર ટ્રમ્પના યુ ટર્ન પછી ચીનના પણ સૂર બદલાયા

# અમેરિકા ભૂલ સુધારેઃ રેસિપ્રોકલ ટેરિફ રદ કરવા ચીનની અપીલ

## અન્યાયી પદ્ધતિને નાબૂદ કરી પરસ્પર સન્માનના માર્ગે પરત ફરવા અમેરિકાને વિનંતી કરવામાં આવી

। (એજન્સી) બેઇજિંગ, તા.૧૪ ।

યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે સ્માર્ટ ફોન, લેપટોપ તથા અન્ય ઈલેક્ટ્રોનિક્સ વસ્તુને રેસિપ્રોકલ ટેરિફમાંથી રાહત આપ્યા પછી ચીનનું વલણ પણ કૂણુ થયું છે. ચીનના વાણિજ્ય મંત્રાલયે સ્માર્ટ ફોનની જેમ અન્ય તમામ વસ્તુને નવી ટેરિફ નીતિમાંથી બાકાત રાખવા અમેરિકાને અપીલ કરી છે. ચીને જણાવ્યુ હતું કે, પોતાની ભૂલો સુધારવા અમે અમેરિકાને અપીલ કરીએ છીએ. રેસિપ્રોકલ ટેરિફની અન્યાયી પદ્ધતિને નાબૂદ કરી અમેરિકાએ પરસ્પર



આદરના સાચા માર્ગે પરત ફરવું જોઈએ. બિલાડીના ગળે ઘંટ કોણ બાંધે? કહેવતને યાદ કરતાં ચીનના વાણિજ્ય મંત્રાલયના પ્રવક્તાએ જણાવ્યું હતું કે, જે વ્યક્તિએ વાઘના ગળે ઘંટ બાંધ્યો હોય, તેણે જ આ ઘંટ છોડવો જોઈએ. નવી ટેરિફ નીતિમાં ટ્રમ્પના ઓચિંતા યુ-ટર્ન સંદર્ભે ચીને જણાવ્યુ હતું કે, ઈલેક્ટ્રોનિક્સ વસ્તુઓને રાહત મળી છે, પરંતુ અન્ય ચાઈનિઝ ઉત્પાદનો પર ૧૪૫ ટકા ટેરિફ લાગે છે. જેથી ટેરિફ સંદર્ભે હાલની સ્થિતિનું મૂલ્યાંકન હજુ ચાલી રહ્યું છે. અમેરિકાએ ચીન પર ૧૪૫ ટકા ટેરિફ લાગુ કર્યા પછી ચીને પણ અમેરિકાના સામાન પરની ટેરિફ ૮૪ ટકાથી વધારી ૧૨૫ ટકા કરી દીધી હતી. ટ્રમ્પે નવી ટેરિફ નીતિમાં યુરોપ અને ભારત સહિત ૭૫ દેશોને ૯૦ દિવસની મહોલત આપી હતી, પરંતુ ચીન પ્રત્યેનું વલણ બદલ્યું ન હતું.




નવી દિલ્હીમાં NFSU દ્વારા આયોજિત ઓલ ઈન્ડિયા ફોરેન્સિક સાયન્સ હેકાથોનમાં કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ દ્વારા "ઇન્ટર-કેમ્પસ હિન્દી સ્પર્ધા"ના વિજેતાઓને ઇનામનું વિતરણ કરવામાં આવ્યું.

### ઈઝરાયલી પ્રમુખ બેન્જામિન નેતન્યાહૂ ઈમેન્યુઅલ મેક્રોન પર બગડ્યાં

# ફ્રાન્સે પેલેસ્ટાઈનને માન્યતા આપવાની તૈયારી કરતાં ઈઝરાયલ લાલઘુમ

## ઈઝરાયલના વડાપ્રધાન બેન્જામિન નેતન્યાહૂએ ફ્રાન્સના પ્રમુખ ઈમેન્યુઅલ મેક્રોન પર આકરા પ્રહાર કર્યા



। (એજન્સી) જેરૂસાલેમ, તા.૧૪ ।

ઈઝરાયલના વડાપ્રધાન બેન્જામિન નેતન્યાહૂએ રવિવારે ફ્રાન્સના પ્રમુખ ઈમેન્યુઅલ મેક્રોન પર આકરા પ્રહાર કર્યા હતા. મેક્રોને એક નિવેદન આપતા કહ્યું હતું કે, ફ્રાન્સ પેલેસ્ટાઈનને માન્યતા આપવાની યોજના પર કામ કરી રહ્યું છે. હવે તેમના આ નિવેદન પર નેતન્યાહૂ ભડકી ગયા છે. નેતન્યાહૂ પહેલા તેમના પુત્ર યાયર નેતન્યાહૂએ પણ ફ્રાન્સ પર નિશાન સાધ્યું હતું અને કહ્યું હતું કે, મેક્રોને એ વિચાર છોડી દેવો જોઈએ. કારણ કે જો તેઓ પેલેસ્ટાઈનને માન્યતા આપશે તો આરબ દેશો ઈઝરાયલને માન્યતા આપવા તૈયાર થઈ જશે. નેતન્યાહૂએ એક નિવેદન જારી કરીને કહ્યું કે, પ્રમુખ મેક્રોન અમારી ધરતીના એક કેન્દ્ર પર પેલેસ્ટિનિયન રાજ્યના વિચારને પ્રોત્સાહન આપવા માગે છે. તેમનો આ વિચાર ખૂબ જ ખોટો છે. પેલેસ્ટાઈન એક એવું રાજ્ય હશે જેની એકમાત્ર ઈચ્છા ઈઝરાયલનો વિનાશ કરવાનો છે અને અમે આવું થવા નહીં દઈશું નહીં. નેતન્યાહૂએ ૭ ઓક્ટોબર ૨૦૨૩ના રોજ ઈઝરાયલ પર કરવામાં આવેલા હમાસના હુમલાનો ઉલ્લેખ કરતા કહ્યું કે, આજ સુધી હમાસ કે પેલેસ્ટાઈન સાથે સંબંધિત કોઈ પણ વ્યક્તિ કે સંગઠને યહૂદીઓ પર કરવામાં આવેલા તે ભયાનક હુમલા અને નરસંહારની નિંદા નથી કરી નથી. આ જ વાસ્તવિકતા છે, જે ઈઝરાયલ પ્રત્યેના તેમના વલણને દર્શાવે છે. તેને માન્યતા આપીને આપણે આ જ માનસિકતાને પ્રોત્સાહન આપીશું. ઈઝરાયલના વડાપ્રધાને કહ્યું કે, અમે કોઈ ભ્રમ કે પાયાવિહોણી યોજના માટે અમારા અસ્તિત્વને જોખમમાં ન મૂકી શકીએ. કોઈ ગમે તે કહે પરંતુ ઈઝરાયલ એક દેશ તરીકે પેલેસ્ટિનિયન રાજ્યની સ્થાપના અંગેના કોઈપણ નૈતિક વાતોનો સ્વીકાર નહીં કરશે. ખાસ કરીને એવી બાબતો જે ઈઝરાયલના અસ્તિત્વ માટે જોખમી હોય. ફ્રાન્સ પર નિશાન સાધતા નેતન્યાહૂએ કહ્યું કે, કોર્સિકા, ન્યુ કેલેડોનિયા, ફ્રેન્ચ ગુયાના અને અન્ય પ્રદેશોને સ્વતંત્રતા આપવાનો વિરોધ કરનારાઓ પાસેથી તો અમે બિલ્કુલ જ્ઞાન નહીં લઈશું. આવા લોકોને નિવેદનો આપવાનો કોઈ અધિકાર નથી. ઈઝરાયલની આ ટિપ્પણી ફ્રાન્સ પ્રમુખના એ ઈન્ટરવ્યુ પછી આવી છે જેમાં તેમણે કહ્યું હતું કે, ફ્રાન્સ નજીકના ભવિષ્યમાં પેલેસ્ટાઈનને એક રાજ્ય તરીકે માન્યતા આપવા તરફ આગળ વધી રહ્યું છે.

### ફૂટ એન્ડ માઉથની અનેક બીમારી ફેલાતાં નિર્ણય

# યુરોપનાં ડેરી ઉત્પાદનો, માંસની આયાત પર UKનો પ્રતિબંધ

। (એજન્સી) ઇંગ્લેન્ડ, તા.૧૪ ।

બ્રિટન સરકારે યુરોપિયન યુનિયન (EU)ના તમામ દેશોમાંથી માંસ અને ડેરી ઉત્પાદનોની વ્યક્તિગત આયાત પર પ્રતિબંધ મૂક્યો છે. સરકારે આ નિર્ણય એટલા માટે લીધો છે કે કારણ કે ફુટ-એન્ડ-માઉથ ડિસીઝ (એક ગંભીર અને ઝડપથી ફેલાતી વાયર બીમારી છે, જે મુખ્યત્વે ગાય, ડુક્કર, ઘેટાં, બકરા અને હરણ સહિતના પ્રાણીઓને અસર કરે છે) સમગ્ર ખંડમાં ફેલાઈ રહ્યો છે. જેથી યુકેમાં પ્રવેશતા મુસાફરોને હવે બધા EU દેશોમાંથી ગાય, ઘેટાં, બકરા, ડુક્કરનું માંસ અને ડેરી ઉત્પાદનો વ્યક્તિગત ઉપયોગ માટે લાવવાની મંજૂરી નહીં અપાય. આ પગલાનો હેતુ બ્રિટિશ પશુધનના સ્વાસ્થ્ય, ખેડૂતોની સુરક્ષા અને યુકેની ખાદ્ય સુરક્ષાનું રક્ષણ કરવાનો છે. મુસાફરોએ આ વસ્તુઓને બોર્ડર પર સોંપી દેવી પડશે. ગંભીર કિસ્સાઓમાં ઉલ્લંઘન કરનારાઓને ઈંગ્લેન્ડમાં ૫,૦૦૦ પાઉન્ડ (૬,૫૫૦ યુએસ ડોલર) સુધીનો દંડ થઈ શકે છે.

### બન્ને દેશો વચ્ચે દ્વિતીય તબક્કાની વાતચીત ૧૯મી એપ્રિલે થશે

# અમેરિકા સાથેની વાતચીત રચનાત્મક રહી છેઃ ઈરાન

। (એજન્સી) તેહરાન, તા.૧૪ ।

ઈરાનના વિદેશ મંત્રાલયના કહ્યું છે કે ઓમાનની રાજધાની મસ્કતમાં બંને પક્ષો વચ્ચે રચનાત્મક માહોલમાં અપ્રત્યક્ષ વાતચીત સંપન્ન થઈ છે. હવે પછી ઈરાન અને અમેરિકા વચ્ચે ૧૯મી એપ્રિલે બીજા તબકકાની વાતચીત માટે આયોજન થશે. ઈરાનના વિદેશમંત્રી સઈદ અબ્બાસ અરાઘચી અને મધ્યપૂર્વમાં અમેરિકાના વિદેશ દૂત સ્ટીવ વિટકોફની વચ્ચે લગભગ અઢી કલાક વાતચીત થઈ, જે તેહરાનના પરમાણુ મુદ્દા અને પ્રતિબંધોમાં છૂટ આપવા પર કેન્દ્રિત હતી. ઉલ્લેખનીય છે કે, અમેરિકાએ ઈરાન પર પરમાણુ કાર્યક્રમોને લઈને કેટલાક પ્રતિબંધ મૂક્યો છે, જેના કારણે બંને દેશો વચ્ચે સંબંધો બગડી ગયા છે. ઈરાનના વિદેશ મંત્રાલયે વધુમાં કહ્યું કે, બંને પક્ષો આગામી સપ્તાહે વાતચીત ચાલુ રાખવા પર સહમત થયા છે. અમેરિકા અને ઈરાનના પ્રતિનિધિમંડળના વડાઓએ વાતચીતના સ્થળમાંથી બહાર નીકળતા પહેલાં ઓમાનના વિદેશમંત્રી સાથે પણ થોડીક મિનિટો વાતચીત કરી હતી.

# મહારાષ્ટ્રમાં એવી જાહેરાત થઈ કે ખેડૂતો ઉછળી પડ્યા

। (એજન્સી) મુંબઈ, તા.૧૪ ।

મહારાષ્ટ્રના મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસે રવિવારે કહ્યું કે ડિસેમ્બર ૨૦૨૬ સુધી રાજ્યના લગભગ ૮૦ ટકા ખેડૂતોને મફત વીજળી મળશે. ફડણવીસે વર્ધા જિલ્લાના આર્વીમાં આયોજિત એક જનસભાને સંબોધિત કરતાં કહ્યું કે, તેમની સરકારે ખેડૂતોને દિવસમાં ૧૨ કલાક વીજળી આપવાનો વાયદો કર્યો છે અને મુખ્યમંત્રીએ સૌર કૃષિ યોજના શરુ કરી છે. જે અંતર્ગત ૧૬૦૦૦ મેગાવોટ વીજળી ઉત્પાદન કરવાનું કામ ચાલી રહ્યું છે. જણાવી દઈએ કે તેઓ વર્ધામાં વિવિધ વિકાસ કાર્યોના લોકાર્પણ અને ભૂમિ પૂજનના સમારોહમાં હાજર રહ્યા હતા.



તેમણે કહ્યું કે, "મને આ જાહેરાત કરતાં ખુશી થઈ રહી છે કે ડિસેમ્બર ૨૦૨૬ના અંત સુધીમાં મહારાષ્ટ્રના લગભગ ૮૦ ટકા ખેડૂતોને મફત વીજળી મળશે. અમે વર્ષના બધા જ ૩૬૫ દિવસ દરરોજ ૧૨ કલાક વીજળી આપીશું. જેનાથી ખેડૂતોને મોટી રાહત મળશે." રાજ્ય સરકારે વર્ષ ૨૦૨૫થી ૨૦૩૦ સુધીમાં દર વર્ષે વીજ ગ્રાહકોના બિલ ઘટાડવાની યોજના બનાવી છે. સાથે જ ૩૦૦ યુનિટ સુધી વીજ વપરાશ કરનારા મધ્યમ વર્ગના અને ગરીબ પરિવારોને સૌર ઉર્જા અંતર્ગત મફત વીજળી પૂરી પાડવામાં આવશે. જણાવી દઈએ કે, બે દિવસ પહેલાં ખેડૂતો અને પ્રહાર જનશક્તિ પાર્ટી (PJP)ના કાર્યકર્તાઓએ પાર્ટી સંસ્થાપક અને પૂર્વ ધારાસભ્ય બચ્ચુ કડૂની કમાન હેઠળ કૃષિ લોન માફી અને કેટલીક અન્ય માંગોને લઈને મહારાષ્ટ્રના કૃષિ મંત્રી માણિકરાવ કોકાટેના ઘરની બહાર પ્રદર્શન કર્યું હતું. આ વિરોધ પ્રદર્શન શુક્રવારે મોડી રાત્રે ગંગાપુર રોડ વિસ્તારમાં કરવામાં આવ્યું હતું. પ્રદર્શનકારીઓએ ખેડૂતો પાસેથી કથિત જબરદસ્તી લોન વસૂલી બંધ કરવાની માંગ પણ કરી હતી. સૂત્રોએ જણાવ્યું કે, પ્રદર્શનકારીઓએ પહેલા કોકાટેના ઘર સુધીમાં મશાલ રેલી કાઢી હતી. પરંતુ મંત્રી ઘરે ન હોવાના કારણે કડૂ અને પ્રદર્શનકારીઓએ ત્યાં સુધી ધારણા પર બેસવાનો નિર્ણય લીધો, જ્યાં સુધી તેમની માંગો પૂરી કરવા માટે મંત્રી તરફથી લેખિતમાં આશ્વાસન ન મળી જાય. સૂત્રોએ જણાવ્યું કે, કૃષિ મંત્રી કોકાટેએ કડૂ સાથે ફોન પર વાત કરી હતી અને તેમને જણાવ્યું હતું કે તેઓ નાસિક શહેરથી લગભગ ૨૫ કિમી દૂર સિન્નરમાં છે અને તેમને આંદોલન પરત ખેંચવા માટે અપીલ કરી હતી.

## તંત્રી લેખ...

### પેટ્રોલ-ડીઝલમાં ભાવ વધારો મધ્યમવર્ગીય આર્થિક સ્થિતિને ડામાડોળ કરશે

કોરોનાએ કાળો કેર વર્તાવેલો, ત્યારે પેટ્રોલ-ડીઝલની ખપત ઘટી ગયેલી ને ક્રૂડના ભાવ તળિયે ગયેલા, પણ સરકારે એક યા બીજે બહાને ઈંધણના ભાવ ઘટાડયા ન હતા. ક્રૂડના ભાવ ચાર વર્ષને તળિયે છે. બ્રેન્ટ ક્રૂડ ૧૨ ટકા ઘટયું હતું, બીજી બાજુએ ટ્રમ્પનું ટેરિફ વોર વૈશ્વિક આર્થિક સ્થિતિને ડામાડોળ કરી રહ્યું છે, ત્યારે સરકારે લિટરે, પેટ્રોલ અને ડીઝલ પર ૨ રૂપિયા એક્સાઈઝ ડયૂટી વધારી છે. એ પછી અડધા કલાકમાં જ બીજું નોટિફિકેશન બહાર પાડીને સ્પષ્ટ કર્યું કે ૨ રૂપિયાનો ભાવ વધારો જનતાએ ભોગવવાનો નથી. તે કંપનીઓ ભોગવશે. ચર્ચા એવી શરૂ થઈ હતી કે, ક્રૂડમાં ૧૬ ટકાનો ઘટાડો થયો એ સ્થિતિમાં લિટરે ૪થી ૫ રૂપિયાનો ઘટાડો કરીને સરકાર પ્રજાને રાહત આપી શકી હોત, તેને બદલે એક્સાઈઝ ડયૂટીમાં ૨ રૂપિયાનો વધારો કર્યો. એ ડયૂટી ક્યારેય લાગુ થશે જ નહીં, એવું વચન સરકારે આપ્યું નથી. બીજું એક જોખમ એ છે કે ડોલર સામે રૂપિયો તૂટતો જઈ રહ્યો છે. એ સ્થિતિમાં ક્રૂડના ભાવ ઘટે તો પણ ડોલરમાં તે ખરીદવા વધારે રૂપિયા ચૂકવવા પડે ને એનું પરિણામ ઈંધણના ભાવ વધારામાં જ આવે. અત્રે ઉલ્લેખનીય છે કે, તા. ૧૯ ઓક્ટોબર, ૨૦૧૪થી પેટ્રોલ, ડીઝલના ભાવ ઓઈલ કંપનીઓ નક્કી કરે છે. અત્યારે તો રાહત છે કે ઈંધણનો ભાવ સીધી અસર નહીં કરે, પણ પ્રજા તેની આડ અસરથી મુક્ત નહીં રહી શકે. પેટ્રોલ અને ડીઝલ પર ૨ રૂપિયા એક્સાઈઝ ડયૂટી વધારી એ વાત સાથે તા. ૭ એપ્રિલે ઘરેલુ રાંધણ ગેસ-એલપીજી-ના બાટલા પર ૫૦ રૂપિયાનો સીધો જ વધારો ઝીંકયો છે.

### પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ હરિયાણાના યમુના નગરમાં વિકાસ પ્રોજેક્ટ્સનું ઉદ્ઘાટન અને શિલાન્યાસ કર્યો

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે હરિયાણાના યમુના નગરમાં વિવિધ વિકાસ પ્રોજેક્ટ્સનું ઉદ્ઘાટન અને શિલાન્યાસ કર્યો. હરિયાણાના લોકોને શુભેચ્છા પાઠવતા, તેમણે હરિયાણાની પવિત્ર ભૂમિને શ્રદ્ધાંજલિ આપી, તેને મા સરસ્વતી, મંત્ર દેવીનું નિવાસસ્થાન, પંચમુખી હનુમાનજીનું સ્થળ અને આશીર્વાદિત કપાલમોચન સાહેબનું ઉદ્ગમ સ્થાન તરીકે સ્વીકાર્યું. "હરિયાણા સંસ્કૃતિ, ભક્તિ અને સમર્પણનો સંગમ છે", તેમણે વર્ણન કર્યું. તેમણે બાબાસાહેબ આંબેડકરની ૧૩૫મી જન્મજયંતિ પર તમામ નાગરિકોને હાર્દિક શુભેચ્છાઓ પાઠવી, બાબાસાહેબના દ્રષ્ટિકોણ અને પ્રેરણા પર પ્રકાશ પાડ્યો, જે ભારતની વિકાસ તરફની યાત્રાને માર્ગદર્શન આપી રહી છે. "યમુનાનગર માત્ર એક શહેર નથી પરંતુ ભારતના ઔદ્યોગિક પરિદૃશ્યનો એક મહત્વપૂર્ણ ભાગ છે, જે પ્લાયવુડથી લઈને પિત્તળ અને સ્ટીલ સુધીના ઉદ્યોગો સાથે અર્થતંત્રમાં નોંધપાત્ર યોગદાન આપે છે", શ્રી મોદીએ આ પ્રદેશના સાંસ્કૃતિક અને ઐતિહાસિક મહત્વ પર પ્રકાશ પાડતા, ઋષિ વેદ વ્યાસની પવિત્ર ભૂમિ અને ગુરુ ગોવિંદ સિંહજીના શસ્ત્રોના સ્થળ કપાલ મોચન મેળાનો ઉલ્લેખ કર્યો. તેમણે હરિયાણાના પ્રભારી તરીકેના તેમના કાર્યકાળ દરમિયાન પંચકુલાથી વારંવાર થતી મુલાકાતોને યાદ કરીને યમુનાનગર સાથેના તેમના અંગત જોડાણને શેર કર્યું. તેમણે સમર્પિત કાર્યકરો માટે કૃતજ્ઞતા વ્યક્ત કરી અને પ્રદેશમાં સખત મહેનત અને પ્રતિબદ્ધતાની કાયમી પરંપરાને સ્વીકારી. કેન્દ્ર અને રાજ્ય સરકારો દ્વારા સતત ત્રીજા કાર્યકાળમાં હરિયાણા વિકાસની બમણી ગતિ જોઈ રહ્યું છે તે વાત પર ભાર મૂકતા, પ્રધાનમંત્રીએ વિકસિત ભારતના વિઝનના ભાગ રૂપે વિકસિત હરિયાણા પ્રત્યેની પ્રતિબદ્ધતા પર ભાર મૂક્યો. તેમણે હરિયાણાના લોકોની સેવા કરવા અને વધુ ગતિ અને સ્કેલ પર કામ કરીને તેના યુવાનોની આકાંક્ષાઓ પૂર્ણ કરવા માટે સરકારના સમર્પણ પર પ્રકાશ પાડ્યો. તેમણે આ પ્રતિબદ્ધતાના પુરાવા તરીકે આજે શરૂ કરાયેલા વિકાસ પ્રોજેક્ટ્સ તરફ ધ્યાન દોર્યું અને આ નવી વિકાસ પહેલ માટે હરિયાણાના લોકોને અભિનંદન આપ્યા. બાબાસાહેબ આંબેડકરના વિઝનને આગળ વધારવા માટે તેમની સરકારની પ્રતિબદ્ધતા પર ગર્વ વ્યક્ત કરતા, શ્રી મોદીએ બાબાસાહેબના એ વિશ્વાસ પર પ્રકાશ પાડ્યો કે ઔદ્યોગિક વિકાસ એ સામાજિક ન્યાયનો માર્ગ છે. તેમણે નોંધ્યું કે બાબાસાહેબે ભારતમાં નાના જમીન માલિકીના મુદ્દાને ઓળખ્યો હતો અને ભાર મૂક્યો હતો કે પૂરતી ખેતીલાયક જમીન ન ધરાવતા દલિતોને ઔદ્યોગિકીકરણનો સૌથી વધુ લાભ મળશે. તેમણે બાબાસાહેબના વિઝનને શેર કર્યું કે ઉદ્યોગો દલિતો માટે વધુ રોજગારની તકો પૂરી પાડશે, તેમના જીવનધોરણમાં સુધારો કરશે. તેમણે ભારતના ઔદ્યોગિકીકરણના પ્રયાસોમાં બાબાસાહેબની મહત્વપૂર્ણ ભૂમિકાને પણ સ્વીકારી, આ દિશામાં પ્રગતિ કરવા માટે દેશના પ્રથમ ઉદ્યોગ પ્રધાન ડૉ. શ્યામા પ્રસાદ મુખર્જી સાથે કામ કર્યું. દીનબંધુ ચૌધરી છોટુરામજી દ્વારા ઔદ્યોગિકીકરણ અને ઉત્પાદન વચ્ચેના તાલમેલને ગ્રામીણ સમૃદ્ધિના પાયા તરીકે માન્યતા આપવામાં આવી હતી તે નોંધીને, પ્રધાનમંત્રીએ છોટુરામજીના વિશ્વાસ પર પ્રકાશ પાડ્યો કે ગામડાઓમાં સાચી સમૃદ્ધિ ત્યારે આવશે જ્યારે ખેડૂતો ખેતીની સાથે નાના ઉદ્યોગો દ્વારા તેમની આવક વધારશે. તેમણે વધુમાં નોંધ્યું કે ગામડાઓ અને ખેડૂતોના કલ્યાણ માટે પોતાનું જીવન સમર્પિત કરનારા ચૌધરી ચરણસિંહજી સમાન દ્રષ્ટિકોણ ધરાવતા હતા, ચરણસિંહજીના દ્રષ્ટિકોણ પર ભાર મૂકતા કહ્યું કે ઔદ્યોગિક વિકાસ કૃષિને પૂરક બનાવવો જોઈએ, કારણ કે બંને અર્થતંત્રના આધારસ્તંભ છે. 'મેક ઈન ઈન્ડિયા' અને 'આત્મનિર્ભર ભારત'નો સાર ઉત્પાદનને પ્રોત્સાહન આપવામાં રહેલો છે તેના પર ભાર મૂકતા, શ્રી મોદીએ સરકારના ઉત્પાદન પર ધ્યાન કેન્દ્રિત કર્યું, જે આ વર્ષના 'મિશન મેન્યુફેક્ચરિંગ' ના બજેટ જાહેરાતમાં પ્રતિબિંબિત થાય છે. "આ મિશનનો ઉદ્દેશ દલિત, પછાત, વંચિત અને હાંસિયામાં ધકેલાઈ ગયેલા યુવાનો માટે મહત્તમ રોજગારની તકો ઊભી કરવાનો, તેમને આવશ્યક તાલીમ પૂરી પાડવાનો, વ્યવસાયિક ખર્ચ ઘટાડવાનો, MSME ક્ષેત્રને મજબૂત બનાવવાનો, ઉદ્યોગોને આધુનિક ટેકનોલોજીથી સજ્જ કરવાનો અને ભારતીય ઉત્પાદનો વિશ્વ કક્ષાના છે તેની ખાતરી કરવાનો છે", એમ તેમણે જણાવ્યું. આ લક્ષ્યોને પ્રાપ્ત કરવા માટે અવિરત વીજ પુરવઠાના મહત્વ પર ભાર મૂકતા અને આજના કાર્યક્રમના મહત્વ પર પ્રકાશ પાડતા, તેમણે દીનબંધુ ચૌધરી છોટુ રામ થર્મલ પાવર પ્લાન્ટના ત્રીજા યુનિટ પર કામ શરૂ કરવાની જાહેરાત કરી, જેનો લાભ યમુનાનગર અને હરિયાણાને મળશે. પ્રધાનમંત્રીએ નોંધ્યું કે યમુનાનગર ભારતના અડધા પ્લાયવુડનું ઉત્પાદન કરે છે.

**ભાગવતમાં શુકદેવજી કહે છે કે મનુષ્યને દેવનું આયુષ્ય પ્રાપ્તથાય તો પણ તે પ્રભુના ગુણ વૈભવનો પાર પામી શકે નહીં**

## સંઘર્ષ વિના સિદ્ધિ પ્રાપ્ત કરવી અને મૂલ્ય ચુકવ્યા વિના મનગમતી ચીજ મેળવવી, તે પાણીમાં પડ્યા વિના તરતા શીખવા જેવું છે...



વિશેષ
યશપાલસિંહ ટી. વાઘેલા
(દરબાર ગઢ, થરા)

**રામાયણ મહાભારતના સમયમાં દૂરબીન ન હોવાથી નરી આંખે બુધ, શુક્ર, મંગળ, ગુરુ અને શનિએ પાંચ ગ્રહો જ જોઈ શકાતા હતા. તેમાં આપણી પૃથ્વી અને સૂર્ય અથવા ચંદ્રનો ઉમેરો કરો તો અવકાશ રૂપી મહાસાગરમાં સાત દ્વિપ થયાં. સંભવ છે કે શુકદેવજી એ જેને જમ્બુદ્વિપ કહ્યો છે તે આપણી પૃથ્વી હોય. તેમણે એમ પણ જણાવ્યું છે કે જમ્બુદ્વિપની આસપાસ ખારો સમુદ્ર છે. પૃથ્વી ની સપાટીના ઈકોતેર ટકા ખારા સમુદ્ર વડે ભરાયેલ છે અને સમુદ્ર ની વચ્ચે ખંડો તથા ટાપુઓ છે. તેમણે જમ્બુ દ્વિપના નવ**

આપણે ભગવદ્ ગીતા જ્ઞાનમાં જોઈએ તો પૃથ્વી લોક પર બે સાક્ષાત દેવ હોય તો એ સૂર્ય અને ચંદ્ર દેવ છે સૂર્યદેવના રથને સાત અશ્વ ઘોડા છે એવી કલ્પના શાસ્ત્રકારો એ કરી છે.તેના જુદાજુદા અર્થ કરી શકાય પુરાણકારો ગૂઢ ભાષામાં લખવાને ટેવાયેલા હતા.સૂર્યનાં કિરણો એટલે કે સૂર્યનો પ્રકાશ સાત રંગ નો બનેલો છે.આ સપ્ત રંગોને સૂર્યના સપ્ત અશ્વનું રૂપ આપવા માં આવ્યું હોય.તે જમાનામાં દૂરબીન ન હોવાથી નરી આંખે જોઈ શકાય એટલા જ ગ્રહો શોધી શકાયા હતા ગ્રહો પોતાની ધરતી ઉપર ફરે છે અને સૂર્યની આસપાસ ચક્રાકારે ફરે છે. ઉપગ્રહો પોત પોતાના ગ્રહોની આસપાસ ચક્રાકારે ફરે છે. સૂર્ય પોતે પણ પોતાની ધરી ઉપર ફરે છે. સૂર્ય પોતે પણ આકાશગંગા નામે ઓળખાતા તારા વિશ્વનો સભ્ય છે.આકાશ-ગંગામાં આવા અબજો સૂર્ય છે. આકાશ ગંગાનો આકાર પણ ચક્ર જેવો છે, અને ચક્ર જેમ પોતાની ધરી ઉપર ફરે તેમ આકાશ- ગંગાના બધા તારા અથવા સૂર્ય આકાશ ગંગાની ધરી ની આસપાસ ફરે છે. આમ વસ્તુ અને ગતિ બંને ચક્રરૂપે વ્યકતથાય છે. મહાભારત માત્ર પુરાણ નથી. તેમાં ઈતિહાસ, સાહિત્ય, વિજ્ઞાન, તત્ત્વજ્ઞાન,વગેરે બધું છે. ગીતાનો બોધ આપનાર શ્રીકૃષ્ણ, બ્રહ્મ જ્ઞાની હતા તેમ બીજી વિદ્યા માં પણ પારં ગત હતા. તેઓ મુત્સદી ગીરીમાં, યુદ્ધ વિદ્યામાં અને વ્યૂહ શાસ્ત્રમાં પ્રવિણ હતા.એટલે જ તેમણે દ્વારિકાને પોતાની રાજધાની તરીકે પસંદ કરી હતી. તે વખતે દ્વારિકા જવા માટે બે વખત સમુદ્ર ઓળંગવો પડતો. ખંભાતનો અખાત અને કચ્છનો અખાત જોડાયેલા હોવાથી સૌરાષ્ટ્ર બેટ હતો. અને મીઠાપુરથી કચ્છના અખાત સુધી પણ સમુદ્ર હોવાથી દ્વારિકા પણ બેટ હતી. દ્વારિકાને જ્ઞાન વિજ્ઞાનની નગરી તરીકે ઓળખવામાં આવી હતી. આપણા વડાપ્રધાને દરિયામાં ડૂબકી મારી અસલ દ્વારિકાના દર્શન કર્યા અને હવે આવનાર દિવસોમાં દેશના લોકોએ અદ્ભુત નજારો જોઈ શકશે.અસલ દ્વારિકા દરિયામાં ડૂબી ગઇ એમ કહેવામાં આવે છેકે તે પણ સૂચક છે,કારણકે ભૂસ્તરવિજ્ઞાન શાસ્ત્રી ઓ કહે છે કે આ પ્રદેશ બહુ મોટા ભૂકંપોને પાત્ર છે અને ત્યાં થયેલ હોયએવી ઉથલપાથલો માન્યતા છે. તે દરિયામાં ડૂબી જળનું સ્થળ અને સ્થળનું જળ બની છે.લંકા વિશે પણ એવી ગઈ.ભૂસ્તર વિજ્ઞાનીઓ કહે છે. આ વાત એક રીતે સાચી છે.એક જમાનામાં લંકા અને ભારત જોડાયેલાં હતાં. ભૂકંપથી વચલો ભાગ ડૂબી ગયો અને તેની ઉપર છીછરો સમુદ્ર ફરી વળ્યો. ભાગવતમાં શુકદેવજી કહે છે કે મનુષ્યને દેવનું આયુષ્ય પ્રાપ્તથાય તો પણ તે પ્રભુના ગુણ વૈભવનો પાર પામી શકે નહીં;તેથી સાત જ દ્વિપની વાત બહુ જ ટૂંકામાં રજૂ કરી છે. આ સાત દ્વિપનાં નામ આ રહ્યાં જમ્બુ, પ્લક્ષ, સાલ-મલ, કુશ, કાંચ, શાક, અને પુસ્કર. શુકદેવજી આ સાત કયા દ્વિપની વાત કરે છે તે આજે આપણે સમજી શકતા નથી. તેઓ પૃથ્વી ના મહાસાગર વચ્ચે આવેલા દ્વિપો અથવા ખંડો વિશે કહે છે ? કે અવકાશમાં તરતા ગ્રહો વિશે કહે છે? અમેરિકનો ચંદ્ર ઉપર ઉતર્યા તે પહેલાં પણ તેમણે ચંદ્રના ભૌગોલિક સ્થાનોનાં નામ આપ્યાં હતાં.ચંદ્રની પાછલી બાજુ આપણે જોઈ શકતા નથી,તેમ છતાં રશિયાની અવકાશી વેધ શાળાએ ચંદ્રની પાછળ જઈને તેની તસવીરો લીધી અને તે તસવીરો દ્વારા પહેલી જ વાર આપણે ચંદ્રની પાછલી બાજુ જોઈ શક્યા, ત્યારે રશિયાએ એ બાજુનાં ભૌગોલિક સ્થાનોને પણ દુનિયાના પ્રખર વિદ્વાનોનાં નામ આપ્યાં,પરંતુ શુકદેવજીએ જે નામ આપ્યાં છેતે નામ તે દ્વિપોમાં જઈ ને આપ્યાં છે કે રશિયનોની જેમ ઘર બેઠે આપ્યાં છે તે આપણે જાણતાં નથી.એટલું ખરું છે કે



આપણા પ્રાચીન ખગોળ શાસ્ત્રીઓએ સૂર્ય,ચંદ્ર,બુધ,શુક્ર, પૃથ્વી,મંગળ,ગુરુ અને શનિએ બધાં વિશે નિરીક્ષણ દ્વારા અભ્યાસ કર્યો હતો. રામાયણ મહાભારતના સમયમાં દૂરબીન ન હોવાથી નરી આંખે બુધ,શુક્ર,મંગળ,ગુરુ અને શનિએ પાંચ ગ્રહો જ જોઈ શકાતા હતા. તેમાં આપણી પૃથ્વી અને સૂર્ય અથવા ચંદ્રનો ઉમેરો કરો તો અવકાશ રૂપી મહાસાગરમાં સાત દ્વિપ થયાં.સંભવ છે કે શુકદેવજી એ જેને જમ્બુદ્વિપ કહ્યો છે તે આપણી પૃથ્વી હોય. તેમણે એમ પણ જણાવ્યું છે કે જમ્બુદ્વિપની આસપાસ ખારો સમુદ્ર છે. પૃથ્વી ની સપાટીના ઈકોતેર ટકા ખારા સમુદ્ર વડે ભરાયેલ છે અને સમુદ્ર ની વચ્ચે ખંડો તથા ટાપુઓ છે. તેમણે જમ્બુ દ્વિપના નવ ભાગ પાડયા છે અને નવમો ભાગ ભારતને ગણ્યો છે તેની ઉપરથી એમ જણાય છે કે જમ્બુદિપ એટલે ભરતખંડ અથવા એશિયા હશે. હમણાં જ રામ મંદિર પ્રાણ પ્રતિષ્ઠા સમયે..જમ્બુદિપ.. ગીત બધાના મન હૃદયમાં સતત ગણ ગણતું હતું.કરોડો વર્ષ પહેલાં આપણા દેશની ઉત્તરે હિમાલય છે ત્યાં પણ સમુદ્ર હતો, એટલે કે તે સમુદ્રથી ઘેરાયેલ હતો. શુકદેવજી રાજાને આ ગજેન્દ્ર મોક્ષની કથા સંભળાવે છે. ત્રિકૂટ પર્વત ઉપર એક બળવાન હાથી રહેતો હતો. ઉનાળાના દિવસ હતા. ગરમી બહુ હતી. ગજેન્દ્ર હાથણીઓ અને બચ્ચાંઓ સાથે સરોવરમાં જળક્રીડા કરવા ગયો. તે આમ જળક્રીડામાં તન્મય છે એવામાં મગરે આવી એને પગ પકડયો. મગરના પંજામાંથી છૂટવા હાથીએ ઘણો પ્રયત્ન કર્યો, પણ મગર હાથીને છોડતો નથી. હાથી સ્થળચર અને મગર જળ ચર છે.એટલે હાથીનું જળમાં કંઈ ચાલતું નથી. સમજો તો આ ગજેન્દ્ર મોક્ષની કથા આપણી કથા છે. આ સંસાર તે સરોવર. તે સરોવરમાં જીવ તે ગજેન્દ્ર અને કાળ તે મગર. વાસનાઓ, સંસારના વિષયો તે હરણીઓને એનાં બચ્ચાં. સંસાર ના વિષયોમાં આસક્ત થયેલા જીવને કાળનું ભાન રહેતું નથી અને કાળ આવી તેને પકડે છે.આ જીવાત્મા ગજેન્દ્ર ત્રિકૂટા ચલ પર્વતમાં રહે છે. ત્રિકૂટાચલ એટલે ત્રણ શિખર વાળો પર્વત આપણું શરીર કામ, ક્રોધ,લોભએ એનાં ત્રણ શિખરો. સંસાર સરોવરમાં જીવાત્મા તથા બાળકો સાથે ક્રીડા કરે છે. જે સંસારમાં જીવ રમે છે તે સંસાર સરોવરમાં તેનો કાળ નક્કી કરવામાં આવ્યો હોય છે. સંસારસમુદ્રમાં જે વાસનામાં રમે છે તેને મગર-કાળ પકડે છે. જે કામનો માર ખાય તેને કામનો માર ખાવો જ પડે છે. મનુષ્ય કહે છે, હું કામને ભોગવું છું, પણ તે ખોટી વાત છે. કામ મનુષ્યને ભોગવી તેને ક્ષીણ કરે છે. આપણે ભોગ નથી ભોગવતા, ભોગ આપણને ભોગવે છે. અનેક જન્મથી જીવને કાળ મારતો આવ્યો છે. એટલે મગર અને સર્પને કાળની ઉપમા આપવામાં આવી છે. જે સંસાર સરોવરમાં મનુષ્ય ક્રીડા કરે છે ત્યાં જ કાળ રહે છે. જન્મની સાથે જ માણસ કાળને લઈને આવેલો છે. કાળ આવે છે ત્યારે પગને પહેલાં પકડે છે. પગની શક્તિ ક્ષીણ થાય ત્યારે માનજો કે કાળે પકડયા છે. પરંતુ ગભરાશો નહીં. એનો પણ ઉપાય છે.ગજેન્દ્રે બતાવ્યો છે તે ભાગવત સ્મરણમાં લાગી જવું.

કાળ જ્યારે પકડે ત્યારે કાળની પકડમાંથી સ્ત્રી કે પુત્ર કોઈ છોડાવી શકે નહીં. સ્ત્રી-પુત્રની સાથે સંસારસમુદ્રમાં રમવા રહ્યા ને ભાન ભૂલ્યા એટલે તો કાળ- મગરે પગ પકડયો. હવે એ સ્ત્રી- પુત્ર કેમ કરી છોડાવી શકે? એ તો ઊલટા દૂર ભાગી જાય છે. હાથીનું સંકટ જોઈ હાથણીઓ ભયથી આઘી ખસી ગઈ.હાથી એકલપંડે લડે છે.હાથી-મગરનું આ યુદ્ધ કેવું ચાલ્યું!એટલે કે ખૂબ લાંબું ચાલ્યું.આ બતાવે છે કે, વાસના જીતવી બહુ અઘરી છે. તે એકદમ હરિના શરણે મનને જવા દેતી નથી. પોતાના જોરે તે જીતવા માગે છે, પણ તે તો હવે ગજેન્દ્ર એકલો પડ્યો એકલો પડે ત્યારે જ્ઞાન જાગ્રત થાય છે હવે એને ભાન થયું કે વાસના કેવળ ફસાવે છે તેના ટેકે રહેવાય નહીં જીવ નિર્બળ બને છે ત્યારે તે ઈશ્વરને શરણે જાય છે નિર્બળ કે બળ રામ છે. શિવજી મનુષ્યોને સમજાવે છે કે, હરિસ્મરણ અને હરિકીર્તનથી મનુષ્ય મોહિનીના મોહમાંથી બચી શકશે. મોહિની એટલે ભગવાનની માયા. એને તરવાનું રેંજીપેંજીનું કામ નથી. દૃઢ મનોબળવાળા પરાક્રમી,ભક્તનું જ એ કામ છે. બાકી મોટા મોટા સંત-મહાત્માઓ ભગવાનની માયા જોઈ ગોથાં ખાઈ જાય છે,ત્યાં સામાન્ય માનવીનું શું ગજું?તે પછી શુકદેવ જી પરીક્ષિત રાજાને વામન ભગવાનની કથા સંભળાવી. દેવ-દૈત્યોનું યુદ્ધ થયા પછી દૈત્યો શુક્રાચાર્યને શરણે ગયા. શુક્રાચાર્ય ની મદદથી દૈત્યોનું બળ વધ્યું. શુક્રાચાર્યે બલિને કહ્યું કે,તું વિશ્વ જીત યજ્ઞ કર. બલિએ વિશ્વજીત યજ્ઞ કર્યો. તે યજ્ઞમાંથી સર્વજિત રથ નીકળ્યો. જે શુક્રની સેવા કરે છે તે બલિ બને છે.શુક્ર-શક્તિ તત્ત્વ છેતેનાઆધારે શરીર બન્યું છે,બ્રહ્મચર્યની સેવા કરો તો બલિ થશો.શુક્રાચાર્ય એટલે સંયમ. બ્રહ્મચર્યની સેવા કરવા એટલે કે સંયમ, બ્રહ્મચર્ય પાળવાથી દૈત્યો બલિ થયા, બળવાન થયા. બલિએ સર્વ વિષયોનો યજ્ઞમાં હોમ કર્યો. સંયમરૂપી અગ્નિમાં સર્વ વિષયોનો હોમ કરી બલિ જિતેન્દ્રિય બન્યો,અને બળવાન થયેલા બલિને શુક્રાચાર્યે પોતાનું બ્રહ્મતેજ આપ્યું. બલિરાજાએ દેવોનો પરાભવ કર્યો અને સ્વર્ગનું રાજ મેળવ્યું. પછી બલિ ઈન્દ્રાસન ઉપર બેઠો. શુક્રાચાર્ય વિચાર કરે છે. બલિ સો અશ્વમેઘ યજ્ઞ કરે તો સ્વર્ગનું રાજ્ય કાયમને માટે મળે. યજ્ઞ કરવા બલિરાજા ભૃગુકચ્છ (હાલના ભરૂચ) તીર્થમાં આવ્યા. દેવોની લાચાર હાલત જોઈ દેવો ની માતા અદિતિને બહુ દુઃખ થયું. તેમણે કશ્યપ પાસે માગ્યું કે, મારા છોકરાઓને સ્વર્ગનું રાજ્ય પાછું મળે તેવું વરદાન આપો! કશ્યપ કહે છે, આવી બાબત પ્રભુ પર છોડવા સિવાય બીજો ઉપાય નથી. માટે દેવી,તમે ફાગણ મહિનામાં વિધિપૂર્વક પયોવ્રત નામનું વ્રત કરો તો પરમાત્મા તમારા ઘરે પુત્રરૂપે આવશે. અદિતિ અને કશ્યપ ગૃહસ્થાશ્રમી છે. બંને પતિપત્ની પ્રભુભક્ત છે. આવા ગૃહસ્થાશ્રમી ને વગર યોગા ભ્યાસે યોગનું ફળ મળી શકે છે. ગૃહસ્થાશ્રમ તો જે યત્ર યોગો હ્યયોગિનામ્ લોકો યોગ કરી શકતા નથી તેને પણ યોગનું ફળ આપવાવાળો છે. ગૃહસ્થાશ્રમમાં અગિયાર ઈન્દ્રિયોને કાબૂમાં રાખવી પડે છે. ગૃહસ્થાશ્રમમાં ધર્મ મુખ્ય છે, ભોગ નહીં.આજ તો વરરાજા ઘોડા પર બેસતાં બીએ છે,કારણ કે ઘોડાને કાબૂમાં રાખવા લગામ પકડતાં આવડતી નથી. જેની લગામ પોતાના હાથમાં નહીં તે ગૃહસ્થાશ્રમ ખાડામાં જ પડે. શાસ્ત્રમાં ગૃહસ્થાશ્રમના ઘણાં વખાણ કર્યા છે. નિંદા કામવાસનાની કરી છે મહાત્માઓ તો ત્યાં સુધી કહે છે કે ગૃહસ્થાશ્રમી નો આનંદ અનેક વખત યોગીઓના આનંદ કરતા પણ ચડિયાતો છે સ્ત્રીકે પુરુષ કોની નિંદા કરતા નથી કરાય છે. વાચક ચાહક મિત્રો, સૌને જય માતાજી કાળઝાળ ગરમીનો પ્રકોપ વધી રહ્યો છે ત્યારે બિનજરૂરી સીધા સૂર્યપ્રકાશમાં ના ફરી તંદુરસ્તી જાળવીએ. અસ્તુ.

**હરિયાણાથી અયોધ્યા ધામ સુધી ફ્લાઇટ્સ શરૂ, એટલે કે હવે શ્રી કૃષ્ણની પવિત્ર ભૂમિ હરિયાણા સીધી રીતે ભગવાન રામના શહેર સાથે જોડાયું છે**

## પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ હિસાર એરપોર્ટના ૪૧૦ કરોડ રૂપિયાથી વધુના નવા ટર્મિનલ બિલ્ડિંગનો શિલાન્યાસ કર્યો

**વિકસિત ભારતનાં વિઝનને મજબૂત કરવામાં હરિયાણાની ભૂમિકા પર વિશ્વાસ વ્યક્ત કરીને પ્રધાનમંત્રીએ રમતગમત કે કૃષિમાં રાજ્યની વૈશ્વિક અસરની પ્રશંસા કરી હતી, તેમણે હરિયાણાના યુવાનોમાં વિશ્વાસ વ્યક્ત કર્યો હતો અને નવા એરપોર્ટ અને ફ્લાઇટ્સને હરિયાણાની આકાંક્ષાઓને પૂર્ણ કરવા માટે પ્રેરણારૂપ ગણાવી હતી.**

હવાઈ મુસાફરીને સુરક્ષિત, વાજબી અને તમામને સુલભ બનાવવાની પોતાની પ્રતિબદ્ધતાને અનુરૂપ પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ આજે હરિયાણાના હિસારમાં મહારાજા અગ્રસેન એરપોર્ટના નવા ટર્મિનલ ભવનનો શિલાન્યાસ કર્યો હતો, જેની કિંમત ૪૧૦ કરોડ રૂપિયાથી વધારે છે. આ પ્રસંગે ઉપસ્થિત જનમેદનીને સંબોધતા તેમણે હરિયાણાની જનતાને તેમની તાકાત, ખેલદિલી અને ભાઈચારાને રાજ્યની નિર્ણાયક લાક્ષણિકતાઓ ગણાવીને શુભેચ્છા પાઠવી હતી. તેમણે આ વ્યસ્ત લણણીની મોસમમાં આશીર્વાદ આપવા બદલ વિશાળ જનમેદનીનો આભાર વ્યક્ત કર્યો હતો. પ્રધાનમંત્રીએ ગુરુ જંભેશ્વર, મહારાજા અગ્રસેન અને પવિત્ર અગ્રોહ ધામને આદરપૂર્વક શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી. તેમણે હરિયાણા, ખાસ કરીને હિસાર વિશેની તેમની મધુર યાદોને શેર કરી હતી, જ્યારે તેમના પક્ષ દ્વારા તેમને રાજ્યની જવાબદારી સોંપવામાં આવી હતી ત્યારે ઘણા સાથીદારો સાથે નજીકથી કામ કરવાના તેમના સમયને યાદ કર્યો હતો. તેમણે હરિયાણામાં પાર્ટીના પાયાને મજબૂત બનાવવા માટે આ સાથીદારોના સમર્પણ અને પ્રયત્નો પર પ્રકાશ પાડ્યો. તેમણે વિકસિત હરિયાણા અને વિકસિત ભારતના લક્ષ્ય પ્રત્યે તેમની પાર્ટીની પ્રતિબદ્ધતા પર ગર્વ વ્યક્ત કર્યો હતો, જે આ વિઝન તરફ અત્યંત ગંભીરતાથી કામ કરી રહી છે. પ્રધાનમંત્રીએ કહ્યું હતું કે, "આજનો દિવસ સમગ્ર દેશ માટે મહત્ત્વપૂર્ણ છે, કારણ કે આ દિવસ બંધારણના ઘડવૈયા બાબાસાહેબ આંબેડકરની જન્મજયંતિની ઉજવણી છે. બાબાસાહેબનું જીવન, સંઘર્ષ અને સંદેશ સરકારની ૧૧ વર્ષની સફરનો પાયો છે. તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે, સરકારનો દરેક નિર્ણય, દરેક નીતિ અને દરેક દિવસ બાબાસાહેબનાં વિઝનને સમર્પિત છે. તેમણે જીવન સુધારવા અને વંચિતો, શોષિતો, ગરીબ, આદિવાસી સમુદાયો અને મહિલાઓનાં સ્વપ્નો સાકાર



કરવા સરકારની કટિબદ્ધતાનો પુનરોચ્ચાર કર્યો હતો. તેમણે જણાવ્યું હતું કે, સતત અને ઝડપી વિકાસ આ લક્ષ્યાંકો હાંસલ કરવા તેમની સરકારનો મંત્ર રહ્યો છે. કૃષ્ણની પવિત્ર ભૂમિ અને ભગવાન રામની નગરી વચ્ચે સીધી કડીના પ્રતીક સમાન હરિયાણાથી અયોધ્યા ધામને જોડતી ફલાઈટના પ્રારંભને રેખાંકિત કરતાં પ્રધાનમંત્રીએ જાહેરાત કરી હતી કે, અન્ય શહેરોની ફલાઈટ ટૂંક સમયમાં શરૂ થશે. તેમણે હિસાર એરપોર્ટ પર નવા ટર્મિનલ બિલ્ડિંગના શિલાન્યાસ પર પ્રકાશ પાડ્યો હતો અને તેને હરિયાણાની આકાંક્ષાઓને નવી ઊંચાઈએ લઈ જવા તરફનું એક પગલું ગણાવ્યું હતું. તેમણે હરિયાણાના લોકોને આ નોંધપાત્ર સીમાચિહ્નરૂપ માટે અભિનંદન પાઠવ્યા હતા. ચંપલ પહેરનારાઓ પણ વિમાનમાં ઉડાન ભરશે, જેનું વિઝન હવે સમગ્ર દેશમાં સાકાર થઈ રહ્યું છે, એનાં પોતાનાં વચનનો પુનરોચ્ચાર કરતાં શ્રી મોદીએ જણાવ્યું હતું કે, છેલ્લાં ૧૦ વર્ષમાં લાખો ભારતીયોએ પ્રથમ વખત હવાઈ મુસાફરીનો અનુભવ કર્યો છે. તેમણે નોંધ્યું હતું કે, અગાઉ યોગ્ય રેલવે સ્ટેશનોનો અભાવ ધરાવતાં વિસ્તારોમાં પણ નવા એરપોર્ટનું નિર્માણ થયું છે. તેમણે જણાવ્યું હતું કે, વર્ષ ૨૦૧૪ અગાઉ ભારતમાં ૭૪ એરપોર્ટ હતાં, જે સંખ્યા ૭૦ વર્ષમાં હાંસલ થઈ છે, ત્યારે અત્યારે એરપોર્ટની સંખ્યા ૧૫૦ને વટાવી ગઈ છે. તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે, ઉડાન યોજના હેઠળ આશરે ૯૦ એરોડ્રોમને જોડવામાં આવ્યાં છે, જેમાં ૬૦૦થી વધારે રૂટ કાર્યરત છે, જે ઘણાં લોકોને વાજબી દરે હવાઈ મુસાફરી કરવા સક્ષમ બનાવે છે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે, આને કારણે વાર્ષિક હવાઈ પ્રવાસીઓની સંખ્યા રેકોર્ડબ્રેક રહી છે. વિવિધ એરલાઈન્સે ૨,૦૦૦ નવા વિમાનોના રેકોર્ડ ઓર્ડર આપ્યા છે, જે પાઈલટ્સ, એર હોસ્ટેસ અને અન્ય સેવાઓ માટે અસંખ્ય રોજગારીનું સર્જન કરશે. તેમણે એ વાત પર પણ ધ્યાન દોર્યું હતું કે વિમાન જાળવણી ક્ષેત્ર રોજગારની નોંધપાત્ર તકો પેદા કરશે. તેમણે વધુમાં કહ્યું હતું કે, "હિસાર એરપોર્ટ હરિયાણાનાં યુવાનોની આકાંક્ષાઓ વધારશે, તેમને નવી તકો અને સ્વપ્નો પ્રદાન કરશે." પ્રધાનમંત્રીએ ભારપૂર્વક જણાવ્યું હતું કે, "અમારી સરકાર ગરીબો અને સામાજિક ન્યાયનું કલ્યાણ સુનિશ્ચિત કરતી વખતે કનેક્ટિવિટી પર ધ્યાન કેન્દ્રિત કરી રહી છે, બાબાસાહેબ આંબેડકરના વિઝનને પૂર્ણ કરી રહી છે અને બંધારણના ઘડવૈયાઓની આકાંક્ષાઓ પૂર્ણ કરી રહી છે." તેમણે બાબાસાહેબ આંબેડકર સાથેના વર્તન માટે કોંગ્રેસ પક્ષની ટીકા કરી હતી અને કહ્યું હતું કે તેઓ જીવતા હતા ત્યારે તેઓએ તેમનું અપમાન કર્યું હતું, તેમની ચૂંટણીમાં પરાજયને બે વાર અંજામ આપ્યો હતો અને તેમને સિસ્ટમમાંથી બાકાત રાખવાનું કાવતરું રચ્યું હતું. બાબાસાહેબના નિધન બાદ પાર્ટીએ તેમનો વારસો ભૂંસી નાખવાનો અને તેમના વિચારોને દબાવવાનો પ્રયાસ પણ કર્યો હતો. તેમણે એ બાબત પર પ્રકાશ પાડ્યો હતો કે, ડૉ. આંબેડકર બંધારણનાં રક્ષક હતાં, જ્યારે તેઓ બંધારણનાં વિનાશક બન્યાં હતાં. તેમણે કહ્યું હતું કે, જ્યારે ડૉ. આંબેડકરનું લક્ષ્ય સમાનતા લાવવાનું હતું, ત્યારે કોંગ્રેસે દેશમાં વોટબેંકની રાજનીતિનો વાયરસ ફેલાવ્યો હતો.

### નુશરતએ ૨૦૦૬થી હિન્દી ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં કરિયર શરૂ કરી હતી

# ‘ડ્રીમ ગર્લ ૨’માં રીપ્લેસ કરતાં નુશરતને દુઃખ હતું

નુશરત ભરુચાએ ૨૦૦૬થી હિન્દી ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં કરિયર શરૂ કરી હતી. છેલ્લા બે દાયકામાં તેણે ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં વર્સેટાઈલ એક્ટર તરીકે ઘણાં રોલ કર્યા છે. ૨૦૧૯માં નુશરત અને આયુષ્માન ખુરાનાની ‘ડ્રીમ ગર્લ’ ખૂબ વખણાઈ હતી. ૨૦૨૩માં ‘ડ્રીમ ગર્લ ૨’ બની ત્યારે તેમાં નુશરતની જગ્યા અનન્યાએ લઈ લીધી હતી. પોતાનો રોલ અન્ય એક્ટ્રેસને મળી જતાં નુશરતનું દુઃખી થવાનું સ્વાભાવિક હતું. બે વર્ષ બાદ આ અંગે પોતાની લાગણી વ્યક્ત કરતાં નુશરતે કહ્યું હતું કે, તેને અતિશય દુઃખ થયુ હતું, પરંતુ ચૂપ રહ્યા સિવાય કોઈ વિકલ્પ ન હતો.નુશરતની યાદગાર ફિલ્મોમાં કાર્તિક સાથેની ‘પ્યાર કા પંચનામા’ (૨૦૧૫) અને ‘છોરી’ (૨૦૨૧)નો સમાવેશ થાય છે. તાજેતરમાં એક પોડકાસ્ટ દરમિયાન નુશરતે બે વર્ષ બાદ પોતાની વ્યથા અંગે દિલ ખોલીને વાત કરી હતી. બોલિવૂડમાં ન્યૂકમર તરીકેના પડકારો તથા આઉટસાઈડર હોવાના કારણે થયેલી અવગણનાને નુશરતે ભોગવેલી છે. નુશરતે કહ્યું હતું કે, મારી પોતાની ફિલ્મની સીક્વલમાંથી બાદબાકી થઈ હતી. મારા સિવાયની તમામ કાસ્ટને યથાવત રખાઈ હતી. આ તો યોગ્ય ન હતું જ, પણ કશું થાય તેમ ન હતું. ‘ડ્રીમ ગર્લ ૨’માં પોતાના રોલ માટે લડત આપી હતી કે કેમ તે અંગે વાત કરતાં નુશરતે કહ્યું હતું કે, પરિસ્થિતિ બદલવાની કોઈ ક્ષમતા મારી પાસે ન હોય ત્યારે લડવાનો કોઈ મતલબ જ નથી. કદાચ કોઈને પૂછું કે હું કેમ નથી? તો સીધો જવાબ હતો કે, તે લોકો મને ઈચ્છતા ન હતા. તેમની પસંદગી સામે સવાલ ન થઈ શકે. મુકાબલો કરવાની ક્ષમતાનો તે સમયે યોગ્ય રીતે ઉપયોગ કર્યો અને જે લોકો મારી સાથે કામ કરવા માગતા હતા, તેમની સાથે કામ કર્યું. દીવાલ પર માથું અથડાવાથી શું થાય? માથું જ ફૂટવાનું છે. કંઈ વાંધો નહીં, અન્ય જગ્યાએ પોતાનો દરવાજો બનાવો અને એક સ્ટેપ આગળ-પાછળ થઈને જગ્યા કરી લો. નુશરતે ‘ડ્રીમ ગર્લ’ની સીક્વલ ગુમાવી હતી, પરંતુ તાજેતરમાં ‘છોરી’ની સીક્વલમાં નુશરત યથાવત રહી હતી. આ ફિલ્મમાં નુશરતની સાથે સોહા અલી ખાન પણ મહત્ત્વના રોલમાં છે.




### રજનીકાંત ‘જેલર ૨’થી ધમાકો કરવા માટે તૈયાર

# જેલર ૨’ના શૂટિંગ માટે કેરલ પહોચેલા સુપરસ્ટાર રજનીનું સ્ટાઈલિશ સ્વાગત

**ગાડીમાંથી ઉતરતાની સાથે જ હોટલના સ્ટાફે ગેટ પર જ તેમની આરતી ઉતારી**



વર્ષ ૨૦૨૩ માં ‘જેલર’ થી ભારે ધમાલ મચાવ્યા બાદ, રજનીકાંત હવે ‘જેલર ૨’ થી ધમાકો કરવા માટે તૈયાર છે. તેણે તેનું શૂટિંગ શરૂ કરી દીધું છે, જે હાલમાં કેરળમાં ચાલી રહ્યું છે. રજનીકાંત તાજેતરમાં કેરળ પહોંચ્યા હતા, અને ત્યાં તેમનું ઉષ્માભર્યું સ્વાગત કરવામાં આવ્યું હતું. રજનીકાંત એરપોર્ટ પર જ ચાહકોની ભીડથી ઘેરાયેલા હતા, જેના ઘણા વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યા છે. બીજો એક વીડિયો વાયરલ થઈ રહ્યો છે જેમાં હોટલ સ્ટાફ ‘થલાઈવા’ રજનીકાંતનું ઉષ્માભર્યું સ્વાગત કરતો જોઈ શકાય છે. રજનીકાંત સ્ટાઈલમાં પહોંચ્યા અને ગાડીમાંથી ઉતરતાની સાથે જ હોટલના સ્ટાફે ગેટ પર જ તેમની આરતી ઉતારી. આ શૈલી જોઈને રજનીકાંત પ્રભાવિત થયા અને તેમનો આભાર માન્યો.રામ્યા કૃષ્ણન પણ ‘જેલર ૨’ના શૂટિંગ માટે કેરળ પહોંચી ગઈ છે. આ ફિલ્મમાં તે એક મહત્વપૂર્ણ ભૂમિકામાં પણ જોવા મળશે. રજનીકાંત ૨૦ દિવસ કેરળમાં રહેશે અને શૂટિંગ કરશે તેવું જાણવા મળ્યું છે. ફિલ્મનું પહેલું શેડ્યૂલ માર્ચ ૨૦૨૫ માં શૂટ કરવામાં આવ્યું હતું, અને હવે બીજું શેડ્યૂલ કેરળમાં ચાલી રહ્યું છે. ૧૪ જાન્યુઆરીના રોજ, નિર્માતાઓએ ‘જેલર ૨’નો પ્રોમો રિલીઝ કર્યો, જેમાં પ્લોટ અને આગળની વાર્તા વિશે કંઈ જાહેર કરવામાં આવ્યું ન હતું, પરંતુ એ ચોક્કસ જાહેર થયું કે નિવૃત્ત જેલર ટાઈગર મુથુવેલ પાંડિયન બીજા ભાગમાં પાછા ફરશે.

# સમંથા રૂથ પ્રભુએ ૧૫ બ્રાન્ડ્સને કર્યો ઇનકાર, થશે કરોડોનું નુકસાન



અભિનેત્રી સામંથા રૂથ પ્રભુ સાઉથથી લઈને બોલિવૂડ સુધી ચર્ચામાં રહે છે. તાજેતરમાં તેણીએ જણાવ્યું હતું કે હવે તે બ્રાન્ડ એન્ડોર્સમેન્ટ કરતા પહેલા ઘણી વાર વિચારે છે. તે પોતાની ચોઈસ પ્રત્યે ખૂબ કાળજી રાખે છે.તેમણે કહ્યું કે ગયા વર્ષે તેમણે ૧૫ બ્રાન્ડ સ્વીકારી હતી. સમંથા રૂથ પ્રભુ ઈચ્છે છે કે તે જેને પણ સમર્થન આપે તેની સમજ પર સકારાત્મક અસર પડે.સમંથાએ કહ્યું કે જ્યારે હું ઈન્ડસ્ટ્રીમાં આવી ત્યારે મારી ઉંમર ૨૦ વર્ષની હતી. તે સમયે, સફળતા તમે કેટલું કામ કરી રહ્યા છો તેના પરથી માપવામાં આવતી હતી. તમારી પાસે કેટલા પ્રોજેક્ટ છે? તમે કેટલી બ્રાન્ડ્સને સમર્થન આપો છો? કેટલી બ્રાન્ડ્સ ઈચ્છે છે કે તમે તેમનો ચહેરો બનો. મને ખૂબ આનંદ થયો કે બધી બહુરાષ્ટ્રીય બ્રાન્ડ્સ મને પોતાનો ચહેરો બનાવવા માંગતી હતી.સમન્થાએ આગળ કહ્યું કે પણ આજે મને ખ્યાલ આવી ગયો છે કે હું ખોટી ન હોય શકું. મેં વિચાર્યા વગર પ્રોજેક્ટ્સ હાથ ધરવાથી મારી જાતને રોકી. મને ખબર હતી કે મારે એવું કરવું પડશે જેનાથી મને સારું લાગે. આજે, મને લાગે છે કે મારે મેં પહેલા કરેલી બધી બકવાસ માટે માફી માંગવી જોઈએ. તે જાહેરાતો ઘણા સમય પહેલા બનાવવામાં આવી હતી. મેં ગયા વર્ષે જ લગભગ ૧૫ બ્રાન્ડ્સને ઈનકાર કર્યો છે અને છોડી દીધી છે. ચોક્કસ, કરોડો રૂપિયાનું નુકસાન થયું. હવે જ્યારે પણ કોઈ જાહેરાત આવે છે, ત્યારે હું મારા બ્રાન્ડની તપાસ ૩ ડૉક્ટરો દ્વારા કરાવ્યા પછી જ કરું છું.

# જનરલ ડાયરની પ્રપૌત્રી પર અક્ષય અને કરણ જોહરે નારાજગી ઠાલવી

**તાજેતરમાં, જનરલ ડાયરની પૌત્રી કેરોલિન ડાયરનો એક વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થયો હતો**

જનરલ ડાયરની પ્રપૌત્રીએ જલિયાંવાલા બાગ હત્યાકાંડમાં માર્યા ગયેલા હજારો ભારતીયો વિશે કંઈક એવું કહ્યું છે, જેનાથી અક્ષય કુમાર અને કરણ જોહરનું લોહી ઉકળી ઉઠ્યું છે. અક્ષય હાલમાં કરણ જોહર દ્વારા નિર્મિત ‘કેસરીઃ ચેપ્ટર ૨’ માટે સમાચારમાં છે. આ ફિલ્મ જલિયાંવાલા બાગ હત્યાકાંડ અને ત્યારબાદની પરિસ્થિતિઓ પર આધારિત છે. આ ફિલ્મમાં અક્ષય વકીલ સી. શંકરન નાયરની ભૂમિકામાં જોવા મળશે, જેમણે જલિયાંવાલા હત્યાકાંડના મુખ્ય આરોપી જનરલ ડાયર સામે કોર્ટમાં કેસ લડ્યો હતો. તાજેતરમાં, જનરલ ડાયરની પૌત્રી કેરોલિન ડાયરનો એક વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થયો હતો, જેમાં તે કહી રહી છે કે જલિયાંવાલા હત્યાકાંડમાં માર્યા ગયેલા બધા લોકો લૂંટારા હતા. આ વિડીયો ૨૦૧૯ માં રિલીઝ થયેલી ચેનલ ૪ ડોક્યુમેન્ટરીનો ક્લિપ છે, જેમાં જનરલ ડાયરની પ પૌત્રી કેરોલીને આ નિવેદન આપ્યું હતું. તેમણે જનરલ ડાયરની પણ પ્રશંસા કરી. વીડિયોમાં, કેરોલિન જલિયાંવાલા હત્યાકાંડના પીડિતના પરિવારના સભ્ય સાથે વાત કરતી અને તેના પિતાને ‘લૂટેરા’ કહેતી જોવા મળી હતી.૧૩ એપ્રિલના રોજ જલિયાંવાલા બાગ હત્યાકાંડમાં લગભગ ૧,૬૫૦ નિર્દોષ ભારતીયો માર્યા ગયા હતા, અને જ્યારે કેરોલિન ડાયરે માર્યા ગયેલા લોકોને લૂંટારા ગણાવ્યા, ત્યારે કરણ જોહર ગુસ્સે ભરાયા. “મેં વિડિઓ જોયો છે,” તેમણે કહ્યું, સ્ક્રીન અનુસાર. ફક્ત એક ભારતીય કે માનવી તરીકે જ નહીં, પણ જેમના હૃદયમાં થોડી પણ સહાનુભૂતિ છે તેમના લોહી આ વીડિયો જોયા પછી ઉકળી ઉઠશે. આટલા મોટા હત્યાકાંડ વિશે તે આવું કેવી રીતે કહી શકે? તેમની હિંમત કેવી રીતે થઈ?કરણ જોહરે આગળ કહ્યું, ‘તે તે હજારો લોકોને લૂંટારા કહી રહી હતી.’ તેઓ નિર્દોષ લોકો હતા જે વૈશાખીના શુભ દિવસે ભેગા થયા હતા. પણ કોને ખબર હતી કે કંઈક બીજું થવાનું છે. જનરલ ડાયરે પોતે સ્વીકાર્યું હતું કે ગોળીઓ ખતમ થઈ જાય ત્યારે જ તેણે ગોળીબાર બંધ કર્યો હતો.કરણ અહીં જ ન અટક્યો અને આગળ કહ્યું, ‘તેણી (જનરલ ડાયરની પ્રપૌત્રી) એ એક ઈન્ટરવ્યુમાં કહ્યું હતું કે તે ભારતને પ્રેમ કરે છે અને દરેક પ્રત્યે કરુણા ધરાવે છે. જ્યારે તમારા બધા કાર્યો નફરતથી ભરેલા હોય ત્યારે તમે કેવા પ્રકારનો પ્રેમ ધરાવી શકો છો? તે પોતાના ભ્રમની દુનિયામાં જીવી રહી છે અને કોઈ ભ્રમમાં છે. હું તેને ઓળખતો નથી, મળ્યો નથી અને મળવા પણ માંગતો નથી. વાત એ છે કે તેણે એવી વાતો કહી જેનાથી મારું લોહી ઉકળી ઉઠ્યું.



# કાર્તિક આર્યન ‘નાગઝિલ્લા’ ફિલ્મમાં ડબલ રોલમાં

કાર્તિક આર્યનને ફિલ્મી બેકગ્રાઉન્ડ ન હોવા છતાં નવી પેઢીના સ્ટાર્સમાં મોખરાનું સ્થાન મેળવી લીધું છે. એક સમયે કાર્તિક આર્યનને ફિલ્મોમાંથી હાંકી કાઢવા માટે પ્રયત્નશીલ રહેતા કરણ જોહરે પણ કાર્તિકની ટેલેન્ટને સ્વીકારી છે અને હવે કરણ જોહર કાર્તિક સાથે બીજી ફિલ્મ પ્રોડ્યુસ કરી રહ્યો છે. આગામી ફિલ્મ ‘નાગઝિલ્લા’માં કાર્તિકના ડબલ રોલ જોવા મળશે. સાપ અને માણસ વચ્ચેની લડાઈને કોમેડી અંદાજમાં રજૂ કરતી આ ફિલ્મનું શૂટિંગ સપ્ટેમ્બર મહિનાથી શરૂ થવાનું છે. કાર્તિક આર્યનને ‘નાગઝિલ્લા’ માટે પ્રોડ્યુસર્સે રૂ.૫૦ કરોડ ઓફર કર્યા હોવાનું કહેવાય છે. ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં આઉટસાઈડર તરીકે ઓળખાતા કાર્તિકે અગાઉ હોરર કોમેડીમાં રૂહબાબા તરીકે લોકપ્રિયતા મેળવી છે. હવે કાર્તિક કોમેડી ફિલ્મ કરવાનો છે. કાર્તિક અને કરણ જોહર હાલ ‘તુ મેરી મૈં તેરા મૈં તેરા તુ મેરી’ માં સાથે કામ કરી રહ્યા છે. કરણ જોહરની આગામી ‘નાગઝિલ્લા’માં માણસ અને સાપ વચ્ચેનો સંઘર્ષ રજૂ કરવામાં આવશે. આ ફિલ્મમાં હીરો અને વિલનના બંને રોલ કાર્તિક આર્યન કરવાનો છે. કાર્તિકના આ ડબલ રોલમાં આક્રમકતાની સાથે કોમેડી પણ જોવા મળશે. ‘નાગઝિલ્લા’ને ‘ફુકરે’ની ફિલ્મો કરતાં વધારે કોમેડી બનાવવાના ઈરાદા સાથે ડાયરેક્ટર મૃગદીપસિંગ લાંબાએ પ્રી-પ્રોડક્શન શરૂ કર્યુ છે. કાર્તિક અને કરણની ફિલ્મ ‘તુ મેરી મૈં તેરા મૈં તેરા તુ મેરી’નું શૂટિંગ પૂરું થયા પછી ‘નાગઝિલ્લા’ની શરૂઆત કરવામાં આવશે. સપ્ટેમ્બર મહિનાથી કાર્તિકની બિગ બજેટ કોમેડી એન્ટરટેઈનરનું શૂટિંગ શરૂ થાય તેવી શક્યતા છે.



# ગર્લફ્રેન્ડ ગૌરી મકાઉ સાથે ચીનમાં જોવા મળ્યો અભિનેતા આમિર ખાન



**વીડિયોમાં આમિર અને ગૌરી મકાઉ સાથે અભિનેત્રી મા લી અને શેન ટેંગ પણ જોવા મળી રહ્યા છે**

પોતાના ૬૦મા જન્મદિવસ નિમિત્તે આમિર ખાને પોતાની લવ લાઈફનો ખુલાસો કર્યો. તેણે કહ્યું હતું કે તે ગૌરી નામની સ્ત્રીને ડેટ કરી રહ્યો છે. આ ખુલાસા પછી બંને તેમની લવ લાઈફને લઈને ચર્ચામાં રહે છે. હવે બંને પહેલીવાર કોઈ કાર્યક્રમમાં સાથે જોવા મળ્યા છે.સોશિયલ મીડિયા પર આમિરનો એક વીડિયો સામે આવ્યો છે, જે ચીનનો છે. વીડિયોમાં બંને ખૂબ જ ક્યૂટ લાગી રહ્યા છે. જેમાં આમિર કાળો કુર્તો પહેરેલ જોવા મળે છે. આ સાથે તેમણે શાલ પણ ઓઢી છે. ગૌરી સાડી પહેરેલી જોવા મળે છે. આમિર ખાન અને ગૌરી મકાઉ ઈન્ટરનેશનલ કોમેડી ફિલ્મ ફેસ્ટિવલમાં હાજરી આપવા માટે ચીન ગયા હતા. વીડિયોમાં, બંને એકસાથે ઈવેન્ટમાં પ્રવેશતા જોવા મળે છે. આમિર ગૌરીનો હાથ પકડીને કેમેરા સામે પોઝ આપે છે. હવે તે ઘટનાના ફોટા અને વીડિયો સોશિયલ મીડિયા પર છવાઈ ગયા છે.વીડિયોમાં આમિર અને ગૌરી સાથે અભિનેત્રી મા લી અને અભિનેતા શેન ટેંગ પણ જોવા મળી રહ્યા છે. ઉલ્લેખનીય છે કે ચીનમાં આમિરનો ચાહક વર્ગ સારો એવો છે. તેમની ફિલ્મો ત્યાં ખૂબ જ પસંદ કરવામાં આવે છે. આમિર ખાનની ‘દંગલ’ અને ‘સિક્રેટ સુપરસ્ટાર’ ફિલ્મોએ ત્યાં ખૂબ સારી કમાણી કરી હતી. ગૌરી બેંગ્લોરની રહેવાસી છે. તેમનો સલૂનનો વ્યવસાય છે. આ ઉપરાંત તે આમિર ખાનની પ્રોડક્શન કંપનીમાં પણ કામ કરે છે. બંને એકબીજાને ૨૫ વર્ષથી ઓળખે છે. જોકે, બંને છેલ્લા દોઢ વર્ષથી એકબીજાને ડેટ કરી રહ્યા છે. ગૌરીને તેના પહેલા લગ્નથી ૬ વર્ષનો દીકરો પણ છે. તે આ વર્ષે એક ફિલ્મ લઈને આવવાનો છે. જેનું નામ છે ‘સિતાર જમીન પર.’ આ ફિલ્મની રિલીઝ ડેટ હજુ સુધી જાહેર કરવામાં આવી નથી.

# રણબીર કપૂરની બહેન રિદ્ધિમા કપૂર સહાની સાથે કપિલ શર્મા રોમાન્સ કરશે

**રિદ્ધિમાની પહેલી ફિલ્મ** | **કોમેડી ફિલ્મની તૈયારી, તેનું શૂટિંગ ટૂંક સમયમાં શરૂ થશે**

રણબીર કપૂરની બહેન રિદ્ધિમા કપૂર સહાની પહેલી વખત ફિલ્મમાં જોવા મળશે. પરિવાર સાથે દિલ્હીમાં સ્થાયી થયેલી રિદ્ધિમાને કપૂર પરિવારના પ્રસંગો કે બોલિવૂડ પાર્ટીમાં જોઈ શકાય છે. રણબીર અને નીતુ કપૂર સાથે રિદ્ધિમાના ફોટોગ્રાફ્સ પણ અવાર-નવાર સોશિયલ મીડિયા પર જોવા મળે છે. બોલિવૂડના સૌથી જાણીતા કપૂર પરિવારની દીકરી હોવા છતાં રિદ્ધિમાને ફિલ્મ ઈન્ડસ્ટ્રી સાથે નિકટતા છે, પરંતુ તેણે ફિલ્મોથી અંતર રાખવાનું પસંદ કર્યું હતું. લગ્નના બે દાયકા બાદ રિદ્ધિમા પણ કપૂર પરિવારની કરીના-કરીશ્માની જેમ ફિલ્મોમાં લીડ રોલ કરવા જઈ રહી છે. પોતાની પહેલી ફિલ્મમાં રિદ્ધિમાને કપિલ શર્મા સાથે રોમાન્સ કરતી જોઈ શકાશે. રિપોર્ટ્સ મુજબ, કપિલ શર્મા એક કોમેડી ફિલ્મની તૈયારી કરી રહ્યા છે અને તેનું શૂટિંગ ટૂંક સમયમાં શરૂ થવાનું છે. આ ફિલ્મ માટે કપિલ શર્માએ વજન પણ ખાસુ ઘટાડ્યું છે. કપિલની આગામી ફિલ્મમાં રણબીર કપૂરની બહેન રિદ્ધિમા કપૂર સહાનીનો લીડ રોલ છે. કપિલ શર્માની આ ફિલ્મનું ડાયરેક્શન આશિષ મોહન કરવાના છે અને દસેક દિવસમાં તેનું શૂટિંગ ચંદીગઢમાં શરૂ થશે. કપૂર પરિવારમાંથી અગાઉ કરીના-કરીશ્માએ ફિલ્મોમાં સફળતા મેળવેલી છે, જ્યારે રિદ્ધિમા કપૂરે અગાઉ કરણ જોહરની સિરીઝ ફેબ્યુલસ લાઈવ્સ ઓફ બોલિવૂડ લાઈવ્સમાં અગાઉ કામ કરેલું છે. રિદ્ધિમા પહેલી વખત ફિલ્મમાં કામ કરવા જઈ રહી છે. રિદ્ધિમાના લગ્ન દિલ્હી ખાતેના ઉદ્યોગપતિ ભરત સહાની સાથે થયેલા છે. બે દાયકાના લગ્ન જીવન દરમિયાન ભરત સહાની ઘણી વાર કપૂર પરિવાર સાથે જોવા મળ્યા છે, પરંતુ તેઓ ફિલ્મી પાર્ટી અને લાઈમ લાઈટથી દૂર રહેવાનું પસંદ કરે છે. દિલ્હી ખાતે આલિશાન બંગલો ધરાવતા ભરત સહાની અને રિદ્ધિમાના લગ્ન જીવનને આદર્શ માનવામાં આવે છે.રિદ્ધિમાની સાથે આ ફિલ્મમાં નીતુ કપૂરનો પણ મહત્તવનો રોલ છે.



# પ્રિયંકા મારા દિલની ખૂબ નજીકઃ શાહરૂખ

**ભલે પ્રિયંકાને મિત્ર માને છે, પણ ‘ડોન ૨’ પછી બંનેએ ક્યારેય સાથે કામ કર્યું નથી**

શાહરૂખ ખાન અને ગૌરીના લગ્નને ૩૪ વર્ષ થઈ ગયા છે. ત્રણ દાયકાથી વધુ સમય સુધી ચાલેલા આ લગ્નજીવનમાં, આ દંપતીએ ઘણા ઉતાર-ચઢાવ અને મુશ્કેલીઓ પણ જોઈ. એક સમય હતો જ્યારે શાહરૂખનું નામ પ્રિયંકા ચોપરા સાથે જોડાવાનું શરૂ થયું. વર્ષ ૨૦૧૦ થી શાહરૂખ અને પ્રિયંકાના અફેરની અફવાઓ શરૂ થઈ, જેના કારણે ગૌરી ખાન ગુસ્સે થઈ ગઈ. એવું કહેવામાં આવ્યું હતું કે ગૌરીએ શાહરૂખને પ્રિયંકાથી દૂર રહેવા અને તેની સાથે ક્યારેય કામ ન કરવાની ચેતવણી આપી હતી.શાહરૂખ અને પ્રિયંકા ચોપરાએ ‘ડોન’ ફ્રેન્ચાઈઝીમાં સાથે કામ કર્યું હતું. તેઓએ ઘણા એવોર્ડ ફંક્શનમાં સાથે પરફોર્મ પણ કર્યું. બંને વચ્ચેની કેમેસ્ટ્રી ખૂબ પસંદ આવી હતી. ધીમે ધીમે આ ઓન-સ્ક્રીન કેમિસ્ટ્રી સ્ક્રીનની બહાર પણ દેખાવા લાગી. પરંતુ શાહરુખે વર્ષ ૨૦૧૨ માં પ્રિયંકા સાથેના તેના અફેર અંગેના પ્રશ્નનો જવાબ આપ્યો હતો. તે ઈન્ટરવ્યુની એક વીડિયો ક્લિપ સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહી છે.શાહરૂખ ખાને કહ્યું હતું કે, ‘મારા માટે સૌથી વધુ પરેશાન કરનારી વાત એ છે કે મારી સાથે કામ કરતી એક મહિલાને પ્રશ્નો પૂછવામાં આવ્યા હતા અને ક્યાંક, તેને તે માન આપવામાં આવ્યું ન હતું જે હું તેને અથવા બધી મહિલાઓને આપું છું.’ મને લાગે છે કે તે થોડું અપમાનજનક છે. મને આનો ખૂબ જ દુઃખ છે. મેં કરેલા કોઈપણ કાર્ય માટે સીધા નહીં, પણ કારણ કે તે મારી મિત્ર છે.શાહરુખે આગળ કહ્યું, ‘તે મારા સૌથી નજીકના મિત્રોમાંની એક છે અને મારા હૃદયની ખૂબ નજીક છે, અને હંમેશા રહેશે.’ મને ક્યારેક એવું લાગે છે કે જ્યારે કોઈ વાત કહેવામાં આવે છે, ત્યારે મારે તેનાથી દૂર રહેવું જોઈએ કારણ કે મને તે ખૂબ જ તુચ્છ લાગે છે. તે લોકો સાથે કામ કરતી વખતે જે સંબંધો શેર કરે છે તેને બગાડે છે.શાહરુખે કહ્યું હતું કે તે પ્રિયંકાને તેના મોડેલિંગના દિવસોથી ઓળખે છે. પછી તેણે કહ્યું, ‘મિત્રતા થોડી બગડે તે ખૂબ જ દુર્ભાગ્યપૂર્ણ છે.’ પ્રિયંકાએ અફેરના સમાચાર કેવી રીતે સંભાળ્યા? જ્યારે શાહરૂખને આ વિશે પૂછવામાં આવ્યું ત્યારે તેણે કહ્યું, ‘મને લાગે છે કે તે તેની ઉંમર કરતાં ઘણી વધુ પરિપક્વ છે, અને જાણે છે કે તેનો સામનો કેવી રીતે કરવો.



**શાહરૂખ અને પ્રિયંકા ચોપરા એ ‘ડોન’ ફ્રેન્ચાઇઝીમાં સાથે કામ કર્યું હતું, તેઓએ ઘણા એવોર્ડ ફંક્શનમાં સાથે પરફોર્મ પણ કર્યું**

# ઝાલોદ સીમાવર્તી બ્રહ્મ સમાજની બેઠક ગાંગડતલાઈ મુકામે યોજાઈ

## પરશુરામ જન્મોત્સવ અને વિપ્ર ફાઉન્ડેશનને મજબૂત કરવા અંગે ચર્ચા કરાઇ


તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૧૪ ।

ઝાલોદ સીમાવર્તી બ્રહ્મ સમાજની એક મીટિંગ ગાંગડતલાઈ મુકામે યોજાઈ હતી આ મીટીંગમાં ઝાલોદ, ગાંગડતલાઈ, વરેઠ, ટીંબી આનંદપુરી, ફલવા, ભલેર, શેરગઢ તેમજ આજુ બાજુ ગામોના આગેવાનો ઉપસ્થિત રહેલ હતા. આ મીટીંગનો મુખ્ય ઉદ્દેશ આગામી પરશુરામ જન્મોત્સવ ધૂમધામ થી ઉજવવા તેમજ સીમાવર્તી બ્રહ્મ સમાજની આગેવાનીમાં દાહોદ જિલ્લામાં વિપ્ર ફાઉન્ડેશનની મજબૂત રચના કરવી. આજની મીટીંગમાં વિશેષ ઉપસ્થિત મહેમાનમા બાંસવાડા થી વિપ્ર ફાઉન્ડેશન રાજસ્થાનના મહામંત્રી યોગેશ જોશી ઉપસ્થિત રહેલ હતા. આજની મીટીંગનું સંચાલન કૈલાશ પારીખ ગાંગડતળાઈ દ્વારા કરવામાં આવ્યું હતું. જેમાં સીમાવર્તી બ્રહ્મ સમાજના પ્રમુખ વિજય પંડિત સહિત અંદાજીત ૬૦ વિપ્ર આગેવાનો ઉપસ્થિત રહેલ હતા.

આજની મીટીંગમાં સમાજના સંગઠનને કેવી રીતે મજબૂત કરવું તેમજ પરશુરામ જન્મોત્સવ કેવી રીતે ઉજવવુ તેના પર વિશેષ ચર્ચા કરવામાં આવી હતી. સમાજના સંગઠન અને પરશુરામ જન્મોત્સવ અંગે સહુ લોકો સહિયારા બની સામાજિક એકતા મજબૂત બને તે રીતે ઉજવવાનું નક્કી કરવામાં આવ્યું હતું. સમાજના દરેક કાર્યમાં ઉપસ્થિત સહુ આગેવાનોએ તન મન ધન થી જોડાવવા માટે સંમતિ દર્શાવી હતી. તેમજ સમાજ માટે સહુ લોકો એકજૂટ બની સમાજને મજબૂત બનાવવા માટેની રણનીતિ નક્કી કરવામાં આવી હતી. ઉપસ્થિત સહુ લોકોના હકારાત્મક સુંદર અભિગમ થી મીટિંગ પૂર્ણ કરવામાં આવી હતી.

# સાબરમતી-ગોરખપુર-સાબરમતી એક્સપ્રેસ ટ્રેન પુનઃસ્થાપિત

। અમદાવાદ, તા.૧૪ ।

પૂર્વોત્તર રેલવે ના કુસ્મહી -ગોરખપુર-ગોરખપુર કેન્ટ સ્ટેશનો ની વચ્ચે ત્રીજી લાઈનના સંબંધમાં નોન-ઈન્ટરલોકિંગ કાર્યને કારણે, ટ્રેન સંખ્યા ૧૯૪૦૯/૧૯૪૧૦ સાબરમતી-ગોરખપુર એક્સપ્રેસ, જે અગાઉ રદ સૂચિત કરવામાં આવી હતી, હવે મુસાફરોની સુવિધા માટે, આ ટ્રેનને રીશેડ્યૂલ સમય ની સાથે પુનઃસ્થાપિત કરવામાં આવી છે, જેની વિગતો નીચે મુજબ છેઃ

૧. ૧૭, ૧૯, ૨૪, ૨૬ એપ્રિલ અને ૧ મે ૨૦૨૫ના રોજ ટ્રેન સંખ્યા ૧૯૪૦૯ સાબરમતી-ગોરખપુર એક્સપ્રેસ પુનઃસ્થાપિત કરવામાં આવી છે, આ ટ્રેન સાબરમતી થી ૪ કલાક રીશેડ્યુલ રહેશે અને ૨૪, ૨૬ એપ્રિલ અને ૧ મે ૨૦૨૫ ના રોજ સાબરમતીથી ચાલનારી ટ્રેન સંખ્યા ૧૯૪૦૯ સાબરમતી-ગોરખપુર એક્સપ્રેસ બસ્તી સ્ટેશન પર શોર્ટ ટર્મિનેટ(સમાપ્ત) થશે અને બસ્તી-ગોરખપુર વચ્ચે આંશિક રીતે રદ રહેશે.

૨. ૧૯,૨૧, ૨૬, ૨૮ એપ્રિલ અને ૩ મે ૨૦૨૫ ની ટ્રેન સંખ્યા ૧૯૪૧૦ ગોરખપુર-સાબરમતી એક્સપ્રેસ ને પુનઃસ્થાપિત કરવામાં આવી છે અને ૨૬, ૨૮ એપ્રિલ અને ૩ મે ૨૦૨૫ ની ટ્રેન સંખ્યા ૧૯૪૧૦ ગોરખપુર-સાબરમતી એક્સપ્રેસ બસ્તી સ્ટેશન થી શોર્ટ ઓરીજીનેટ (પ્રારંભ) થશે અને આ ટ્રેન ગોરખપુર-બસ્તી વચ્ચે આંશિક રીતે રદ રહેશે.

યાત્રીઓ ને વિંનંતી છે કે ઉપરોક્ત ફેરફારોને ધ્યાનમાં રાખીને મુસાફરી કરે. ટ્રેનો ના સંચાલન સમય, સ્ટોપેજ અને સંરચના અંગે વિગતવાર માહિતી માટે, મુસાફરો www.enquiry.indianrail.gov.in ની મુલાકાત લઈ શકે છે.

# સબ ડિવિઝનલ રેલ્વે હોસ્પિટલ ગાંધીધામ ખાતે હેલ્થ ચેકઅપ કેમ્પનું આયોજન



। અમદાવાદ, તા.૧૪ ।

પશ્ચિમ રેલ્વેના અમદાવાદ ડિવિઝન ના સબ ડિવિઝનલ હોસ્પિટલ ગાંધીધામ ખાતે કેન્સર સ્ક્રીનીંગ, સ્ત્રીરોગ રોગો, થાઈરોઈડ સંબંધી સમસ્યાઓ અને દાંતના રોગો તપાસ માટે એક વ્યાપક આરોગ્ય તપાસ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કેમ્પ નું આયોજન ડિવાઈન લાઈફ હોસ્પિટલ, ગાંધીધામ અને એસએસઓ કેન્સર કેર, અમદાવાદના સહયોગ થી કરવામાં આવ્યું.

આ કેમ્પ માં કુલ ૮૩ રેલવે લાભાર્થીઓએ ભાગ લીધો હતો અને તેમણે તબીબી પરીક્ષણ અને જરૂરી સારવાર મેળવી હતી. આ લાભાર્થીઓમાં કુલ સાત શંકાસ્પદ કેસોની ઓળખ કરવામાં આવી હતી., જેમાં સંભવિત કેન્સર અને અન્ય સ્વાસ્થ્ય સમસ્યાઓનો સમાવેશ થતો હતો. આમાં એક થાઈરોઈડ કેન્સરનો શંકાસ્પદ કેસ, એક સર્વાઈકલ ટીબીનો કેસ, ત્રણ મોંના કેન્સરના શંકાસ્પદ કેસ, એક ફાઈબ્રોએડેનોસિસનો અને એક લાઈપોમા નો કેસ શામેલ છે. સ્ત્રી રોગની શ્રેણીમાં ત્રણ કેસની ઓળખ કરવામાં આવી હતી - એક વેજાઈનલ કેન્ડિડાયાસીસ, એક પોસ્ટમેનોપોજલ રક્તસ્રાવ અને વ્હાઈટ ડિસ્ચાર્જ નો કેસ સામેલ છે. તપાસ અંતર્ગત કુલ ૧૫ સેમ્પલ લેવામાં આવ્યા, જેમાં ૭ પેપ સ્મીયર અને ૧૦ બ્લડ સેમ્પલ સામેલ છે. આનાથી વધુ ૫ અલ્ટ્રાસોનોગ્રાફી (USG) રેડિયોલોજીકલ તપાસ પણ કરવામાં આવી.

ડેન્ટલ ટીમ દ્વારા કુલ ૧૦ દર્દીઓની તપાસ અને સારવાર કરવામાં આવી હતી, જેમાં ૩ સ્કેલિંગ, ૨ રૂટ કેનાલ ટ્રીટમેન્ટ (RCT), એક ફિલિંગ, ૨ કેપિંગ અને ૨ એક્સટ્રેક્શન પ્રક્રિયાઓનો સમાવેશ થાય છે. બધા શંકાસ્પદ અથવા રોગગ્રસ્ત દર્દીઓને વધુ તપાસ અને સારવાર માટે યોગ્ય કાઉન્સેલિંગ આપવામાં આવ્યું હતું અને જરૂરી રેફરલ્સ કરવામાં આવ્યા હતા જેથી તેઓ સમયસર યોગ્ય સારવાર મેળવી શકે.

આ પહેલ સબ-ડિવિઝનલ રેલ્વે હોસ્પિટલ, ગાંધીધામ અને તેની સહયોગી સંસ્થાઓની રેલ્વે લાભાર્થીઓના સ્વાસ્થ્ય અને સુખાકારી પ્રત્યેની પ્રતિબદ્ધતાને પ્રતિબિંબિત કરે છે, જેમા ગંભીર આરોગ્ય સમસ્યાઓની સમયસર ઓળખ અને નિવારક સંભાળને પ્રોત્સાહન આપવામાં આવ્યું છે. શિબિરનો મુખ્ય ઉદ્દેશ્ય ગંભીર સ્વાસ્થ્ય સમસ્યાઓ ની પ્રારંભિક ઓળખ અને જાગૃતિને પ્રોત્સાહન આપવાનો હતો.

## ઉજવણીની પૂર્વ સંધ્યાએ દિપ પ્રાગટયનો કાર્યક્રમ યોજાયો

# ઝાલોદ ભાજપ પરિવાર દ્વારા ભારત રત્ન બાબા સાહેબ આંબેડકર ની ૧૩૪મી જન્મજયંતિ સાથે સંવિધાન દિવસની ઉજવણી કરાઈ


તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૧૪ ।

ભારત રત્ન ડૉ બાબા સાહેબ આંબેડકરનો જન્મ ૧૪ એપ્રિલ ૧૮૯૧ મા થયો હતો. તેઓનું મૂળ નામ ભીમરાવ આંબેડકર હતું તેઓ એક કાયદા શાસ્ત્રી, રાજનેતા, તત્વ ચિંતક, અર્થશાસ્ત્રી જેવા અનેક વિષયોના જ્ઞાતા હતા. તેઓએ બંધારણમાં નિભાવેલી જવાબદારીને કારણે બંધારણનક ઘડવૈયા તરીકે પણ ઓળખવામાં આવે છે. તેઓ ભારતના કાયદા મંત્રી હતા.

દલિત સમાજ માંથી આવતા ડૉ બાબા સાહેબ આંબેડકરે પોતાના જીવનમાં ઘણી બધી મુશ્કેલીઓનો સામનો કરવો પડ્યો હતો. ડૉ બાબા સાહેબ આંબેડકર ૧૯૫૨ માં મુંબઈની ધારાસભાની બેઠક પર ચૂંટાઈ આવી રાજ્યસભાના સભ્ય બન્યા હતા. ડૉ બાબા સાહેબ આંબેડકરે પોતાના જીવન દરમિયાન અસ્પૃશ્યતા અને જાતિવાદ જેવા સામાજિક દુષણો સામેના સંઘર્ષમા જીવન વિતાવ્યુ હતું. ઝાલોદ ભાજપ પરિવાર દ્વારા નગરના દલિત સમાજના આગેવાનોને સાથે રાખી આંબેડકર જયંતી નિમિત્તે ૧૩-૦૪-૨૦૨૫ રવિવારના દિવસે રાત્રી દરમ્યાન આંબેડકર ચોક ખાતે દીપોત્સવનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. તેમજ ૧૪-૦૪-૨૦૨૫ સોમવારના દિવસે આંબેડકર ચોક ખાતે આવેલ ડૉ બાબા સાહેબ આંબેડકરની પ્રતિમાને માલ્યાર્પણ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. માલ્યાર્પણ કાર્યક્રમ યોજાયા બાદ ડૉ બાબા સાહેબ આંબેડકરના જીવન ચરિત્ર વિશે જાણકારી આપવામાં આવી હતી. આજના આ કાર્યક્રમમાં ઝાલોદ તાલુકાના ભાજપ પરિવારના તમામ હોદેદારો, કાર્યકર્તાઓ, નગરના આગેવાનો તેમજ દલિત સમાજના આગેવાનો મોટા પ્રમાણમાં ઉપસ્થિત રહેલ હતા.

# વિશ્વ હિન્દુ પરિષદ ઝાલોદ પ્રખંડ દ્વારા સેવા બસ્તીમા ફ્રી મેડિકલ કેમ્પ યોજવામાં આવ્યો


તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૧૪ ।

ઝાલોદ વિશ્વ હિન્દુ પરિષદ પ્રખંડ દ્વારા મણિબેન હાઈ સ્કૂલમાં સેવા ભારતી ગુજરાત તેમજ નેશનલ મેડીકોઝ ઓર્ગેનાઈઝેશનના સહયોગથી સેવાબસ્તીમા ફ્રી મેડિકલ ચેકઅપ કેમ્પનુ આયોજન કરવામાં આવ્યું હતું.

આજના આયોજન પ્રસંગે એક દિવસ પહેલા ડૉ બાબા સાહેબ આંબેડકરની જયંતિ પણ ઉજવવામાં આવી હતી.આજરોજ સામાજિક સમરસતાના ભાગ રૂપે આંબેડકર જયંતી નિમિત્તે આખા ગુજરાતમાં અંદાજીત ૬૦૦ જેટલા મેડિકલ કેમ્પનુ આયોજન કરવામાં આવ્યું હતું. આજે આ મેડિકલ ચેકઅપ કેમ્પમા મેડિકલ સ્ટુડન્ટ તેમજ મેડિકલ તાલીમાર્થીઓ દ્વારા આવનાર દર્દીઓનનુ ફ્રી નિદાન કરવામાં આવ્યું હતું. આજના કેમ્પનો મુખ્ય ઉદ્દેશ મેડિકલ અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ સેવાબસ્તીમા જઈ સાચી સેવા કરે તેમજ ગરીબ દર્દીઓ પ્રત્યે સંવેદના કેળવાય. આજના દિવસે સામાજિક સમરસતા કેળવાય તે હેતુથી આખા ભારતમાં મેડિકલ કેમ્પનુ આયોજન કરવામાં આવેલ છે. આજના આ ફ્રી મેડિકલ કેમ્પનો લાભ સેવાબસ્તીમા રહેતા દર્દીઓ એ મોટા પ્રમાણમાં ભાગ લઈ આ કેમ્પને સફળ બનાવ્યો હતો.

## ઝાલોદ તાલુકાનાના ગુરૂ ગોવિંદ સમાધી ધામ કંબોઈ ખાતે

# ધારાસભ્ય મહેશભાઈ ભુરીયાની અધ્યક્ષતામાં ડો આંબેડકર જયંતીની ભવ્ય ઉજવણી કરવામાં આવી

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૧૪ ।


તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ

સમગ્ર દેશ ના બાંધવોને ભારતના બંધારણના ઘડવૈયા, ભારતરત્ન જ્ઞાસુર્ય, બોધિસત્વ, મહામાનવ, આદર્શ વિદ્યાર્થી,જ્ઞાનનો મહાસાગર, વિશ્વ વિભૂતિ, માનવતાવાદ સ્થાપિત કરવામાં પોતાનું સર્વસ્વ અર્પણ કરનાર, હક-અધિકારની લડાઈઓના ચેમ્પિયન, મહાન કાયદા શાસ્ત્રી, મહાન દેશભક્ત, વંચિતો, ઓબીસી, આદિવાસીઓ દલિતો,પછાતો અને મહિલાઓના મુક્તિ દાતા, અમેરિકાના પ્રેસિડેન્ટ તત્કાલીન પ્રેસિડેન્ટ બરાક ઓબામાએ જેઓને જ્ઞાનના સૂર્ય કહીને સન્માનિત કર્યા છે તેવા ધ સિમ્બોલ ઓફ નોલેજ સમતા, સમાનતા અને બંધુતાના વાહક વિશ્વના ઈતિહાસમાં ઈસા મસીહ પછી ડો.બાબાસાહેબ આંબેડકર જ એક માત્ર એવા વ્યક્તિ છે કે તેઓની જન્મજયંતી એક વિશાળ જનસમુદાય માટે સ્વયંભૂ એક તહેવાર બની રહ્યો છે. ત્યારે આજ રોજ ડૉ.બાબા સાહેબ આંબેડકરની ૧૩૪ મી જન્મજયંતીની ઉજવણી કરવા માટે ઝાલોદ તાલુકાનાના ગુરૂ ગોવિંદ સમાધી ધામ કંબોઈ ખાતે ૧૩૦- ઝાલોદના ધારાસભ્ય મહેશભાઈ ભુરીયાની અધ્યક્ષતામાં ભવ્ય ઉજવણી કરવામાં આવી

*જેમાં ભારતીય જનતા પાર્ટીના સંગઠનના હોદ્દેદારો તેમજ ખાંગુડા સમાજ, લીલવાઠા-કોર, બીલવાણી, ડુંગરી, લીમડી, કપાસીયા, પરમાર, આત્રોલ, પીઠાયા સમાજ, કદવાળ મેશન સમાજ પારેવા હઠીલા સમાજ, કારઠ મેવાતીયા, ઝાટવા સમાજ આજુબાજુના વિસ્તાર માંથી તમામ સમાજના વડીલ આગેવાનો દ્વારા પુષ્પાંજલિ અર્પણ કરી ડૉ.બાબા સાહેબે દેશ કલ્યાણ માટે લોકોના હિત માટેની કરેલ સંવિધાનની વિગતે ચર્ચા કરવા આવી અને બધા ઉપસ્થિત રહ્યા હતા.

# ચારધામ યાત્રા રૂટ પર ફેલાયો હોર્સ ફ્લૂ, પશુપાલન વિભાગ સતર્ક

## માર્ચ મહિનામાં ગૌચરના ઘોડા અને ખચ્ચરના નમૂનાઓ શ્રીનગરમાં હોર્સ ફ્લૂ પરીક્ષણ માટે મોકલવામાં આવ્યા હતા

। (એજન્સી) ચમોલી, તા.૧૪ ।

ચારધામ યાત્રા રૂટ પર સ્થિત ચમોલી જિલ્લામાં, સેંકડો ગ્રામજનો ગ્રામીણ વિસ્તારોમાં ઘોડા અને ખચ્ચર દ્વારા માલ પહોંચાડવાના રોજગારમાં રોકાયેલા છે. હેમકુંડ સાહિબ અને કેદારનાથ ધામની યાત્રા દરમિયાન ઘોડા સંચાલકો અહીંથી ઘોડા અને ખચ્ચર લઈને ધંધો કરે છે પરંતુ ચમોલીના ગૌચરમાં બે ખચ્ચરમાં ક્વોડ ઈન્ફ્લેન્ઝા એટલે કે હોર્સ ફલૂના લક્ષણો જોવા મળ્યા બાદ પશુપાલન આરોગ્ય વિભાગ સતર્ક થઈ ગયો છે. પશુપાલન વિભાગ દ્વારા બંને ખચ્ચરને અલગ કરવામાં આવ્યા છે. બધા ઘોડા અને ખચ્ચરના નમૂના પરીક્ષણ માટે મોકલવામાં આવી રહ્યા છે. આ માટે, પશુપાલન વિભાગે બ્લોક સ્તરે બે ટીમોની રચના કરી છે.માર્ચ મહિનામાં ગૌચરના ઘોડા અને ખચ્ચરના નમૂનાઓ શ્રીનગરમાં હોર્સ ફ્લૂ પરીક્ષણ માટે મોકલવામાં આવ્યા હતા. ક્વોડ ઈન્ફ્લાન્ઝા એટલે કે હોર્સ ફ્લૂ માટે બે ખચ્ચર પોઝિટિવ જોવા મળ્યા છે. આ ખચ્ચરોને પશુપાલન વિભાગ દ્વારા અલગ કરવામાં આવ્યા છે. જોકે, તેના નમૂના ફરીથી પરીક્ષણ માટે મોકલવામાં આવ્યા છે પરંતુ તેમનો તપાસ રિપોર્ટ હજુ આવવાનો બાકી છે.પશુપાલન વિભાગ ઘોડા અને ખચ્ચરમાં હોર્સ ફ્લૂ માટે સમગ્ર જિલ્લામાં નમૂના લઈ રહ્યું છે. આ માટે, દરેક ગામમાંથી નમૂના એકત્રિત કરવા માટે નવ વિકાસ બ્લોકમાં ૧૮ ટીમો બનાવવામાં આવી છે. અત્યાર સુધીમાં ૧૮૭૦ થી વધુ નમૂનાઓ પરીક્ષણ માટે મોકલવામાં આવ્યા છે. જોકે રિપોર્ટ હજુ આવવાનો બાકી છે.જો ઘોડાઓ અથવા ખચ્ચરોમાં હોર્સ ફલૂના લક્ષણો દેખાય, તો તેમને હોર્સ ફલૂ માટે સકારાત્મક પરીક્ષણ આવે અને નકારાત્મક ન થાય ત્યાં સુધી અલગ રાખવામાં આવશે. મુખ્ય પશુચિકિત્સા અધિકારી ડૉ. અસીમ દેવે જણાવ્યું હતું કે ઘોડા અને ખચ્ચરની સંપૂર્ણ તપાસ કર્યા પછી જ કેદારનાથ અને હેમકુંડ સાહિબ યાત્રા પર જવાની પરવાનગી આપવામાં આવશે.

# આજનું રાશિ ભવિષ્ય.....

**મેષ (અ,લ,ઇ) :**
આજે અમુક મુદ્દાઓ પર બાળક જેવો તમારો સ્વભાવ સપાટી પર આવશે તથા તમે આનંદના મિજાજમાં હશો. આજે તમે પૈસા બચાવવા માટે પોતાના પરિવારમાં થી સલાહ લયી શકો છો અને તેને પોતાના જીવનમાં સ્થાન પણ આપી શકો છો? મોટી વયના સંબંધીઓ ગેરવ્યાજબી માગણીઓ કરે એવી શક્યતા છે. તમારા મિત્ર સાથે બહાર જાવ ત્યારે સારી રીતે વર્તો

**વૃષભ (બ,વ,ઉ) :**
આજના દિવસે લાગણીની દૃષ્ટિએ તમે ખૂબ જ નિર્બળ હશો-આથી તમને ઠેસ પહોંચે એવી પરિસ્થિતિથી તમે દૂર જ રહેજો. આજ ના દિવસે તમને ધન લાભ થવા ની પુરી શક્યતા છે સાથેજ તમને દાન-પુણ્ય પણ કરવું જોઈએ કેમ કે આના થી તમને માનસિક શાંતિ મળશે? તમારા જીવનસાથી સાથે સારી સમજ ઘરમાં સુખ-શાંતિ અને સમૃદ્ધિ લાવશે.

**મિથુન (ક,છ,ઘ) :**
આજે તમારી શારીરિક સુસજ્જતા જાળવે એવી રમતગમતની પ્રવૃત્તિને તમે માણશો એવી શક્યતા છે. આર્થિક રૂપે તમે આજે ઘણા મજબૂત દેખાશો? ગ્રહ નક્ષત્રો ની ચળવળ થી તમારા માટે ધન કમાવા ની ઘણી તકો બનશે? તમારા પરિવારને યોગ્ય સમય આપો. તેમને એ અનુભૂતિ થવા દો કે તમને તેમની પરવા છે. તેમની સાથે ગુણવત્તાસભર સમય વિતાવો.

**કર્ક (ડ,હ) :**
આજે તમારું કોઈ નજીકી જોડે ઝગડો થયી શકે છે અને વાત કોર્ટ કચેરી સુધી જયી શકે છે. જેના લીધે તમારું વધારે ધન ખર્ચ થયી શકે છે. તમારી સમયસરની મદદ કોઈકનું જીવન બચાવશે. આ સમાચાર તમારા પરિવારના સભ્યોને ગર્વ કરાવશે તથા તેમને પ્રેરણા આપશે. તેમનું વેવિશાળ થયું છે તેવા લોકોને પોતાના ભાવિ જીવનસાથીમાં અદભુત ખુશીનું સ્રોત દેખાશે.

**સિંહ (મ,ટ) :**
એક કરતાં વધારે નર્વસબ્રેકડાઉન તમારી પ્રતિકાર તથા વિચારવાની શક્તિને હાનિ પહોંચાડી શકે છે. તમારી જાતને હકારાત્મક વિચારસરણી સાથે બીમારી સામે લડવા પ્રેરો. થોડા વધુ નાણાં બનાવવા માટે તમારા નાવિન્યસભર વિચારોનો ઉપ યોગ કરો. તમારી જાતને ઘરની પ્રવૃત્તિઓમાં વ્યસ્ત રાખો. એ દરમિયાન જ થોડોક સમય આનંદ-પ્રમોદની પ્રવૃત્તિઓમાં પણ ખર્ચો, જેથી વેગ જળવાઈ રહે તથા તમારૂં શરીર રિચાર્જ થાય.

**કન્યા (પ,ઠ,ણ) :**
આજે તમારી પાસે સારો એઅવો સમય હશે આથી,તમારા સારા સ્વાસ્થ્ય માટે લાંબી વૉક પર જાવ. આર્થિક બાબતોમાં ચોક્કસ સુધારો થશે-પણ તેની સાથે જ ખર્ચમાં પણ વધારો થશે. તમારી સમયસરની મદદ કોઈકનું જીવન બચાવશે. આ સમાચાર તમારા પરિવારના સભ્યોને ગર્વ કરાવશે તથા તેમને પ્રેરણા આપશે. દિવસને ખાસ બનાવવા માટે ઉદારતા તથા પ્રેમ આપો.

**તુલા (ર,ત) :**
જો તમે ધૂમ્રપાન ની ટેવ હોયતો છોડો કેમ કે એનાથી તમે શારીરિક રીતે સ્વસ્થ રહેશો. તમારી બચતને તમે રૂઢિગત રોકાણમાં મુકશો તો નાણાં મેળવશો. બાળકોનું ઘરકામ પૂરૂં કરવા મદદનો હાથ લંબાવવાનો સમય. તમારા રૉમેન્ટિક અભિપ્રાયોને જાહેર ન કરો. તમારા સાથી ને ફક્ત તમારી પાસે થી થોડો સમય જોઈએ છે પરંતુ તમે તેમને સમય આપવા માટે અસમર્થ છો.

**વૃશ્ચિક (ન,ય) :**
આજે બાળક જેવો તમારો સ્વભાવ સપાટી પર આવશે તથા તમે આનંદના મિજાજમાં હશો. આજે તમારું ધન ઘણી વસ્તુઓ ઉપર ખર્ચ થયી શકે છે, તમારે આજે એક સારો બજેટ પ્લાન બનાવ ની જરૂર છે આના થી તમારી ઘણી મુશ્કેલીઓ દૂર થયી જશે. અન્યોમાંથી કારણ વિના ભૂલો શોધવાના તમારા વલણની સંબંધીઓ ટીકા કરે એવી શક્યતા છે.

**ધન (ભ,ધ,ફ) :**
આજે તમારૂં મગજ સારી બાબતોને સ્વીકારશે. કમિશન, ડિવિડન્ડ અથવા રૉયલ્ટીઝમાંથી તમે લાભ મેળવશો. બાળકો સાથે સમય વિતાવવો મહત્વપૂર્ણ છે. આનંદ માટે નવા સંબંધો તરફ મીટ માંડો. આ રાશિ ના વિદ્યાર્થીઓ આજે મોબાઈલ માં આખો દિવસ બગાડી શકે છે. આજે તમારા લગ્નજીવનમાં બધું જ ખુશખુશાલ જણાય છે.

**મકર (ખ,જ) :**
આજે કોઈક તમને બલિનો બકરો બનાવવાનો પ્રયાસ કરશે, આથી સચેત રહેજો. નાણાં તમારા હાથમાંથી આસાનીથી સરી જવા છતાં-તમારા શુકનવંતા ગ્રહો નાણાં પ્રવાહ જાળવી રાખશે. આજે કુટુંબ ની પરિસ્થિતિ તમે જે રીતે વિચારો છો તેવી રહેશે નહીં. આજે ઘર માં કોઈ બાબત ને લઈ ને વિવાદ ની સંભાવના છે, આવી સ્થિતિ માં પોતાને નિયંત્રિત રાખો.

**કુંભ (ગ,શ,સ) :**
આજના દિવસે તમારે તમારી હોશિયારીની કુનેહ તથા મુત્સદ્દીપણાનો ઉપયોગ તમારા મગજને પજવી રહેલી સમસ્યાઓ ઉકેલવા માટે કરવાની જરૂર છે. નાણાંપ્રવાહમાં વધારો લાંબા સમયથી ચૂકવવાની બાકી રકમ તથા બિલો ચૂકવવા આસાન બનાવશે. નાના ભાઈ કે બહેન તમારી મદદ માગી શકે છે. તમારી ઊર્જાનું સ્તર ઊંચું રહેશે.

**મીન (દ,ચ,ઝ,થ) :**
આજે તમે કામની વચ્ચે આરામ લો તથા શક્ય હોય એટલા હળવા બનવાની કોશિષ કરો. જો આજે તમે પોતાના મિત્રો સાથે ક્યાંક ફરવા જાયી રહ્યા હો તો પૈસા સોચી વિચારી ને ખર્ચ કરો નહીંતર ધન હાનિ થયી શકે છે. તમારા પરિવારના સભ્યની લાગણી દુભાવવાનો ભય હોવાથી તમારા ગુસ્સા પર અંકુશ રાખો. પ્રેમાળ સંદેશ સાથે એજનો દિવસ મોજમજા અને આનંદથી ભરેલો છે.

## વિદેશી નાગરિકોને પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પની ચેતવણી



। (એજન્સી) વોશિંગ્ટન, તા.૧૪ ।

ડોનાલ્ડ ટ્રમ્પ પ્રશાસન અંતર્ગત હોમલેન્ડ સિક્યુરિટી ડિપાર્ટમેન્ટે કહ્યું છે કે, જે વિદેશી નાગરિક અમેરિકામાં ૩૦ દિવસથી વધુ સમય સુધી રહે છે, તેને સરકારે સાથે રજિસ્ટ્રેશન કરાવવું પડશે અને આવું ન કરે તેને દંડ કે જેલ થઈ શકે છે. ડિપાર્ટમેન્ટે X પર પોસ્ટ કર્યું, "જે વિદેશી નાગરિકો અમેરિકામાં ૩૦ દિવસથી વધુ સમય રહે છે, તેમને ફેડરલ સરકાર સાથે રજીસ્ટર કરાવવું પડશે. એવું નહીં કરે તો દંડ અને જેલની સજા થઈ શકે છે. ડોનાલ્ડ ટ્રમ્પ અને મંત્રી ક્રિસ્ટી નોએમનો ગેરકાયદે પ્રવાસીઓ માટે સ્પષ્ટ સંદેશ છેઃ તાત્કાલિક નીકળી જાઓ અને તમારા દેશ પરત જાઓ." પોસ્ટ સાથે હોમલેન્ડ ડિપાર્ટમેન્ટે રાષ્ટ્રપતિ ટ્રમ્પના કાર્યાલય અને હોમલેન્ડ સુરક્ષા વિભાગની સચિવ ક્રિસ્ટી નોએમને ટેગ કર્યા છે. આ નિર્ણયની સીધી અસર તે લોકો પર નહીં પડે જે H-1 ᗷ અથવા વિદ્યાર્થી વીઝા પર અમેરિકામાં છે, પરંતુ તે દર્શાવે છે કે યોગ્ય મંજૂરી વિના અમેરિકામાં રહેતા વિદેશી નાગરિકો પર કાયદાનું કડક પાલન કરવામાં આવશે. જો કોઈ વ્યક્તિ H-1 B વીઝા પર નોકરી ગુમાવે છે અને નક્કી કરેલી સમયમર્યાદા અંદર દેશ ન છોડે, તો તેના વિરુદ્ધ કાર્યવાહી થઈ શકે છે. તેથી, વિદ્યાર્થીઓ અને H-1 B વીઝા ધારકોને ખાતરી કરવી પડશે કે તેમની અમેરિકામાં રહેવાની અવધિ તમામ નિયમોનું પાલન કરે છે. હોમલેન્ડ સુરક્ષા વિભાગે 'ગેરકાયદે રહેનારા માટે સંદેશ' શીર્ષક હેઠળ એક પોસ્ટમાં તે વિદેશી નાગરિકોને સ્વેચ્છાએ દેશ છોડવા વિનંતી કરી છે જે અધિકારીઓની મંજૂરી વિના રહે છે. તેમાં એવું કરવાના ફાયદા પણ જણાવ્યા છે. પોસ્ટમાં કહેવામાં આવ્યું છે, "સ્વેચ્છાએ દેશ છોડવું સુરક્ષિત છે. તમારી શરતો પર ડિપાર્ચર ફ્લાઈટ પસંદ કરો. જો તમે ગેરકાયદે રહેનારા તરીકે સ્વેચ્છાએ દેશ છોડો છો, તો તમે અમેરિકામાં કમાયેલા પૈસા તમારા પાસે રાખી શકો છો."

### પુત્રીઓને સંપત્તિના હકથી દૂર કરવાની આ યોજનાપૂર્વકની ચાલ છે

# પુત્રીઓને પિતાના વારસાથી વંચિત રાખતા દત્તક કરારને સુપ્રીમે ફગાવ્યો

### સર્વોચ્ચ અદાલતે અલ્હાબાદ હાઈકોર્ટના આ કેસના ચુકાદામાં દખલગીરી કરવાનો ઇનકાર કરતાં આ અવલોકન કર્યા હતાં

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૪ ।

મિલકત વિવાદમાં દત્તક કરારને ફગાવી દેતા સુપ્રીમ કોર્ટે જણાવ્યું હતું કે પુત્રીઓને પિતાની સંપત્તિ પરના કાયદેસરના હકથી વંચિત રાખવા માટેનું આ એક ગણતરીપૂર્વકનું પગલું હતું. કોર્ટ જાણે છે કે ગ્રામીણ વિસ્તારોમાં પુત્રીને હક વારસામાંથી બહાર કાઢવા માટેની આ એક યોજના પૂર્વકની ચાલ છે. સર્વોચ્ચ અદાલતે અલ્હાબાદ હાઈકોર્ટના આ કેસના ચુકાદામાં દખલગીરી કરવાનો ઈનકાર કરતાં આ અવલોકન કર્યા હતાં. એક લાંબી કાનૂની લડાઈમાં અરજદાર અશોક કુમારે ૯ ઓગસ્ટ, ૧૯૬૭ તેમના દત્તક કરારનો ઉલ્લેખ કરીને દાવો કર્યો હતો કે ભુનેશ્વર સિંહની મિલકતના પોતે વારસદાર છે. ભુનેશ્વરને બે શિવ કુમારી દેવી અને હરમુનિયા નામની બે પુત્રીઓ હતી. અરજીમાં દાવો કરાયો હતો કે યુપીના રહેવાસી ભુનેશ્વર સિંહ, જેઓ હાલમાં મૃત્યુ પામ્યા છે, તેમણે અશોકને કાયદેસર



રીતે દત્તક લીધો હતો. હાઈકોર્ટે ડિસેમ્બર ૨૦૨૪માં દત્તક કરારને ફગાવી દીધો હતો. કાનૂની વિવાદનો અંત લાવતા સુપ્રીમ કોર્ટે જણાવ્યું હતું કે બાળકને દત્તક લેનાર વ્યક્તિએ તેની પત્નીની સંમતિ લેવી જોઈએ તેવી ફરજિયાત શરતોનું પાલન કરવામાં આવ્યું ન હતું. અરજદારના વરિષ્ઠ વકીલને લાંબા સમય સુધી સાંભળ્યા પછી અને રેકોર્ડ પર મૂકવામાં આવેલી સામગ્રીનો કાળજીપૂર્વક અભ્યાસ કર્યા પછી, અમને ખાતરી થઈ છે કે ૯ ઓગસ્ટ, ૧૯૬૭ના રોજનો દત્તક કરાર શિવ કુમારી અને તેની મોટી બહેન હરમુનિયાને તેમના પિતાની સંપત્તિના વારસાના કાયદેસરના અધિકારથી વંચિત રાખવા માટે એક ગણતરીપૂર્વકનું પગલું હતું. સુનાવણી દરમિયાન ન્યાયાધીશ સૂર્યકાન્તે કહ્યું હતુ કે અમે જાણીએ છીએ કે ગ્રામીણ વિસ્તારોમાં દીકરીઓને વારસા હકમાંથી બહાર કાઢવા માટે આવી પદ્ધતિ અપનાવવામાં આવે છે. અમે જાણીએ છીએ કે આ દત્તક કાર્યવાહી કેવી રીતે હાથ ધરવામાં આવે છે. હાઈકોર્ટે યોગ્ય રીતે જ દત્તક દસ્તાવેજને ફગાવી દીધો છે.

### યુક્રેનના સુમી શહેરમાં

## રશિયાના મિસાઇલ હુમલામાં ૩૨ લોકોનાં મોત, ૯૯ ઘાયલ

### લોકો પામ સન્ડેની ઉજવણી કરી રહ્યા હતા તે દરમિયાન બે બેલિસ્ટિક મિસાઇલો ત્રાટકી હતી

। (એજન્સી) કીવ, તા.૧૪ ।



રશિયાએ રવિવારે યુક્રેનના શહેર સુમી પર કરેલા મિસાઈલ હુમલામાં ઓછામાં ઓછા ૩૨ લોકોના મોત થયાં હતાં અને ૯૯ લોકો ઘાયલ થયાં હતાં. લોકો સવારે પામ સન્ડેની ઉજવણી માટે લોકો એકઠા થયાં હતાં ત્યારે બે બેલિસ્ટિક મિસાઈલો ત્રાટક્યા હતાં. ળાન્સના પ્રેસિડન્ટ સહિતના વૈશ્વિક નેતાઓએ આ હુમલાની આકરી નિંદા કરી હતી. યુક્રેનની સ્ટેટ ઈમર્જન્સી સર્વિસે એક નિવેદનમાં જણાવ્યું હતુ કે આ હુમલામાં બે બાળકો સહિત ઓછામાં ઓછા ૩૨ લોકોના મોત થયા હતાં. તેમાં ૧૧ બાળકો સહિત ૯૯ લોકો ઘાયલ પણ થયા હતાં. યુક્રેનના પ્રેસિડન્ટ વોલોડીમીર ઝેલેન્સકીએ જણાવ્યું હતુ કે બે મિસાઈલ હુમલામાં ડઝનબંધ લોકોના મોત થયા છે અને બચાવ પ્રયાસો ચાલુ છે. કાયર લોકો જ આવા હુમલા કરીને સામાન્ય લોકોના જીવ લઈ શકે છે. યુક્રેનિયન પ્રેસિડેન્શિયલ કાર્યાલયના વડા એન્ડ્રી યર્માકે જણાવ્યું હતું કે આ હુમલામાં શકય તેટલા લોકોને મારવાના પ્રયાસમાં ક્લસ્ટર મ્યુનિશનનો પણ ઉપયોગ કરવામાં આવ્યો હતો. સુમી પરનો હુમલો એક સપ્તાહમાં જ બીજો મોટો હુમલો છે. અગાઉ ઝેલેન્સ્કીના વતન ક્રીવરિહ પર ૪ એપ્રિલે થયેલા ઘાતક મિસાઈલ હુમલામાં ૯ બાળકો સહિત ૨૦ લોકોના મોત થયા હતાં. વૈશ્વિક પ્રતિભાવની હાકલ કરતાં ઝેલેન્સકીએ જણાવ્યું હતું કે વાટાઘાટાથી ક્યારેય બેલેસ્ટિક મિસાઈલ કે હવાઈ હુમલા બંધ થયા નથી. રશિયા સાથે એક ત્રાસવાદી જેવો અભિગમ અપનાવવાની જરૂરી છે. આ હુમલાની આકરી ટીકા કરતાં ફ્રાન્સના પ્રેસિડન્ટ ઈમેન્યુઅલ મેક્રોને કહ્યું હતુ કે આ હુમલાથી બંને પક્ષો વચ્ચે અમેરિકાના નેતૃત્વ હેઠળની શાંતિ વાટાઘાટોને નબળી પાડી છે.

## સૌથી મોટા ખતરામાં છે Android સ્માર્ટફોન યુઝરનો પર્સનલ ડેટા!

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૪ ।

જો તમે જૂના વર્ઝન પર કામ કરતા એન્ડ્રોઈડ ફોનનો ઉપયોગ કરી રહ્યાં છો, તો આ સમાચાર તમારા માટે ઉપયોગી છે. તમારી સિસ્ટમને તાત્કાલિક અપડેટ કરવાનો સમય આવી ગયો છે. કમ્પ્યુટર ઈમરજન્સી રિસ્પોન્સ ટીમ (CERT-In) એ એન્ડ્રોઈડ યૂઝર્સ માટે હાઈ રિસ્ક વોર્નિંગની ચેતવણી જાહેર કરી છે. એન્ડ્રોઈડ યુઝર્સને એલર્ટ કરવામાં આવ્યા છે કે જૂના એન્ડ્રોઈડ OSમાં ઘણી સુરક્ષા ખામીઓ જોવા મળી છે. જેનો ફાયદો ઉઠાવીને હેકર્સ તમારો ડેટા ચોરી શકે છે. તમે તમારા ડિવાઈસને પણ નિયંત્રિત કરી શકો છો. આ કારણે તમારી નાણાકીય માહિતી પણ ચોરાઈ શકે છે. CERT-In ને એન્ડ્રોઈડ ૧૩, ૧૪ અને ૧૫ પહેલાની Android ઓપરેટિંગ સિસ્ટમમાં ઘણી ખામીઓ જોવા મળી છે. જેનો અર્થ એ છે કે જૂના એન્ડ્રોઈડ વર્ઝનનો ઉપયોગ કરતા યૂઝર્સનો ડેટા સુરક્ષિત નથી. આ અંગેની માહિતી CERT-Inની અધિકૃત વેબસાઈટ પર Vulnerability NOe CIVN-2025-0077માં આપવામાં આવી છે. જે મુજબ, ખામીઓને કારણે હેકર્સ ફોનમાં હાજર પર્સનલ ડેટાની ચોરી કરી શકે છે. એટલું જ નહીં તેના કારણે એન્ડ્રોઈડ સિસ્ટમ પણ યોગ્ય રીતે કામ કરતી નથી. આ ખામીઓ Android ઈકોસિસ્ટમના વિવિધ કંપોનેટ્સ સાથે જોડાયેલી છે. આમાં સિસ્ટમ ફ્રેમવર્ક, Google Play સિસ્ટમ અપડેટ્સની સાથે ઓપરેટિંગ સિસ્ટમનો મુખ્ય ભાગ કર્નેલનો પણ સમાવેશ થાય છે. મીડિયાટેક, ક્વોલકોમ, આર્મ અને ઈમેજિનેશન ટેક્નોલોજીસ જેવા મુખ્ય હાર્ડવેર પ્રોવાઈડર્સના કેટલાક થર્ડ પાર્ટી કંપોનેંટ્સમાં પણ ખામીઓ જોવા મળી છે. આ ખામીઓનો લાભ લઈને સાયબર ગુનેગારો સરળતાથી ફોન સુધી ઉચ્ચ સ્તરીય એક્સેસ મેળવી શકે છે અને પાસવર્ડ અથવા નાણાકીય વિગતોની ચોરી કરી શકે છે. આ ખતરાને ટાળવા માટે તમારા ફોનને એન્ડ્રોઈડ વર્ઝન ૧૩, ૧૪ કે ૧૫ પર અપડેટ કરો.

## ૪૪ લાખ પગાર, છતાં માંડ-માંડ ચાલી રહ્યું છે બ્રિટનમાં ગુજરાન

### બ્રિટનમાં અભ્યાસ કરતા એક ભારતીય વિદ્યાર્થીએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ રેડિટ પર પોતાની જીવન કહાની શેર કરી

। (એજન્સી) લંડન, તા.૧૪ ।

દર વર્ષે લાખો ભારતીય યુવાઓ અમેરિકા અને બ્રિટન જેવા દેશોમાં મોટા સપનાઓ સાથે પહોંચે છે. તેઓને આશા હોય છે કે પ્રતિષ્ઠિત યુનિવર્સિટી અને કોલેજમાંથી ડિગ્રી મળ્યા બાદ તેમને મોટા પેકેજની નોકરી મળી જશે અને તેની લાઈફ સેટલ થઈ જશે. પરંતુ દરેકનું આ સપનું સાકાર થતું નથી. વિદ્યાર્થીઓને સંસ્કૃતિ, શિક્ષણનું દબાણ અને આર્થિક સમસ્યાઓ સહિત અનેક મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે. આ પછી પણ તેમને સારી નોકરી મળવાની ૧૦૦ ટકા ગેરંટી હોતી નથી. બ્રિટનમાં અભ્યાસ કરતા એક ભારતીય વિદ્યાર્થીએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ રેડિટ પર પોતાની કહાની શેર કરી છે, જેમાં તેણે જણાવ્યું કે વિદેશમાં જીવન વાસ્તવમાં કેવું હોય છે.

# USમાં ૩૦ દિવસથી વધુ સમયથી રહેતા વિદેશીઓ નોંધણી નહીં કરાવે તો સજા

। (માહિતી) વોશિંગ્ટન, તા.૧૪ ।

ડોનાલ્ડ ટ્રમ્પ વહીવટીતંત્ર હેઠળના હોમલેન્ડ સિક્યોરિટી ડિપાર્ટમેન્ટ (DHS)એ કડક વોર્નિંગ આપી છે કે ૩૦ દિવસથી વધુ સમય અમેરિકામાં રહેતા તમામ વિદેશી નાગરિકોએ સરકારમાં નોંધણી કરાવવાની રહેશે. આ આદેશનું પાલન કરવામાં નિષ્ફળ રહેતા વ્યક્તિને જંગી પેનલ્ટી, જેલની સજા કે કાયદેસર ઈમિગ્રેશન પર કાયમી પ્રતિબંધનો સામનો કરવો પડી શકે છે. સોશિયલ મીડિયામાં 'ગેરકાયદેસર વિદેશીઓને સંદેશ' ટાઈટલ સાથેની એક પોસ્ટમાં આ આદેશ જારી કરાયો છે. આ પોસ્ટ પ્રેસિડન્ટ ટ્રમ્પ અને DHS સેક્રેટરી ક્રિસી નોએમને ટેગ પણ કરાઈ હતી. ગેરકાયદે રહેતા વિદેશીઓને દેશ છોડી દેવા અને




સેલ્ફ ડિપોર્ટ થવાની વોર્નિંગ આપતા પોસ્ટમાં જણાવ્યું હતું કે ગેરકાયદે રહેવાથી ભારે દંડ અને કેદ થઈ શકે છે. આ આદેશ ગેરકાયદે રહેતા લોકો સામેની નવેસરથી કાર્યવાહીનો સંકેત આપે છે. ટુરિસ્ટ કે સ્ટુડન્ટ જેવા હંગામી વિઝા પર રહેતા લોકોએ પણ રજિસ્ટ્રેશન કરાવવું પડશે અને તેઓ નિષ્ફળ રહેશે તો કાર્યવાહી થશે. આ આદેશથી H-1 B અથવા વિદ્યાર્થી પરમિટ જેવા વિઝા પર રહેલા લોકોને સીધી અસર થશે નહીં, પરંતુ તે વિદેશી નાગરિકોને યોગ્ય પરવાનગી વગર અમેરિકામાં રહેવાથી રોકવા માટે કાયદાના કડક અમલીનો સંકેત આપે છે. જો H-1 B વિઝા પર રહેલા વ્યક્તિ નોકરી ગુમાવે છે, પરંતુ નિર્ધારિત સમયગાળામાં દેશમાં નીકળી જતાં નથી તો તેવા કિસ્સામાં તેમની સામે કાર્યવાહી થઈ શકે છે. તેથી વિદ્યાર્થીઓ અને H-1 B વિઝા ધારકોએ નિયમોનું પાલન કરવું પડશે.પોસ્ટમાં જણાવાયું છે કે સ્વ-દેશનિકાલ સલામત છે. તમારી પ્રસ્થાન ફ્લાઈટ પસંદ કરીને તમારી પોતાની શરતો પર દેશ છોડી દો. જો તમે બિન-ગુનેગાર ગેરકાયદેસર વિદેશી તરીકે સ્વ-દેશનિકાલ કરો છો, તો યુએસમાં કમાયેલા પૈસા સાથે રાખી શકો છો. સેલ્ફ ડિપોર્ટેશનથી ભવિષ્યમાં કાયદેસર ઈમિગ્રેશનની તક ખુલ્લી રહેશે. આવી રીતે દેશનિકાલ થતાં લોકોને જો પોસાય તેમ ન હોય તો સબસિડી સાથે ફ્લાઈટની સુવિધા પણ મળી શકે છે. સોશિયલ મીડિયામાં પોસ્ટમાં જણાયું છે કે ગેરકાયદેસર રીતે રહેતા વિદેશીઓને હોમલેન્ડ સિક્યુરિટી વિભાગ શોધી કાઢશે અને પછી તાત્કાલિક દેશનિકાલ કરશે. જો દેશમાંથી કાઢી મૂકવાનો આદેશ મળ્યા પછી પણ દેશમાં રહ્યાં તો દૈનિક ૯૯૮ ડોલરનો દંડ થશે. જો સેલ્ફ ડિપોર્ટેશનની તૈયારી દર્શાવ્યા પછી પણ દેશમાં રહેશે તો ૧,૦૦૦થી ૫,૦૦૦ ડોલર સુધીનો દંડ થશે. જો તમે સ્વ-દેશનિકાલ કરવામાં નિષ્ફળ જાઓ છો, તો તમને જેલની સજા થઈ શકે છે.

## રેસિપ્રોકલ ટેરિફ ખતમ કરવાની ટ્રમ્પને કરી અપીલ

। (એજન્સી) વોશિંગ્ટન, તા.૧૪ ।

ચીનના વાણિજ્ય મંત્રાલયે રવિવારે (૧૩ એપ્રિલ, ૨૦૨૫) અમેરિકાને પારસ્પરિક (રેસિપ્રોકલ) ટેરિફને સંપૂર્ણપણે રદ કરવાની અપીલ કરી છે. અગાઉ, રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે સ્માર્ટફોન, લેપટોપ જેવા અન્ય ઈલેક્ટ્રોનિક્સ ઉત્પાદનો માટે છૂટ આપી હતી. ન્યૂઝ એજન્સી AFPએ મંત્રાલયના પ્રવક્તાના હવાલાથી કહ્યું હતું કે, 'અમે અમેરિકાને આગ્રહ કરીએ છીએ કે તેઓ પોતાની ભૂલો સુધારવા માટે એક મોટું પગલું ભરે, રેસિપ્રોકલ ટેરિફની ખોટી પ્રથાને સંપૂર્ણ રીતે રદ કરે અને એકબીજાના સન્માનના સાચા રસ્તા પર પરત ફરે.' અમેરિકન રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા લાદવામાં આવેલા ટેરિફ કારણે ચીનની આર્થિક સ્થિતિ ખરાબ થઈ રહી છે. ચીનના મોટા મોટા અર્થશાસ્ત્રીઓ પણ આ વાતને લઈને ચિંતામાં છે કે આવનારા સમયમાં દેશની સ્થિતિ શું હશે. સૌથી મહત્ત્વની વાત એ છે કે, અમેરિકાએ ચીનની વિદેશી સંપત્તિ જપ્ત કરી લીધી તો ચીનની હાલત રશિયા જેવી થઈ જશે. સાઉથ ચીનના પોસ્ટના એક રિપોર્ટ પ્રમાણે ચીનના એક વરિષ્ટ અર્થશાસ્ત્રી અને પૂર્વ સેન્ટ્રલ બેંકના સલાહકાર યુ યોંગડિંગની અમેરિકા સાથે વધતાં વેપાર યુદ્ધ વચ્ચે ચીનની વિદેશી સંપત્તિની સલામતી અંગે ગંભીર ચિંતા વ્યક્ત કરી છે. તેમણે ચીની અધિકારીઓને સતર્ક રહેવા અને સંભવિત નુકસાનને ઓછું કરવા માટે જરૂરી તૈયારીઓ કરવાની સલાહ આપી છે. યુ યોંગડિંગના બેઈજિંગમાં આયોજિત એક કાર્યક્રમમાં કહ્યું કે, 'અમેરિકા ડૉલરને હથિયાર બનાવી શકે છે. ટ્રેડ વોર તીવ્ર બની રહ્યો છે, મને ડર છે કે, સંઘર્ષ ચીનની વિદેશી સંપત્તિઓ સુધી પહોંચી શકે છે. ચીન પાસે ૨૦૨૪ના અંત સુધીમાં ૧૦.૨ ટ્રિલિયન ડૉલરની વિદેશી સંપત્તિ હોવાની અપેક્ષા હતી.

## વિશેષ

### જે વિદ્યાર્થી માતા-પિતા, સમાજ અને દેશની અપેક્ષાઓ પૂર્ણ કરે છે તે જ સફળ છે : આચાર્ય દેવવ્રતજી

# વિદ્યાની પ્રાપ્તિનો સાચો ઉદ્દેશ મુક્તિ છે 'સા વિદ્યા યા વિમુક્તયે' એ ભારતીય વિદ્યા પરંપરાનું પરમ ધ્યેય છે : રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજી

। (માહિતી) ગાંધીનગર ।

રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીની અધ્યક્ષતામાં આજે ડૉ. બાબાસાહેબ આંબેડકરની જન્મજયંતિએ ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના દસમા દીક્ષાંત સમારોહનું ભવ્ય અને ગરિમાપૂર્ણ આયોજન કરવામાં આવ્યું હતું. રાજ્યપાલશ્રીએ પોતાના પ્રેરણાદાયી સંબોધનમાં વિદ્યાર્થીઓને શિક્ષાની સાથે સાથે આત્મિક વિકાસ તરફ પણ પ્રયાણ કરવા સંદેશ આપ્યો હતો. રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ ડૉ. બાબાસાહેબ આંબેડકરના જીવન અને કાર્યોને યાદ કરતાં કહ્યું કે, તેઓ ભારતના ઈતિહાસના આઝાદીકાળના એક એવા મહાપુરુષ હતા જેમણે સમાજમાં ફેલાયેલા કુરિવાજો અને નાતજાતના ભેદભાવ સામે એક આંદોલન શરૂ કર્યું હતું. દરેક વ્યક્તિ સમાન રીતે આગળ વધે તેવું તેમનું ચિંતન હતું. જો આપણે સૌ એકતા અને સમરસતાથી આગળ વધીશું, તો આપણો સમાજ અને દેશ નવી ઊંચાઈઓ હાંસલ કરી શકશે. તેમણે આ પ્રસંગે બાબાસાહેબની જન્મજયંતિનું સ્મરણ કરતાં એમના વિચારોને સૌ માટે પ્રેરણારૂપ ગણાવ્યાં હતાં. વિદ્યાર્થીઓને સંબોધતાં રાજ્યપાલશ્રીએ કહ્યું કે, પરિશ્રમ અને સમર્પણના પરિણામરૂપે તેઓ આજે પોતાની ડિગ્રી પ્રાપ્ત કરી રહ્યા છે. માતા-પિતા, સમાજ અને રાષ્ટ્રને વિદ્યાર્થીઓ પાસેથી અપેક્ષાઓ હોય છે. જે યુવાન આ ત્રણેયની ભાવનાઓનું સન્માન કરે છે, સમાજ અને રાષ્ટ્ર માટે પોતાનાં શિક્ષણ અને આવડતનો ઉપયોગ કરે છે તેને સફળ માનવામાં આવે છે. તેમણે કહ્યું કે સાચી શિક્ષા એ છે કે, જે માત્ર નોકરી માટે નહીં, પણ સમાજ માટે ઉપયોગી બને. તેમણે વૈદિક સંદર્ભ આપતાં કહ્યું કે, સા વિદ્યા યા વિમુક્તયે – સાચી વિદ્યા એ છે જે મુક્તિ તરફ લઈ જાય. આપણી ભારતીય વિદ્યા પરંપરાનું આ પરમ ધ્યેય છે. શ્રી આચાર્ય દેવવ્રતજીએ જણાવ્યું કે, આપણી સંસ્કૃતિ પરા (લૌકિક) અને અપરા (અલૌકિક) બંને વિદ્યા પ્રાપ્ત કરવાનું સૂચવે છે. આત્મા, પરમાત્મા, સંસાર સભ્યતા અને સંસ્કૃતિનું જ્ઞાન પ્રાપ્ત કરવુ એ શિક્ષણનો સાર છે. શારીરિક અને આત્મિક જીવન વચ્ચેનો તફાવત સમજાવતાં તેમણે કહ્યું કે, શારીરિક સુખસાધનો જીવનના ઉદ્દેશ્ય નહીં, પણ માત્ર સાધન છે. ભારતીય દર્શન ભૌતિક વિકાસનો વિરોધ કરતું નથી, પણ ભૌતિક સુખને અંતિમ લક્ષ્ય પણ માનતું નથી. ભૌતિક સુખ સાધન એ આત્મિક વિકાસ માટેનું પગથિયું હોવું જોઈએ.

રાજ્યપાલશ્રીએ વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી દ્વારા ઉજવાયેલા 'વિકસિત ભારત' અને 'આતમનિર્ભર ભારત' અભિયાનનો ઉલ્લેખ કરતાં યુવાનોએ આ દિશામાં પોતાની ભૂમિકા ભજવવાની અપીલ કરી.

રાજ્યપાલશ્રીએ 'વસુધૈવ કુટુંબકમ્' ની ભાવનાનો ઉલ્લેખ કરતાં જણાવ્યું કે, જ્યારે આપણું કુટુંબ મજબૂત હોય, ત્યારે જ આપણે સમગ્ર વિશ્વને પણ કુટુંબરૂપે જોઈ શકીએ. તેમણે વિશ્વાસ વ્યક્ત કર્યો કે ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી આ પરંપરાને મજબૂત બનાવી એક શક્તિશાળી ભારતના નિર્માણમાં મહત્ત્વની ભૂમિકા ભજવી રહી છે. રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજીએ કહ્યું હતું કે, આજનો દીક્ષાંત સમારંભ માત્ર ઔપચારિકતા નહોતો, પરંતુ આ સમારોહમાં સત્સંગ જેવી પવિત્રતા અને ઊંડાણ હતું. તેમણે કહ્યું કે, મંચ પરથી જે વક્તવ્યો અપાયાં, એ ભાષણ નહોતાં, પરંતુ સંતોના પ્રવચન સમાન, જ્ઞાનથી ભરપૂર અને આત્માને સ્પર્શ કરતાં લાગ્યાં.

શ્રી આચાર્ય દેવવ્રતજીએ યુનિવર્સિટીના કુલપતિ ડૉ. અમી ઉપાધ્યાય અને તેમની ટીમને છેલ્લા વર્ષો દરમિયાન યુનિવર્સિટીએ મેળવેલી સિદ્ધિઓ માટે અભિનંદન આપ્યાં અને યુનિવર્સિટીની પરિવારભાવનાથી આગળ વધવાની ભાવનાને ખાસ વખાણી હતી. તેમણે ઉમેર્યું કે, યુનિવર્સિટી સતત પ્રગતિની દિશામાં આગળ વધી રહી છે.

આ પ્રસંગે ઉચ્ચ અને ટેકનિકલ શિક્ષણ મંત્રી શ્રી ઋષિકેશભાઈ પટેલે જણાવ્યું હતું કે, આજે ડો. બાબાસાહેબ આંબેડકર યુનિવર્સિટીના દસમાં વાર્ષિક પદવીદાન સમારંભમાં નાના બાળકોને આમંત્રિત કર્યા છે, તે સરાહનીય બાબત છે. આજે યુવાન વિદ્યાર્થીઓને પદવી મળવાની છે તે નિહાળીને નાના બાળકોને પ્રોત્સાહન પ્રાપ્ત થશે. મંત્રી શ્રી ઋષિકેશભાઈ પટેલે જ્ઞાન અને માહિતી વચ્ચેનો ભેદ સમજાવતાં કહ્યું હતું કે, જ્ઞાન અને માહિતી વચ્ચે પાતળી ભેદરેખા છે, શિક્ષણ દ્વારા પ્રાપ્ત થાય તે માહિતી છે અને આ માહિતીનો સમાજ તથા લોક કલ્યાણ માટે ઉપયોગ થાય તેને જ્ઞાન કહેવાય છે. મંત્રી શ્રી ઋષિકેશ પટેલે રેડિયો અને આજની ટેકનોલોજીની વાત કરતાં જણાવ્યું હતું કે, રેડિયોને લોકો સુધી પહોંચતા ૧૫ વર્ષ થયા હતા પરંતુ આજની ટેકનોલોજી ગણતરીના દિવસોમાં કરોડો લોકો સુધી પહોંચી શકે છે. આજે વિજ્ઞાન, સાહિત્ય અને અધ્યાત્મિક જ્ઞાનનો વિકાસ થયો છે. ડિગ્રી એ માત્ર અર્થોપાર્જન માટે જ નથી. ડિગ્રીનો ઉપયોગ સમાજ અને રાષ્ટ્રના વિકાસ માટે કરવો જોઈએ. મંત્રીશ્રીએ વિદ્યાર્થીઓને સમયનું મહત્વ સમજાવતાં જણાવ્યું હતું કે, જીવનમાં પ્રગતિ કરવા માટે સમયનો બાધ ન રાખવો જોઈએ, સતત પરિશ્રમ થકી ધારેલા કાર્યો સાર્થક કરી શકાય છે. જેથી ઘડિયાળના ટકોરે કાર્ય ન કરવું જોઈએ. કોઈપણ ધ્યેયને પ્રાપ્ત કરવા સતત કાર્યશીલ રહેવુ જોઈએ. મંત્રીશ્રીએ વધુમાં કહ્યું હતું કે, આજે આપ સૌએ વિવિધ વિષયોમાં પદવી પ્રાપ્ત કરી છે અને આવનારા સમયમાં વિવિધ ક્ષેત્રમાં કાર્યરત થશો, ત્યારે આપણી જવાબદારી સમજી પરિવાર, સમાજ અને રાષ્ટ્રહિત માટે કાર્યરત થઈએ અને વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના વિકસિત ભારત @2047માં યોગદાન આપીએ.

# મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ડો. ભીમરાવ આંબેડકરની ૧૩૪મી જન્મજયંતિ નિમિત્તે અમદાવાદમાં નગરયાત્રાને પ્રસ્થાન કરાવ્યું





મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ડૉ. ભીમરાવ આંબેડકરની ૧૩૪મી જન્મજયંતિ નિમિત્તે અમદાવાદમાં નગરયાત્રાને પ્રસ્થાન કરાવ્યું હતું. રખિયાલ વિસ્તારમાં ડૉ. આંબેડકર ગૌરવ નગર યાત્રા મહોત્સવ સમિતિ દ્વારા આયોજિત આ નગરયાત્રાને મુખ્યમંત્રીએ મંચ પરથી ફ્લેગ ઓફ કરાવી હતી. મુખ્યમંત્રીએ ડોક્ટર બી. આર. આંબેડકરજીની છબીને પુષ્પાંજલિ અર્પણ કરીને ભારતના બંધારણના ઘડવૈયા અને ભારતરત્ન એવા મહાપુરુષને શ્રદ્ધાસુમન અર્પણ કર્યા હતા. મુખ્યમંત્રીએ નગરયાત્રામાં સામેલ નાગરિક બંધુઓ, ટેબલો પ્રસ્તુતકર્તા યુવાનો અને વિવિધ વેશભૂષામાં સજ્જ ભૂલકાઓનું અભિવાદન ઝીલ્યું હતું. આ અવસરે શહેરના મેયર પ્રતિભાબહેન જૈન, ધારાસભ્ય અમિતભાઈ શાહ, દિનેશ કુશવાહા, સાંસદ દિનેશ મકવાણા, ભારતીય જનતા પાર્ટીના પ્રદેશ ઉપાધ્યક્ષ ગોરધન ઝડફિયા સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતાં.

## ન્યૂઝ બ્રિફ

### રાજકોટમાં આંબેડકર જયંતીની રેલીમાં પોલીસ-લોકો વચ્ચે ઘર્ષણ



। (એજન્સી) રાજકોટ, તા.૧૪ ।

આજે રાજ્યભરમાં ડૉ. બાબા સાહેબ આંબેડકરની ૧૩૪મી જન્મ જયંતીની ઉજવણી થઈ રહી છે. ત્યારે રાજકોટ શહેરમાં દલિત સમાજ દ્વારા બાઈક રેલી યોજવામાં આવી હતી. આ દરમિયાન શહેરના જિલ્લા પંચાયત ચોક પાસે બાઈક ઉપર સ્ટન્ટ કરતાં યુવકોને પોલીસ દ્વારા અટકાવવામાં આવ્યા હતા જેના લીધે પોલીસ અને લોકો વચ્ચે બોલાચાલી થઈ હતી અને ઘર્ષણા દ્રશ્યો સર્જાયા હતા. યુવકોએ રસ્તા પર બેસી જઈને વિરોધ વ્યક્ત કરતાં આક્ષેપ કર્યો હતો કે રેલી દરમિયાન પોલીસે બાઈક પર દંડા માર્યા હતા. મામલો બિચકતાં ડીસીપી, એસીપી સહિતના અધિકારીઓ ઘટનાસ્થળે પહોંચી ગયા હતા. જિલ્લા પંચાયત ચોકમાં બબાલ થતાં પોલીસના ધાડેધાડા ઉતારી દેવામાં આવ્યા હતા અને રાજકોટની શાંતિ ડહોળાઈ નહી તે માટે પ્રયત્નો હાથ ધરવામાં આવ્યા હતા. જોકે ઉચ્ચ અધિકારીઓએ સમગ્ર મામલાને શાંત પાડતાં રેલી ફરી આગળ વધી હતી.

### સર્વિસ પ્રોવાઈડર કંપનીએ ખોદેલા ખાડા લોકો માટે આફતરૂપ બન્યા

। (એજન્સી) સુરત, તા.૧૪ ।

સુરતપાલિકા વિસ્તારમાં વિવિધ સર્વિસ પ્રોવાઈડર કંપની દ્વારા કોઈ પણ જાતની સલામતી વિના આડેધડ ખોદાણ થઈ રહ્યું છે. આ પહેલા વરાછાના પુણા વિસ્તારમાં સર્વિસ પ્રોવાઈડર કંપની દ્વારા ખોદાણ કરવામાં આવ્યું હતું. ત્યાર બાદ હવે શહેરના વિવિધ વિસ્તારોમાં પણ સર્વિસ પ્રોવાઈડર કંપની દ્વારા આડેધડ ખાડા ખોદી વાહન ચાલકો માટે આફત ઉભી કરવામાં આવી રહી છે. પાલિકા દ્વારા કોઈ પગલાં ભરવામાં આવતા ન હોવાથી આ સમસ્યા દિવસેને દિવસે વકરી રહી છે. સુરતમાં અમરોલી-વરિયાવ રોડ પર સ્ટ્રોમ ડ્રેનેજમાં બે વર્ષના કેદારનું મોત બાદ તંત્ર અને શાસકોએ શહેરમા જોખમી ડ્રેનેજના ઢાંકણ શોધવા માટે આદેશ આપ્યો હતો. પરંતુ પાલિકા વિસ્તારમાં વિવિધ સર્વિસ આપતી સર્વિસ પ્રોવાઈડર કંપની દ્વારા સલામતી વિના ખાડા ખોદવામાં આવતા હોવાની ગંભીર ફરિયાદ બહાર આવી છે.

### ડુંગળીનો ભાવ ઘટવોએ જનતા માટે રાહતના સમાચાર

## મહુવા માર્કેટિંગ યાર્ડમાં સફેદ ડુંગળીના ભાવમાં સતત ઘટાડો

### આ પરિસ્થિતિને ધ્યાનમાં દોરતા ભાવનગર ખેડૂતો દ્વારા એક સંમેલનની યોજના કરવામાં આવશે

। (એજન્સી) ભાવનગર, તા.૧૪ ।

ડુંગળીનો ભાવ ઘટવોએ જનતા માટે રાહતના સમાચાર છે, પરંતુ ખેડૂતો માટે ડુંગળીનો ભાવ ઘટવોએ ચિંતાનો વિષય બની ગયો છે. વાત એમ છે કે, ભાવનગરના જિલ્લાના મહુવા માર્કેટિંગ યાર્ડમાં સફેદ ડુંગળીના ભાવમાં સતત ઘટાડો થઈ રહ્યો છે. આ ભાવ ઘટાડાથી ખેડૂતો મુશ્કેલીમાં મુકાયા છે. જો કે, આ પરિસ્થિતિને ધ્યાનમાં દોરતા ભાવનગર જિલ્લાના મહુવા માર્કેટિંગ યાર્ડમાં ખેડૂતો દ્વારા એક સંમેલનની યોજના કરવામાં આવશે. ખેડૂત કલ્યાણ સંગઠન દ્વારા મંગળવારના રોજ એટલે કે, ૧૫ એપ્રિલના રોજ એક સંમેલન યોજાવાનું છે. જણાવી દઈએ કે, આ સંમેલનમાં ભાવનગર, જુનાગઢ, અમરેલી સહિતના અલગ-અલગ જિલ્લાઓના ખેડૂતો અને આગેવાનો તેમની હાજરી આપવાના છે. સફેદ ડુંગળીના ભાવમાં થયેલ ઘટાડાથી ખેડૂતોની સ્થિતિ બેહાલ બની છે અને આ સમસ્યાનો નિવાડો લાવવા જ તેઓ મંગળવારે સંમેલનમાં એકઠા થવાના છે. ખેડૂત કલ્યાણ સંગઠનના પ્રદેશ પ્રમુખ ભરતસિંહે જણાવ્યું છે કે, છેલ્લા ૨ મહિનાથી સફેદ ડુંગળીના ભાવમાં ઘટાડો થઈ રહ્યો છે. હાલની વાત કરીએ તો, છેલ્લા આઠેક દિવસમાં ડુંગળીના ભાવ ૫૦ થી ૧૦૦ રૂપિયા જેટલા ઘટયા છે. બીજું કે, જ્યારે યાર્ડમાં કોઈ કાર્યક્રમ હોય ત્યારે ડુંગળીના ભાવમાં વધારો થાય છે. હવે આવું કેમ થાય છે અને શા માટે ભાવમાં ઘટાડો થઈ રહ્યો છે તે જાણવું જરૂરી છે.

### તૈયારીઓનો થયો પ્રારંભ

## ૨૯ જૂને ભગવાન જગન્નાથની ૧૪૮મી રથયાત્રા નીકળશે

### ત્રિવેદી પરિવારની બહેનો દીકરીઓએ નક્કી કર્યું આ વર્ષે ક્યારેક કોઈએ ના કર્યું હોય તેવું હટકે મામેરું અમે કરીશું

। (એજન્સી) અમદાવાદ, તા.૧૪ ।

આગામી ૨૯ જૂન ૨૦૨૫ના રોજ અષાઢી બીજના દિવસે ભગવાન જગન્નાથની ૧૪૮મી રથયાત્રા અમદાવાદમાં નીકળવાની છે. ત્યારે રથયાત્રાની તૈયારીનો પ્રારંભ થઈ ગયો છે. ત્યારે ચાલુ વર્ષે સરસપુર ખાતે ભગવાનના મોસાળમાં મામેરાના યજમાન તરીકે વાસણા વિસ્તારમાં રહેતા જાગૃતિબેન મનીષભાઈ ત્રિવેદીને લાભ મળ્યો છે. છેલ્લા ૯ વર્ષથી રાહ જોતા હતા તે પળ અમારા ભાગ્યમાં આવીઃ મનીષ ત્રિવેદી મામેરાના યજમાન એવા મનીષભાઈ ત્રિવેદીએ જણાવ્યું હતું કે સરસપુર ખાતે દર વર્ષે જે મામેરાનું આયોજન કરવામાં આવતું હોય છે, તેના કરતાં અલગ રીતે જ મામેરાનું આયોજન કરવામાં આવશે. છેલ્લા ૯ વર્ષથી રાહ જોતા હતા તે પળ અમારા ભાગ્યમાં આવી છે. સારામાં સારું મામેરું કરીશું એવી ભાવના છે. અમારા ત્યાં કથા હતી અને રામજીની પોથીમાં અમને સમાચાર મળ્યા કે મામેરાના ડ્રોમાં અમારું નામ ખુલ્યું છે, ત્યારે મારી આંખમાં હર્ષના આંસુ આવી ગયા હતા. ૧ કલાક અમારા આંસુ રોકાયા નહોતા. ત્રિવેદી પરિવારની બહેનો દીકરીઓએ નક્કી કર્યું આ વર્ષે ક્યારેક કોઈએ ના કર્યું હોય તેવું હટકે મામેરું અમે કરીશું. આવતીકાલ ૧૫ એપ્રિલથી મામેરાની તૈયારી શરૂ કરીશું. મારા બે બહેનો છે અને મારી એક બહેનનો ભાણિયો છે. ૯ વર્ષ પહેલા અમે સરસપુર દર્શન કરવા આવ્યા, ત્યારે મામેરુ કરવા અંગેનો અમને ભાવ થયો હતો.

### સિવિલ હોસ્પિટલ અમદાવાદના તમામ નોન એસી વોર્ડમાં કુલર મુકવામાં આવ્યાં

## ઉનાળાની ગરમીમાંસિવિલ હોસ્પિટલ અમદાવાદમાં આવતા દર્દીઓ માટે રાહતના સમાચાર

### સિવિલ હોસ્પિટલ અમદાવાદ દ્વારા હોસ્પિટલના તમામ વોર્ડમાં કુલર લગાવી દર્દીઓને ગરમીમાં રાહત આપવા માટે કરવામાં આવી છે વ્યવસ્થા : સિવિલ સુપ્રિન્ટેન્ડેન્ટ ડો. રાકેશ જોષી



। અમદાવાદ, તા.૧૪ ।

ઉનાળાની ગરમીમાં સિવિલ હોસ્પિટલ અમદાવાદ માં આવતા દર્દીઓ માટે રાહતના સમાચાર છે. ઉનાળાની તીવ્ર ગરમીમાં રાહત આપવા માટે હોસ્પિટલે તમામ નોનએસી વોર્ડમાં એરકુલરની વ્યવસ્થા કરી છે. આ તમામ વોર્ડ માં કુલર્સને મોટા ભાગના બેડ એરિયાને આવરી લે તે રીતે મૂકવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે. આ વ્યવસ્થા ખાસ કરીને વૃદ્ધો, બાળકો, મહીલાઓ અને ગંભીર દર્દીઓ માટે વોર્ડ માં આરામદાયક અને આરોગ્યપ્રદ વાતાવરણ સુનિશ્ચિત કરશે. તેમણે જણાવ્યું હતું કે ભારે ગરમી ના કારણે પહેલાથી તકલીફ માં રહેલ દર્દીઓના સ્વસ્થ પર વધુ ખરાબ અસર ન થાય તે હેતુ થી આ વ્યવસ્થા કરવામાં આવી છે.

સિવિલ હોસ્પિટલ સુપ્રિટેન્ડેન્ટ ડૉ. રાકેશ જોષીએ જણાવ્યું હતું કે, આ તમામ કુલર્સમાં નિયમીત સ્વચ્છતા જળવાય અને સમયાંતરે તેમાં પાણી ભરવામાં આવે અને ગંદુ પાણી ખાલી કરી સફાઈ કરવામાં આવે તેની પણ ખાસ કાળજી લેવામાં આવી રહી છે. સિવિલ હોસ્પિટલ ખાતે અમે ફક્ત સારવાર જ નહીં, પરંતુ તમામ દર્દીઓ ને સાનુકુળ અને આરામદાયક વાતાવરણ મળી રહે અને તેમની ગુણવતાયુક્ત સંભાળ લેવાય તે માટે પ્રતિબદ્ધ છીએ.

### ટ્રેડવોર વચ્ચે Goldman Sachsની ભવિષ્યવાણી

## રૂપિયા ૧. ૩૦ લાખને પાર જશે ૧૦ ગ્રામ સોનાની કિંમત!

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૪ ।

વૈશ્વિક સ્તરે ટેરિફ અને ટ્રેડવૉરની અનિશ્ચિતતાઓના કારણે કિંમતી ધાતુની માગ સતત વધી છે. સોનાનો ભાવ રોજ નવી રેકોર્ડ ટોચ નોંધાવી રહ્યો છે. શનિવારે અમદાવાદમાં સોનું રૂ. ૯૬૫૦૦ પ્રતિ ૧૦ ગ્રામની ઐતિહાસિક ટોચે પહોંચ્યું હતું. વૈશ્વિક સ્તરે સ્પોટ ગોલ્ડ અને એમસીએક્સ ગોલ્ડ પણ સર્વોચ્ચ સપાટીએ પહોંચ્યું હતું. સોનામાં આકર્ષક તેજી વચ્ચે ગોલ્ડમેન સાસે રિપોર્ટ રજૂ કર્યો છે, જેમાં સોનાનો ભાવ વૈશ્વિક સ્તરે ૪૫૦૦ ડોલર પ્રતિ ઔંસ (રૂ. ૧,૩૬,૦૦૦ પ્રતિ ૧૦ ગ્રામ) થવાનો અંદાજ આપ્યો છે. ગોલ્ડમેન સાસના રિપોર્ટ અનુસાર, અમેરિકા અને ચીન વચ્ચે ચાલી રહેલા ટ્રેડવૉર અને મંદીના ભયના કારણે સોનાનો ભાવ ૨૦૨૫ના અંત સુધી ૪૫૦૦ ડોલર પ્રતિ ઔંસ થઈ શકે છે. અગાઉ તેણે ૩૭૦૦ ડોલર પ્રતિ ઔંસનો લક્ષ્યાંક આપ્યો હતો. ત્રીજી વખત ગોલ્ડમેન સાસે સોનાના લક્ષ્યાંક ભાવમાં વધારો કર્યો છે. અગાઉ માર્ચની શરૂઆતમાં ૩૩૦૦ ડોલર પ્રતિ ઔંસનો ટાર્ગેટ મૂક્યો હતો. અમદાવાદમાં આજે સોનાનો ભાવ તેની ઐતિહાસિક ટોચથી રૂ. ૫૦૦ ઘટી રૂ. ૯૬૦૦૦ પ્રતિ ૧૦ ગ્રામ પર ક્વોટ થયો હતો. જ્યારે ચાંદીનો ભાવ રૂ. ૧૦૦૦ ઉછળી રૂ. ૯૫૫૦૦ પ્રતિ કિગ્રા થયો હતો.

### રાહુલ ગાંધીનો નવો ગુજરાત કાર્યક્રમ જાહેર

## એક દિવસ અમદાવાદ અને બીજા દિવસે મોડાસામાં યોજાશે કાર્યક્રમ

। (એજન્સી) અમદાવાદ, તા.૧૪ ।

ગુજરાતમાં જિલ્લા પ્રમુખોની વરણી માટે ઓબ્ઝર્વરની નિમણૂક કર્યા આગામી ૧૫મી એપ્રિલે મોડાસામાં રાહુલ ગાંધીની અધ્યક્ષતામાં પ્રથમ બેઠક મળવાની હતી. પરંતુ આ કાર્યક્રમમાં ફેરફાર કરાયો છે. મોડાસામાં જે બે દિવસનો કાર્યક્રમ હતો તે હવે એક દિવસ યોજાશે. નવા કાર્યક્રમ મુજબ એક દિવસ અમદાવાદ અને બીજા દિવસે મોડાસામાં સંવાદ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. આવતીકાલે અમદાવાદમાં નિરીક્ષકો સાથે ઓરિએન્ટેશન બેઠક કરશે. ઉલ્લેખનીય છે કે આગામી ૨૦૨૭માં યોજાનારી ચૂંટણીમાં ભાજપને માત આપવાનો કોંગ્રેસે પડકાર ફેંક્યો છે. તાજેતરમાં ગુજરાતમાં યોજાયેલા રાષ્ટ્રીય અધિવેશન બાદ જે ઠરાવો કરવામાં આવ્યા છે તેના પર અમલ લાગૂ કરવાની કાર્યવાહી શરૂ કરી દેવામાં આવી છે. જેના ભાગરૂપે કોંગ્રેસે તાજેતરમાં ગુજરાતમાં જિલ્લા પ્રમુખોની વરણી માટે ઓબ્ઝર્વરની નિમણૂક કરવામાં આવી છે. ૪૧ પ્રમુખો નક્કી કરવા માટે AICCના ૫૦ અને PCCના ૧૮૩ નેતાઓને જવાબદારી સોંપવામાં આવી છે.

કોંગ્રેસ સાંસદ રાહુલ ગાંધીએ રાષ્ટ્રીય અધિવેશનમાં કહ્યું હતું કે તેલંગાણામાં જાતિ ગણતરી કરવા માટે અમે એક ક્રાંતિકારી પગલું ભર્યું છે.









## અમદાવાદના દાણીલીમડામાં પહેલી વાર બનશે ડોગ સ્મશાન

। (એજન્સી) અમદાવાદ, તા.૧૪ ।

સૌ પ્રથમ ડોગ સ્મશાન શહેરના દાણીલીમડા વિસ્તારમાં આવેલા કરુણા મંદિર ખાતે બનવા જઈ રહ્યું છે. મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા રૂ. ૩૦ લાખના ખર્ચે ઝદ્રવ્ય ડોગ સ્મશાન બનાવવામાં આવશે. શહેરમાં મૃત પામતા કુતરાઓને સ્મશાન ખાતે લાવી તેની અંતિમ ક્રિયા કરવામાં આવશે. આવશે આ સ્મશાનમાં સીએનજી ભઠ્ઠી હોવાના કારણે એક સાથે બે ડોગની અંતિમ ક્રિયા થઈ શકશે. જે નાગરિકો પોતાના મૃત પેટ ડોગના અંતિમ સંસ્કાર કરવા માંગશે તેઓ પણ અહીંયા અંતિમ સંસ્કાર કરી શકે તેવી વ્યવસ્થા ગોઠવવામાં આવશે. જેના માટે આગામી સમયમાં મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા નીતિ પણ નક્કી કરવામાં આવશે,બે વર્ષથી શહેરમાં ડોગ માટેનું સ્મશાન બનાવવા માટેની પ્રક્રિયા અંગે વિચારણા હાથ ધરવામાં આવી રહી હતી. શહેરથી દૂર ગ્યાસપુર નજીક ડોગ સ્મશાન બનાવવા માટેની પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી. જોકે ત્યારબાદ ડોગ સ્મશાન બનાવવા અંગે કોઈ નિર્ણય લેવામાં આવ્યો નહોતો. તાજેતરમાં જ મ્યુનિસિપલ કમિશનર બંછાનિધિ પાની દ્વારા દ્વારા ડોગ સ્મશાન બનાવવાની લઈને સુચના આપવામાં આવી હતી. જેના પગલે દાણીલીમડા ખાતે આવેલા કરુણા મંદિરમાં જ્યાં ડોગ રિહેબ સેન્ટર બનાવવામાં આવ્યું છે ત્યાં જ ડોગ સ્મશાન બનાવવા અંગેનો નિર્ણય લેવામાં આવ્યો હતો. ઝદ્રવ્ય ભઠ્ઠી વાળું ડોગ સ્મશાન બનાવવા માટેની પ્રક્રિયા શરૂ કરવામાં આવી છે જે અંતર્ગત ટેન્ડર પણ બહાર પાડવામાં આવ્યું છે. રૂ. ૩૦ લાખના ખર્ચે ડોગસ સ્મશાન બનાવવામાં આવશે જે માટેનું નવું અત્યાધુનિક સીએનજી ભઠ્ઠીવાળું મશીન ઊભું કરવામાં આવશે. ૮૦ કિલોની ક્ષમતા ધરાવતું અંતિમ ક્રિયા માટેનું મશીન બનાવવામાં આવશે એક સાથે બે ડોગની અંતિમ ક્રિયા થઈ શકશે. નાગરિકોને પોતાના પેટ ડોગ માટે ખૂબ જ લાગણી હોય છે. ઘરમાં પરિવારના સભ્ય તરીકે પેટ ડોગને રાખતા હોય છે ત્યારે તેની અંતિમ ક્રિયા હવે ખૂબ જ સન્માન સાથે થાય તેવી આખી વ્યવસ્થા ગોઠવવામાં આવશે. અત્યાર સુધીમાં ૫૦૦૦થી વધુ પેટ ડોગના રજીસ્ટ્રેશન થઈ ચૂક્યા છે. અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા પેટ ડોગના રજીસ્ટ્રેશન ની પ્રક્રિયા શરૂ કરવામાં આવી છે જેમાં અત્યાર સુધીમાં ૫૦૦૦થી વધુ પેટ ડોગના રજીસ્ટ્રેશન થઈ ચૂક્યા છે.

### હેલ્મેટ પ્રજાને શહેર વિસ્તારમાં આરોગ્યને માટે જોખમ રૂપ છે

## હેલ્મેટનો કાયદો રદ થવો જોઈએ : ભાજપ ના પૂર્વ ધારાસભ્યએ CMને લખ્યો પત્ર

### પ્રજાની સુરક્ષાની વાતો કરનારા વ્યક્તિ એ. સી. ચેમ્બરમાં બેસીને નિર્ણય લે છે, એકવાર જાત અનુભવ કરીને ગરમીમાં શહેરમાં ફરે તો ખ્યાલ આવે

। (એજન્સી) સુરત, તા.૧૪ ।



ગુજરાત સરકાર દ્વારા ટુ વ્હીલર ચાલકોને હેલ્મેટ પહેરવો ફરજિયાત પહેરવાનો આદેશ અપાયો છે. પરંતુ સુરતથી ભાજપના પૂર્વ ધારાસભ્ય ધીરુ ગજેરાએ રાજ્ય સરકાર સામે એવી માંગ કરી છે જે ચોંકાવનારી છે. તેમણે રાજ્યના શહેરી વિસ્તારોમાં હેલ્મેટ ફરજિયાત બનાવનાર કાયદો તાત્કાલિક અસરથી રદ કરવા માંગ કરી છે.

ભાજપના પૂર્વ ધારાસભ્ય ધીરુ ગજેરાએ મુખ્યમંત્રીને પત્ર લખીને માંગ કરી છે કે, 'જે હેલ્મેટ પ્રજાને શહેર વિસ્તારમાં આરોગ્યને માટે જોખમ રૂપ છે.

કારણ કે, શહેરમાં બપોરના સમયમાં ૪૦-૪૫ ડીગ્રીમાં ૩૦૦થી ૪૦૦ મીટરના સિગ્નલ પાસ કરવા પડે અને આ ગરમીમાં પ્રજા માટે જોખમ છે. કોઈપણ મગજના ડોક્ટરોનો અભિપ્રાય લો તો કહેશે શહેર વિસ્તારમાં હેલ્મેટ જોખમ છે. પ્રજાની સુરક્ષાની વાતો કરનારા વ્યક્તિ એ.સી. ચેમ્બરમાં બેસીને નિર્ણય લે છે, એકવાર જાત અનુભવ કરીને ગરમીમાં શહેરમાં ફરે તો ખ્યાલ આવે.

તેમણે પત્રમાં લખ્યું કે, 'પ્રજાને માટે હેલ્મેટ, ખાડાઓ, રસ્તાની સાઈડ પર કચરાના ઢગલાઓ અને ગટરનો ખ્યાલ આવે કે મધ્યમ અને ગરીબ વર્ગને કેટલી મુશ્કેલીનો સામનો કરવો પડે છે. પ્રજા હેલ્મેટમાં લૂંટાય છે અને ગરમીમાં પણ બીમારીનો ભોગ બને છે. જેથી મારી અપીલ છે કે આપ આ નિર્ણય માટે ફેરવિચાર કરીને શહેર વિસ્તારમાં હેલ્મેટમાંથી મુક્તિ આપો.' ઉલ્લેખનીય છે કે, બાઈક ચલાવતી વખતે હેલ્મેટ પહેર્યું હોય તો, તડકો, પવન અને ધૂળ સામે રક્ષણ આપે છે. લાંબી રાઈડ પર હેલ્મેટ સૂર્ય, વરસાદ અને શરદી જેવી કઠોર હવામાન પરિસ્થિતિઓથી તમારા ચહેરાને સુરક્ષિત કરી શકે છે. આ ઉપરાંત હેલ્મેટ પહેરવાથી ધોમધખતી ગરમીમાં બાઈક ચાલકો ઉપર પર પડતા સૂર્યના આકરા કિરણોથી પણ રક્ષણ મળે છે. અને લૂ પણ નથી લાગતી, જેના કારણે ડિહાઈડ્રેશન કે ચક્કર આવવા જેવી સ્થિતિ ટાળી શકાય છે. એકંદર હેલ્મેટ બાઈક ચાલકને રક્ષણ આપે છે.

હેલ્મેટ પહેરવાનો કાયદો રદ કરવાને બદલે પૂર્વ ધારાસભ્યએ બપોરના આકરા તાપ સમયે શહેના અતિ વ્યસ્ત રહેતા રસ્તાઓ પરની સગ્નલોને બોપરે ૧થી ૪ વાગ્યા સુધી બંધ રાખવાનું સુચન પણ કરી શકે, અથવા તો આવા ચાર રસ્તા પર ગ્રીન નેટ બાંધવાનું સુચન પણ કરી શકાય.